કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશો પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે.

વૃશ્ચિક : ન. ય.

તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. આ સારો સમય છે જે તમારી માટે સફળતા અને ખુશીઓ લાવશે, તેનું શ્રેય તમારા પરિવારના સભ્યોએ કરેલા પ્રયાસો તથા આપેલા સહકારને જાય છે.

ધન : ભ. ધ. ફ. ઢ.

એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા.

મકર : ખ. જ.

આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. સંબંધીઓ તમારી તરફ મદદનો હાથ લંબાવવા ઈચ્છુક હશે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

કુંભ : ગ. સ. શ. ષ.

તમારો હકારાત્મક દ્દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

મીન : દ. ચ. ઝ. થ.

તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો-તમારા મિત્રો સાથે વધુ સમય વિતાવો.

દંડ વસૂલ્યો

ભાવનગર રેલવે મંડળે 48 કલાકમાં પોતાનો જ રેકોર્ડ તોડ્યો, એક જ દિવસમાં 1,125 કેસ પકડી 12.07 લાખ રૂપિયાનો દંડ વસૂલ્યો



(એજન્સી) ભાવનગર | તા.06

પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળે ટિકિટ ચેકિંગ ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. 4 નવેમ્બર, 2026ના રોજ મંડળે માત્ર એક જ દિવસમાં નિયમભંગ અને વિના ટિકિટે મુસાફરી કરતાં 1,125 મુસાફરો સામે કાર્યવાહી કરી રૂ.12.07 લાખની રૅકોર્ડ આવક મેળવી છે. ભાવનગર મંડળના ઈતિહાસમાં એક દિવસમાં મેળવાયેલી આ અત્યાર સુધીની સર્વોચ્ચ ટિકિટ ચેકિંગ આવક છે.ભાવનગર મંડળે આ અભિયાન દરમિયાન માત્ર 48 કલાકમાં પોતાનો જ રૅકોર્ડ તોડી પાડ્યો છે. મંડળે અગાઉ 2 નવેમ્બર, 2026ના રોજ રૂ.11.61 લાખની આવક મેળવી રૅકોર્ડ બનાવ્યો હતો, જેને 4 નવેમ્બરે રૂ.12.07 લાખ વસૂલી પાછળ છોડી દીધો હતો. આ બંને દિવસોમાં કુલ 2,323 કેસ નોંધીને રેલવે પ્રશાસને કુલ રૂ.23.68 લાખની આવક મેળવી છે. આ સિદ્ધિ સાથે ભાવનગર મંડળે મે 2022માં 1 દિવસમાં મેળવેલા રૂ.9.50 લાખના પોતાના જૂના રૅકોર્ડને પણ નોંધપાત્ર અંતરથી પાછળ છોડી દીધો છે. રેલવે પ્રશાસન મુજબ, આ ઝુંબેશનો ઉદ્દેશ્ય માત્ર આવક વધારવાનો નથી, પરંતુ અનિયમિત અને વિના ટિકિટની મુસાફરી પર અંકુશ મેળવીને સાચા મુસાફરોને અસુવિધા ન થાય તે જોવાનો અને સૌને માન્ય ટિકિટ સાથે પ્રવાસ કરવા પ્રોત્સાહિત કરવાનો છે.

જૂના કેસની ફાઈલો ફંફોળતાં આરોપી સુધી પહોંચ્યા

જામનગર તાલુકાના નાની ખાવડી ગામમાંથી વીસ વર્ષ પહેલાં પોલીસને હાથતાળી આપતો પત્નીનો હત્યારો આરોપી બિહારમાંથી ઝડપાયો

(એજન્સી) જામનગર | તા.06

જામનગર તાલુકાના નાની ખાવડી ગામની સીમમાં વીસ વર્ષ પહેલાં પત્નીની હત્યા કરી ફરાર થઈ ગયેલો આરોપી આખરે પોલીસના હાથમાં આવ્યો છે. જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બિહારના રોહતાસ જિલ્લાના સાસારામમાંથી આરોપીને ઝડપી પાડી વર્ષોથી વણઉકેલાયેલા હત્યાના ગુનાનો ભેદ ઉકેલ્યો છે. હત્યા બાદ નામ અને ઓળખ બદલીને બિહારમાં વસવાટ કરી રહેલો આરોપી ત્યાં બાંધકામની ઓફિસમાં નોકરી કરતો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. બનાવની વિગત મુજબ, તા. 28 ફેબ્રુઆરી, 2007ના રોજ જામનગર તાલુકાના નાની ખાવડી ગામની સીમમાં પાયલ હોટલની ધાર પાસે રામભાઈ રબારીના મકાનમાં રહેતી રોશનબેન ઉર્ફે બિમલાદેવી શંકાસ્પદ સંજોગોમાં મૃત હાલતમાં મળી આવ્યાં હતાં.શરૂઆતમાં અકસ્માતે મોતની નોંધ કરી પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જેમાં ગળે ટૂંપો આપવાના કારણે ગૂંગળામણથી મૃત્યુ થયું હોવાનું બહાર આવ્યું હતું. આથી તા. 1 માર્ચ, 2007ના રોજ પંચ-બી ડિવિઝન પોલીસ મથકમાં હત્યાનો ગુનો નોંધાયો હતો.પોલીસ તપાસમાં મૃતક રોશનબેનની હત્યા તેમના જ પતિ અસલમ ઉર્ફે પપ્પુ મહમદ તાસ અન્સારીએ કરી હોવાનું ખુલ્યું હતું. જોકે, હત્યા બાદ આરોપી ઘર અને વતન છોડીને ફરાર થઈ ગયો હતો. લાંબા સમય સુધી શોધખોળ કરવા છતાં તેનો પત્તો નહીં મળતાં અદાલતમાંથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ 70 હેઠળ વોરંટ મેળવવામાં આવ્યું હતું. આ કેસમાં પાછળથી 'એ' સમરી પણ ભરવામાં આવી હતી.રાજકોટ રેન્જના આઈ.જી. નિર્લિપ્ત રાય અને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની દ્વારા વણશોધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવા તથા નાસતા-ફરતા આરોપીઓને પકડવા વિશેષ સૂચના આપવામાં આવી હતી. જેના અનુસંધાને એલસીબી પીઆઈ વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.વી. ભાટિયા અને તેમની ટીમે વીસ વર્ષ જૂના હત્યાના કેસની ફાઈલોનો ફરી અભ્યાસ કરી તપાસનો દોર આગળ વધાર્યો હતો.દરમિયાન એલસીબીના પોલીસ કર્મચારીઓ સુમિતભાઈ શિયાર, અજયભાઈ વિરડા અને ભયપાલસિંહ જાડેજાને ચોક્કસ બાતમી મળી હતી કે હત્યાના ગુનામાં વોન્ટેડ અસલમ ઉર્ફે પપ્પુ બિહારના રોહતાસ જિલ્લાના નાશરીગંજ તાલુકાના સાસારામ ટાઉનમાં ભવન નિર્માણની એક ઓફિસમાં નોકરી કરે છે અને નામ તથા ઓળખ બદલીને રહે છે.

ચોક્કસ બાતમીના આધારે પંચ-બી ડિવિઝન પોલીસ મથકના પીએસઆઈ એ.આર. પરમાર તથા એલસીબીની ટીમ બિહારના સાસારામ પહોંચી હતી. ત્યાં સ્થાનિક પોલીસની મદદ સાથે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે વોચ ગોઠવવામાં આવી હતી. આખરે મૂળ બિહારના રોહતાસ જિલ્લાના મોના ગામનો રહેવાસી અસલમ ઉર્ફે પપ્પુ મહમદ તાસ અન્સારી પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.વીસ વર્ષથી ફરાર આરોપીને જામનગર લાવવામાં આવ્યો છે. તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ પંચ-બી ડિવિઝન પોલીસને સોંપવામાં આવી છે. આમ, બે દાયકા જૂના હત્યાના ગુનામાં આરોપી સુધી પહોંચવામાં જામનગર એલસીબીની ટીમને સફળતા મળી છે.

નિવૃત એકાઉન્ટન્ટ સાથે છેતરપિંડી

બેંક ખાતામાંથી ઓનલાઈન ટ્રાંજેક્શન કરી રૂપિયા ૪.૭૫ લાખની છેતરપિંડી

(એજન્સી) રાજપીપલા | તા.06

નર્મદા જિલ્લા પંચાયત ના નિવૃત કર્મચારી. મણિલાલ. ભાણાભાઈ ના બેંક ખાતામાંથી મોબાઈલ હેક કરી લાખોનો ચૂનો ચોપડનાર ઈસમ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે.મણીલાલભાઈ તડવી એ આપેલી ફરિયાદ મુજબ ગઈ તા.૧૯/૧૦/૨૦૨૬ ના રોજ એક અજાણ્યા મો.નં પરથી ફરી.ના મોબાઈલ નંબર ઉપર ફોન કરી બેન્ક ઓફ બરોડા રાજપીપલાની બ્રાન્ચમાંથી બોલતા હોવાની ઓળખ આપી ફરી.ના બેન્ક ઓફ બરોડાના સેવીંગ ખાતામાંથી UPI થી પેમેન્ટ ઉપાડવા માટે રૂ.૫૦,૦૦૦/- થી વધારે કરી આપવાની વાત કરી ફરી.ને તેમના મોબાઈલ ફોનમાં નં.૧ દબાવવાનું કહી ફરી. નો મોબાઈલ ફોન હેક કરી તથા બીજા દિવસે તા.૨૦/૧૦/૨૦૨૬ ના રોજ એક અજાણ્યા મો.નં.૭૭૧૩૫૪૫૮૯૦ ઉપરથી ફરી.ના મોબાઈલ ફોન ઉપર ફોન કરી બેન્ક ઓફ બરોડા રાજપીપલાની બ્રાન્ચમાંથી બોલતા હોવાની ઓળખ આપી તમારું UPI થી પેમેન્ટ ઉપાડવા માટેની લીમીટ એક્ટીવ થઇ ગયેલ છે અને આ ચાલુ રાખવા માટે નં.૨ દબાવો તેવી વાત કરી ફરી.ના મોબાઈલમાં નં.૨ દબાવવાનું કહેતાં તેમના મોબાઈલ ફોનમાં ૨ નંબર દબાવતાં મોબાઈલ ફોન હેક કરી વિવિધ બેંકના ખાતા માંથી કિ.રૂ.૪,૭૫,૦૦૧/- રૂપિયા ટુકડે ટુકડે તા.૨૦/૧૦/૨૦૨૬ થી તા.૨૪/૧૦/૨૦૨૬ સુધી ૧૬ વખત ઉપર જણાવેલ મોબાઈલ નંબર તથા બેંક ખાતા ધારકો/વપરાશકર્તા આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા આ કામના ફરીયાદી ના વિવિધ ખાતામાંથી ઓનલાઈન ટ્રાંજેક્શન કરી છેતરપિંડી કરી મણિલાલભાઈ સાથે ઠગાઈ કરી ગુનો કરતા ગરૂડેશ્વર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જોડિયા તાલુકાના કેશિયા ગામના પાટિયા પાસેથી 45 ભેંસ-પાડાને ટ્રકમાં ક્રૂરતાપૂર્વક લઈ જવાતા પકડાયા



જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં કેશિયા ગામના પાટિયા પાસે પોલીસે 45 ભેંસ વર્ગનાં પશુઓને ટ્રકમાં ક્રૂરતાપૂર્વક લઈ જવામાં આવી રહ્યાં હોવાનો બનાવ ઝડપી પાડ્યો છે. જોકે પોલીસને જોઈ ટ્રકચાલક અને ક્લીનર નાસી છૂટ્યા હતા.જોડિયા પોલીસના કોન્સ્ટેબલ નિલેશભાઈ બાંભવાની ફરિયાદ મુજબ તા. 5 નવેમ્બરના વહેલી સવારે ચાર વાગ્યાના અરસામાં નેશનલ હાઈવે પર કેશિયા ગામના પાટિયા પાસે જીજે-10-ટીવી-6012 નંબરનો ટાટા ટ્રક પસાર થતો હતો. જેમાં કુલ 45 ભેંસ વર્ગનાં પશુઓને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં આવી રહ્યાં હતાં.ટ્રકમાં પશુઓને હલનચલન કરવા માટે પૂરતી જગ્યા આપવામાં આવી નહોતી તેમજ ઘાસચારા, નીરણ કે પાણીની કોઈ વ્યવસ્થા પણ કરવામાં આવી નહોતી. પશુઓને દુઃખ અને પીડા થાય તેવી રીતે ક્રૂરતાપૂર્વક ભરવામાં આવ્યાં હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે પશુ ક્રૂરતા નિવારણ ધારા હેઠળ ટ્રકચાલક, ક્લીનર તથા તપાસમાં ખુલે તેવા અન્ય શખ્સો સામે ગુનો નોંધ્યો છે. બંને આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

ગોહિલવાડમાં અંદાજે દોઢ કરોડથી વધુની લાઈટના વેચાણની સંભાવના

ભાવનગર : પ્રકાશના મહાપર્વ દિપોત્સવીના તહેવારની ઉજવણીનો પ્રારંભ થતા બજારોમાં દિવાળીની રોનક જામી રહી છે. ત્યારે આ તહેવારમાં ગૃહ સુશોભન અને સજાવટની ચીજ વસ્તુઓમાં લાઈટીંગનું આકર્ષણ ગત વર્ષોથી વધ્યુ છે. આ તહેવારમાં ગોહિલવાડમાં અંદાજે દોઢેક કરોડથી વધુની ડિઝાઈનીંગની લાઈટીંગના વેચાણની સંભાવના રહેલી છે.ગણેશ ઉત્સવ બાદ નવરાત્રિ મહોત્સવથી શહેરના શેલારશા અને રેલવે સ્ટેશન રોડ પરની લાઈટીંગની બજારમાં શરૂ થયેલી તેજી દિવાળીના તહેવાર સુધી યથાવત જોવા મળી રહી છે. રીટેઈલ વેપારીઓના જણાવ્યા અનુસાર છેલ્લા પખવાડીયામાં રંગબેરંગી બલ્બ, હેલોઝન, નાની મોટી લાઈટ, કલરીંગ લાઈટીંગ, ડિસ્કો લાઈટ, દિવા અને સ્વસ્તિકના આકારવાળા દીવા, પાણીમા તરતા દીવા, રંગીન દીવા, વગેરે ચીજવસ્તુઓની ડિમાન્ડ ખુબ વધુ પ્રમાણમાં રહી છે. ગણેશ ઉત્સવથી લાઈટીંગની બજારમાં કરંટ આવે છે જે દેવદિવાળી સુધી રહે છે. આ સીઝન દરમિયાન અંદાજે રૂા દોઢેક કરોડથી વધુની લાઈટના વેચાણની આશા છે. લાઈટીંગના ભાવમાં ગત વર્ષની સરખામણીએ રૂા ૫૦ થી શરૂ કરીને ડીઝાઈન અનુસાર અંદાજે ૩૦ ટકા જેવો વધારો થયો છે. બજારમાં ૧૦ ફૂટથી લઈને ૪૫૦ ફૂટ સુધીની રૂા ૫૦ થી લઈને ૧૫૦૦ સુધીની કિંમતની સીરીઝની ૭૦ થી વધુ વેરાયટીઓ તેમજ રૂા ૧૦૦ થી લઈને અંદાજે ૨૫ હજાર સુધીની લાઈટોનું વેચાણ થઈ રહ્યુ છે.

મહેસાણા અર્બન બેંકમાં લાગી લાઈનો

નવી નકોર ચલણી નોટોના બંડલ લેવા અર્બન બેંક બહાર લાઈનો લાગી, પૈસા પૂરા થઈ જતાં હોબાળો

(એજન્સી) મહેસાણા | તા.06

સામાન્ય નાગરિકોને ખરીદી અને વ્યવહાર માટે નાની નોટોની ખાસ જરૂરિયાત ઊભી થતી હોય છે.આ દરમિયાન મહેસાણા શહેરમાં અર્બન બેંકમાં સવારના સમયે બેંક ખૂલતાં જ મોટી સંખ્યામાં લોકોની ભીડ હાજર થઈ ગઈ હતી.દિવાળીના તહેવાર નિમિત્તે મહેસાણા શહેરમાં આવેલી મહેસાણા અર્બન બેંક ખાતે વહેલી સવારથી જ લોકોની ભારે ભીડ જોવા મળી હતી.બેંક ખૂલતાંની સાથે જ મોટી સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. રૂપિયા 10,20, 50 અને 100ની નવી ચલણી નોટોના બંડલ લેવા માટે લોકોની એક કિ.મી સુધી લાઈનો લાગી છે. તહેવારોમાં શુકન માટે કડક નવી નોટો આપવાની પરંપરા હોવાથી લોકો નવી નોટો લેવા માટે લાઈનોમાં ઉભા રહ્યાં છે.

દિવાળીના પાવન તહેવારોની શરૂઆત થતાં જ સામાન્ય નાગરિકોને ખરીદી અને વ્યવહાર માટે નાની નોટોની ખાસ જરૂરિયાત ઊભી થતી હોય છે.આ દરમિયાન મહેસાણા શહેરમાં અર્બન બેંકમાં સવારના સમયે બેંક ખૂલતાં જ મોટી સંખ્યામાં લોકોની ભીડ હાજર થઈ ગઈ હતી.લોકો રૂ.10,20, 50 અને 100ના દરની નોટોના બંડલ મેળવવા માટે બેંક પરિસરમાં પહોંચ્યા હતા.બેંકનો મુખ્ય દરવાજો ખૂલતાની સાથે જ લોકોની કતારો લાગવા માંડી હતી.થોડા જ સમયમાં બેંક આગળ લાગેલી આ લાઈનો એટલી લાંબી થઈ ગઈ હતી કે તે એક કિલોમીટર સુધી લંબાઈ ગઈ હતી.બેંકની અંદરથી શરૂ થયેલી લાઈનો બહાર મુખ્ય રોડ ઉપર સુધી પહોંચી ગઈ હતી.દૂર દૂર સુધી રસ્તા પર માત્ર લોકોની કતારો જ નજરે પડી રહી હતી. તહેવારના દિવસોમાં છૂટા પૈસાની ભારે માંગ રહેતી હોવાથી વહેલી તકે નવી અને નાની નોટો મેળવી લેવા માટે લોકો લાઈનમાં ઊભા રહી ગયા હતા.મોટી સંખ્યામાં એકત્ર થયેલી પબ્લિકના કારણે બેંક અને તેની આસપાસનો વિસ્તાર ધમધમી ઊઠ્યો હતો. 10,20, 50 અને 100ની ચલણી નોટો ઉપાડવા માટે આવેલા લોકો શાંતિપૂર્ણ રીતે કતારબદ્ધ ઊભા રહીને પોતાના વારાની રાહ જોતા જોવા મળ્યા હતા.

મહેસાણા અર્બન બેંક ખુલતાની સાથે જ તહેવારો નિમિત્તે 10 રૂપિયાની નોટોના બંડલ અને સિક્કાના રૂપમાં છૂટા પૈસા મેળવવાની ઘેલછામાં લોકોની એક-એક કિલોમીટર સુધી લાંબી લાઈનો મુખ્ય રોડ સુધી લાગી ગઈ હતી, જ્યાં બેંક દ્વારા 70 રીંગો સિક્કા અને 10-10 ની નોટોના 800 બંડલ આપ્યા બાદ રોકડ રકમ પતી જતાં ભારે હોબાળો મચ્યો હતો.

જિલ્લા .કલેક્ટર ગંગા સિંઘની અધ્યક્ષસ્થાને આયોજન માટે બેઠક યોજાઈ

નર્મદા જિલ્લા માં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી થશે

(એજન્સી) રાજપીપલા | તા.06

સમગ્ર રાજ્યની સાથે આગામી તા. ૧૫ નવેમ્બરના રોજ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા કક્ષાના કાર્યક્રમના સુચારૂ આયોજન અને વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરવા જિલ્લા કલેક્ટર ગંગા સિંઘના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ બેઠક દરમિયાન જિલ્લા કક્ષાએ વિવિધ સમિતિઓ અને સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવેલી કામગીરી અંગે વિગતવાર માહિતી આપવા માં આવી હતી. કાર્યક્રમ દરમિયાન પાર્કિંગ, ટ્રાફિક વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, પીવાનું પાણી, આરોગ્ય સેવાઓ સહિતની આવશ્યક સુવિધાઓ સુચારૂ રીતે ઉપલબ્ધ બને તે માટે કરવામાં આવેલા આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી.જિલ્લા કક્ષાએ રચવામાં આવેલી કુલ ૧૪ જેટલી સમિતિઓના કામગીરીના આયોજન અંગે જિલ્લા કલેક્ટરે



સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યાં હતાં. આ પ્રસંગે કલેક્ટર ગંગાસિંઘે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં નાંદોદ વિધાનસભા ક્ષેત્રનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલના કેમ્પસ ખાતે, જ્યારે દેડિયાપાડા વિધાનસભા ક્ષેત્રનો કાર્યક્રમ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે આવેલા નિવાલ્દા મેદાન ખાતે યોજાશે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં તા. ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન 'જનજાતીય ગૌરવ સપ્તાહ-૨૦૨૬'ની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૧૨ નવેમ્બરના રોજ જિલ્લા કક્ષાની પ્રેસ કોન્ફરન્સ, તા. ૧૩ નવેમ્બરના રોજ યુવા સંવાદ સંમેલન, તા. ૧૪ નવેમ્બરના રોજ સ્વચ્છતા અભિયાન અને દીપોત્સવ કાર્યક્રમ, તા. ૧૫ નવેમ્બરના રોજ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી, તા. ૧૬ નવેમ્બરના રોજ પ્રબુદ્ધ નાગરિક સંમેલન, તા. ૧૭ નવેમ્બરના રોજ પરંપરાગત ગ્રામીણ રમતોત્સવ અને તા. ૧૮ નવેમ્બરના રોજ મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવશે.આ તમામ કાર્યક્રમો જનજાતીય સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરા અને યોગદાનને ઉજાગર કરવાની સાથે જનભાગીદારીને પ્રોત્સાહન આપશે. આથી જિલ્લાના નાગરિકોને જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહભેર સહભાગી થવા જિલ્લા કલેક્ટરે અનુરોધ કર્યો હતો.

શ્રીનાથજી કોલોનીમાં નવા બની રહેલા મકાનને તસ્કરોનું નિશાન: વીજ વાયરના 32 બંડલની ચોરી, વેપારીને રૂપિયા એક લાખનું નુકસાન

(એજન્સી) જામનગર | તા.06

જામનગર શહેરની શ્રીનાથજી કોલોનીમાં નવા બની રહેલા મકાનને તસ્કરોએ નિશાન બનાવી વીજ વાયરના બંડલોની ચોરી કરી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.શહેરની હાથી કોલોની, સુમેર ક્લબ રોડ વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા રામજીભાઈ આંબાભાઈ ગઢિયાના નવા મકાનનું બાંધકામ શ્રીનાથજી કોલોનીની શેરી નંબર-1માં ચાલી રહ્યું છે. દરમિયાન તા. 5 નવેમ્બરના વહેલી સવારે 2થી 9 વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો તસ્કર મકાનમાં પ્રવેશ્યો હતો અને આર.આર. કંપનીના અલગ-અલગ માપના વીજ વાયરના 20 આખા બંડલ તથા 12 અડધા બંડલ મળી કુલ 32 બંડલની ચોરી કરી ગયો હતો. ચોરાયેલા વાયરની કિંમત અંદાજે રૂપિયા એક લાખ થવા જાય છે. આ અંગે રામજીભાઈ ગઢિયાની ફરિયાદના આધારે સીટી-એ ડિવિઝન પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

SBI બેંકમાં સેલેરી એકાઉન્ટ ધરાવતા ચાણસ્મા ડેપો ના ડ્રાયવર નું અકસ્માતમાં મોત થતાં બેંક દ્વારા 1 કરોડ નો સહાય ચેક અપાયો

| નિતીન ઠાકર | ચાણસ્મા



ચાણસ્મા એસ ટી ડેપો ખાતે.ડ્રાયવર ફરજ બજાવતા બેજ નં.૧૯૮ જશવંત સંગ ગાંડા જી ઠાકોર 30-11-25 ના રોજ ચાણસ્મા થી વાપી બસ લઈ જઈ રહ્યા હતા દરમિયાન વડોદરા એક્ષપ્રેસ હાઈવે પર ટ્રેલર સાથે અકસ્માતનો ભોગ બનતાં સારવાર દરમિયાન મોત થતાં અને મૃત્યુ પામેલા સ્વ. જશવંત સંગનું સેલેરી બેંક એક ાઉન્ટ હોવાથી એસબીઆઇ બેક ચાણસ્મા શાખા દ્વારા 1 કરોડની રકમનો સહાય ચેક ચાણસ્મા ડેપોના કર્મચારીઓની ઉપસ્થિતીમાં દિવંગત જસવંત સિહ ના ધર્મ પત્નીને એનાયત કરવામાં આવ્યો હતો છે ડેપો મેનેજર મનિષાબેન ચાવડા ડેપોના અગ્રણી નરેન્દ્રભાઈ પટેલ મહેસાણા એસટી ક્રેડીટ સોસાયટી ના ડિરેક્ટર અજ્ય ભાઈ બારોટ પૂર્વ ડિરેક્ટર દિનેશજી ઠાકોર જીતુભાઈ પટેલ મનિષભાઈ પટેલ રમેશભાઈ પ્રદિપભાઈ સહિત ડેપોના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

ભાવનગર એસ.ટી. સ્ટેન્ડમાં જનૂની શખ્સે મહિલાની ક્રુરતાપૂર્વક હત્યા કરી હતી

મહિલાને ૩૧ દિવસમાં ન્યાય : હત્યારા ફૈઝલને જીવે ત્યાં સુધી જેલવાસની સજા

(એજન્સી) ભાવનગર | તા.06

ભાવનગર એસ.ટી. બસ સ્ટેન્ડમાં એક માસ પૂર્વે જનૂની શખ્સે શૈતાનને પણ શરમાવે તેવી રીતે એક મહિલાની ક્રુરતાપૂર્વક હત્યા કર્યાની ચકચારી ઘટનામાં



ગુનાહિત માનસ ધરાવતા શખ્સને કોર્ટે જીવે ત્યાં સુધી જેલવાસ ભોગવવાની સજા ફટકારી મૃતક મહિલાને ૩૧ દિવસમાં જ ન્યાય અપાવ્યો હતો. આ ઐતિહાસિક ચુકાદામાં ભાવનગર પોલીસ અને ન્યાયપાલિકાની કાર્યવાહી અને કામગીરીને લોકોએ બિરદાવી હતી.મૂળ વરતેજનો વતની અને એસ.ટી. બસ સ્ટેન્ડની ફૂટપાથ પર રહેતો ફૈઝલ ઉર્ફે ખાટકી રફીકભાઈ લાખાણી નામનો શખ્સ જેલમાંથી બહાર આવ્યા બાદ ગત તા.૩-૯ના રોજ તેની સાથે રહેતા કાજલબેન દિલીપભાઈ બારૈયા નામની નિર્દોષ યુવતીને અન્ય સાથે સબંધ હોવાનો વહેમ રાખી ભાવનગર એસ.ટી. સ્ટેન્ડમાં ગત પબ્લિક એન્ટ્રી ગેટ પાસે ગયો હતો. અહીં ધોળા દિવસે હેવાન શખ્સે કાજલબેનને અત્યંત ક્રુરતાપૂર્વક ઢીકાપાટુંનો આડેધડ માર મારી, વાળ પકડીને દિવાલ અને ફ્લોરિંગ (ટાઈલ્સ) સાથે માથું ભડકાડી, માથું, ગળા અને પડખાના ભાગે પાટા મારી હત્યા કરી નાંખી હતી.ખૂનને અંજામ આપ્યા બાદ રાક્ષસી માનસ ધરાવતો શખ્સ નાસી ગયો હોય, નિલમબાગ પોલીસે મૃતકની માતાની ફરિયાદ નોંધી હતી. દરમિયાનમાં બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રેન્જ આઈજી રાજેન્દ્ર અસારીએ એસપી નિતેશ પાંડેયના સીધા માર્ગદર્શન અને ડિવાયએસપી આર.આર..સિંઘાલના સુપરવિઝન હેઠળ કેસની તપાસ અને ઝડપી ટ્રાયલ માટે નિલમબાગ પીઆઈ ડી.પી. ઉનડકટ અને અન્ય સ્ટાફ સાથે એસઆઈટીની રચના કરી હતી. સર્વેલન્સ ટીમને પણ જુદી-જુદી મહત્વની જવાબદારીઓ સોંપાઈ હતી. પોલીસે તપાસના અંતે મજબૂત અને સક્ષમ પુરાવાઓ એકત્રિત કરી માત્ર એક મહિનાની અંદર જ કોર્ટમાં મજબૂત ચાર્જશીટ રજૂ કરી હતી.

આ ગંભીર કેસમાં રાજ્ય સરકારે ભોગ બનનાર મહિલાને ઝડપી ન્યાય મળે તે માટે સ્પેશિયલ સરકારી વકીલ તરીકે અનુભવી ધારાશાસ્ત્રી ઉત્પલ દવેની નિમણૂક કરી હતી. સમગ્ર કેસ ભાવનગરના પ્રિન્સિપાલ સેશન્સ જજ રિઝવાનાબેન બુખારીની કોર્ટમાં ચાલી જતાં સ્પે. સરકારી વકીલ ઉત્પલ દવેની ધારદાર અને કાનૂની દલીલો, સાહેદો, પંચોની સચોટ જુબાની, ૫૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ ન્યાયમૂર્તિએ હત્યારા ફૈઝલ ઉર્ફે ખાટકી લાખાણીને જીનના અંતિમ શ્વાસ સુધીની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

પતિએ મોબાઈલ વાપરવા બાબતે ઠપકો આપતાં યુવતી ઘરેથી નીકળી ગઈ, વાડીના કૂવામાંથી મૃતદેહ મળ્યો

(એજન્સી) જામનગર | તા.06

કાલાવડ તાલુકાના મોટી નાગાજાર ગામની સીમમાં આવેલી એક વાડીના કૂવામાંથી 18 વર્ષીય પરિણીતા યુવતીનો મૃતદેહ મળી આવતાં ચકચાર જાગી છે. પતિએ મોબાઈલ ફોન વાપરવા બાબતે ઠપકો આપતાં યુવતી ઘરેથી નીકળી ગઈ હતી અને ત્યારબાદ વાડીના કૂવામાં પડી જવાથી તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.આ બનાવની વિગત એવી છે કે મધ્યપ્રદેશના જાંબુઆ જિલ્લાના રાણાપુર તાલુકાના માતાસુલા બડા ગામનો વતની અનીલભાઈ ચેનસિંહ હટીલા (ઉંમર વર્ષ 22) પોતાની 18 વર્ષીય પત્ની સાથે ખેતમજૂરી કરવા માટે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટી નાગાજાર ગામે આવ્યો હતો. બંને હાલ કાળુભાઈ બટુકભાઈ પટેલની વાડીમાં રહીને ખેતમજૂરી કરતા હતા.પોલીસમાં જાહેર થયેલી વિગતો મુજબ તા. 18 ઓક્ટોબરના રોજ સવારના આશરે સાતેક વાગ્યાથી તા. 4 નવેમ્બરના બપોરના આશરે ત્રણેક વાગ્યા દરમિયાન કોઈ સમયે પતિએ મોબાઈલ ફોન વાપરવા બાબતે પત્નીને ઠપકો આપ્યો હતો. આ બાબતનું મનમાં લાગી આવતાં યુવતી ઘરેથી નીકળી ગઈ હતી. ત્યારબાદ તે વાડીના કૂવામાં પડી જતાં તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર થયું છે.આ અંગે મૃતકના પતિ અનીલભાઈ ચેનસિંહ હટીલાએ કાલાવડ ગ્રામ્ય પોલીસને જાણ કરતાં પોલીસે તા. ૫ નવેમ્બરના રોજ અકસ્માતે મોત અંગે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 194 મુજબ નોંધ કરી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.વી. આંબલિયા દ્વારા બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

યુપીઆઈના મોટાભાગના લેવડ-દેવડ પ્રભાવિત નહીં થાય

'UPI હંમેશા ફ્રી રહેશે તેવું ક્યારેય કહ્યું જ નથી...', સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારની ચોખ્ખી વાત

(એજન્સી) નવી દિલ્હી | તા 06

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે, UPI પેમેન્ટ કાયમ માટે મફત રહેશે તેવું વેપારીઓને ક્યારેય આશ્વાસન અપાયું નહોતું. સરકારે 2000 થી વધુના કેટલાક UPI વ્યવહારો પર MDR વસૂલવાના પ્રસ્તાવને ટેકો આપ્યો છે. સરકારે સ્પષ્ટ કર્યું કે, મફત વ્યવહારો માટે 8730 કરોડની સબસિડી અપાઈ છે અને આ સુવિધા લાંબા ગાળે ટકાવી રાખવા માટે આર્થિક મોડેલ જરૂરી છે.



દેશમાં યુપીઆઈ (UPI) પેમેન્ટ હંમેશા માટે મફત રહેશે કે કેમ તે અંગે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં મોટો ખુલાસો કર્યો છે. સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ પોતાના જવાબમાં સ્પષ્ટ કર્યું છે કે વેપારીઓને ક્યારેય પણ 'શૂન્ય MDR' (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) ની કાયમી વ્યવસ્થા કે મફત લેવડ-દેવડનું કોઈ સત્તાવાર આશ્વાસન આપવામાં આવ્યું નહોતું. સાથે જ સરકારે 2000 રૂપિયાથી વધુના કેટલાક યુપીઆઈ લેવડ-દેવડ પર શુલ્ક (MDR) વસૂલવાના પ્રસ્તાવનું સમર્થન કર્યું છે.

વકીલ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિત અરજી (PIL) ના જવાબમાં કેન્દ્ર સરકારે સોગંદનામું રજૂ કર્યું છે. અરજીમાં MDR ની સંશોધિત વ્યવસ્થાને મૌલિક અધિકારોનું ઉલ્લંઘન ગણાવવામાં આવી હતી, જેને ફગાવતા સરકારે જણાવ્યું છે કે: કોઈ વાયદો નહોતો: વેપારીઓને સતત શૂન્ય MDR વ્યવસ્થા ચાલુ રાખવાનું કોઈ વિશેષ આશ્વાસન અપાયું નહોતું અને આ માટે અપાતી સબસિડી સરકારના વિવેક પર નિર્ભર હતી.મૌલિક અધિકારોનું ઉલ્લંઘન નથી: સરકારના જણાવ્યાનુસાર MDR ની સંશોધિત વ્યવસ્થા વેપારીઓના વ્યવસાય કરવાના અધિકાર પર કોઈ અયોગ્ય પ્રતિબંધ નથી મૂકતી. બંધારણ એ વાતની ગેરંટી નથી આપતું કે વેપાર સાથે જોડાયેલી સુવિધાઓ હંમેશા મફત જ મળશે. વેપારીઓ ગ્રાહકો પર બોજ ન નાખી શકે: કોઈ શુલ્ક લાગવાના કારણે વેપારીના નફામાં ઘટાડો થવો એ મૌલિક અધિકારોનું ઉલ્લંઘન નથી, અને વેપારીઓ MDR નો બોજ ગ્રાહકો પર પણ નાખી શકે નહીં.

સરકારે લેવડ-દેવડની રકમ અને વ્યવસાયિક શ્રેણીના આધારે અલગ વ્યવસ્થાને યોગ્ય ઠેરવતા જણાવ્યું છે કે: સામાન્ય રિટેલ લેવડ-દેવડ અને નાના વેપારીઓ પર વધારાનો બોજ ન પડે તે માટે 2000 રૂપિયા સુધીના P2M (પર્સનલ ટુ મર્ચન્ટ) લેવડ-દેવડ પર શૂન્ય MDR રાખવામાં આવ્યો છે. મોટા મૂલ્યના લેવડ-દેવડ પર મામૂલી શુલ્ક લગાવી શકાય છે, કારણ કે આવા વેપારીઓ આ શુલ્ક વહન કરવાની સારી સ્થિતિમાં હોય છે.RuPay ડેબિટ કાર્ડ અને UPI ની ટેક્નોલોજી તથા ખર્ચનું માળખું અલગ હોવાથી બંને સાથે અલગ વ્યવહાર કરાઈ રહ્યો છે. RuPay પર ઝીરો MDR રાખવાનો હેતુ સ્વદેશી કાર્ડ નેટવર્કને પ્રોત્સાહન આપવાનો છે. મફત ડિજિટલ પેમેન્ટની આર્થિક કિંમત વિશે વાત કરતા સરકારે જણાવ્યું કે શૂન્ય MDR વ્યવસ્થાથી પ્રોસેસિંગનો ખર્ચ ખતમ નથી થયો, પરંતુ તેનો નાણાકીય બોજ સરકાર પર આવ્યો છે. નાણાકીય વર્ષ 2021-22 થી 2024-25 વચ્ચે ઝીરો MDR લેવડ-દેવડ માટે હસ્તગત કરનારી બેન્કોને 8730 કરોડ રૂપિયા ના પ્રોત્સાહનો આપવામાં આવ્યા છે. ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને લાંબા સમય સુધી ટકાવી રાખવા, સાયબર સુરક્ષા મજબૂત કરવા અને ટેક્નોલોજીના વિકાસ માટે કાયમી નાણાકીય મોડેલ જરૂરી છે. સંશોધિત વ્યવસ્થાથી યુપીઆઈના મોટાભાગના લેવડ-દેવડ પ્રભાવિત નહીં થાય. આ શ્રેણીઓને શુલ્કમાંથી મુક્તિ રહેશે. વ્યક્તિથી વ્યક્તિ (P2P): રકમ ગમે તેટલી હોય, આના પર કોઈ MDR લાગશે નહીં. નાના વેપારીઓ: યુપીઆઈ QR કોડ દ્વારા દર મહિને 1 લાખ રૂપિયા સુધીની રકમ મેળવતા નાના વેપારીઓને પ્રસ્તાવિત શુલ્કમાંથી મુક્તિ મળશે.2000 રૂપિયા સુધીના P2M લેવડ-દેવડ પર શૂન્ય MDR યથાવત રહેશે.NPCI (નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) એ પણ પોતાના સોગંદનામામાં સ્પષ્ટ કર્યું છે કે આ સંશોધિત વ્યવસ્થાથી P2M લેવડ-દેવડના માત્ર એક નાના હિસ્સા પર જ અસર પડશે અને આશરે 96 ટકા લેવડ-દેવડ અપ્રભાવિત રહેશે.

અમેરિકાના શેરબજારમાં ઐતિહાસિક કડાકો, એક જ ઝાટકે 2.5 ટ્રિલિયન ડૉલરનું ધોવાણ

(એજન્સી) નવી દિલ્હી | તા 06

અમેરિકી શેર બજારમાં ગુરુવારે મોટો કડાકો જોવા મળ્યો છે, જેના કારણે મોટી ટેક કંપનીઓની માર્કેટ વેલ્યુમાંથી લાખો-કરોડો રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે. આ ઘટાડાની સૌથી વધુ અસર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સાથે જોડાયેલી કંપનીઓ પર પડી છે. નાસ્ડેક-100ની મોટી કંપનીઓના બજાર મૂલ્યમાંથી માત્ર એક જ દિવસમાં 2.5 ટ્રિલિયન ડોલર (ભારતીય રૂપિયામાં અંદાજે 236 લાખ કરોડ રૂપિયા) ઘટી ગયા છે.

અમેરિકામાં મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીએ મોટી જીત મેળવી છે. આ રાજકીય બદલાવ બાદ રોકાણકારોમાં એ વાતની ચિંતા વધી ગઈ છે કે નવી સરકાર AI કંપનીઓના કામકાજ પર વધુ કડક નજર રાખશે. ખાસ કરીને, AI સિસ્ટમ્સ ચલાવવા માટે હજારો કમ્પ્યુટર અને સર્વર્સ ધરાવતા ડેટા સેન્ટર્સના નિર્માણ પર નવા નિયમો લાગુ થઈ શકે છે અથવા તેના નિર્માણની ગતિધીમી પડી શકે છે.

ગુરુવારે બજાર ખુલતાની સાથે જ આ ચિંતાની અસર સ્પષ્ટ દેખાઈ હતી. અહેવાલો મુજબ, ટેક કંપનીઓ સૂચવતા નાસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સમાં 5.5 ટકાનો ભારે ઘટાડો નોંધાયો હતો. એપ્રિલ 2025 પછી એક દિવસમાં આ સૌથી મોટો ઘટાડો છે. ચિપ બનાવતી કંપનીઓનો ઈન્ડેક્સ પણ આશરે 12 ટકા ઘટીને છ મહિનાના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે.

News Brief

ઓક્ટોબરમાં ભારતની પામ ઓઈલની આયાત એક વર્ષ કરતા વધુ સમયની ઊંચી સપાટીએ



મુંબઈ : ઓક્ટોબરમાં ભારતની પામ ઓઈલની આયાત એક વર્ષ કરતા વધુ સમયની ઊંચી સપાટીએ રહી છે જ્યારે સોયાઓઈલની ખરીદી વિક્રમી ઊંચી સપાટીએ જોવા મળી છે. વિદેશમાં નીચા ભાવને ધ્યાનમાં રાખી ટ્રેડરોએ તહેવારો પહેલા સ્ટોક માટે ખરીદી વધારી દીધી હતી.ભારત દ્વારા પામ ઓઈલની ઊંચી આયાતને પરિણામે પામ ઓઈલના મુખ્ય ઉત્પાદક દેશો ઈન્ડોનેશિયા તથા મલેશિયા ખાતે પામ ઓઈલના સ્ટોકમાં ઘટાડો જોવા મળી રહ્યો હોવાનું એક સ્થાનિક ટ્રેડરે જણાવ્યું હતું.વિશ્વમાં ભારત વનસ્પતિ તેલનો સૌથી મોટો આયાતકાર દેશ છે. ઈન્ડોનેશિયા તથા મલેશિયામાં પામ ઓઈલનું ઉત્પાદન પણ ઊંચુ રહ્યું છે.સપ્ટેમ્બરની સરખામણીએ ઓક્ટોબરમાં પામ ઓઈલની આયાત ૬ ટકા વધી ૮.૬૬ લાખ ટન રહી હોવાનો અંદાજ છે, જે ઓગસ્ટ, ૨૦૨૫ બાદ સૌથી ઊંચી હોવાનું સ્થાનિક સુત્રોએ જણાવ્યું હતું.સોયાઓઈલ આયાત પણ છ ટકા વધી ૬.૫૩ લાખ ટન સાથે ઓલ ટાઈમ હાઈ રહી છે. સનફલાવર તેલની આયાત સપ્ટેમ્બરની સરખામણીએ બમણી રહીને ૨.૨૩ લાખ ટન રહી છે. સપ્ટેમ્બરમાં આયાત ચાર વર્ષ કરતા વધુ સમયની નીચી સપાટીએ રહી હતી.એકંદરે ખાદ્ય તેલની આયાત ૧૩ ટકા વધી ૧૭.૪૦ લાખ ટન રહ્યાનો અંદાજ મુકાઈ રહ્યો છે. જો કે ઉદ્યોગ સંસ્થા ધ સોલવન્ટ એક્સ્ટ્રેક્ટર્સ' એસોસિએશન ઓફ ઈન્ડિયા (સી) દ્વારા સત્તાવાર ડેટા નવેમ્બરના મધ્યમાં જાહેર થશે.દેશમાં સપ્ટેમ્બરથી નવેમ્બરના ગાળામાં તહેવારની મોસમ રહેતી હોવાથી આ ગાળા દરમિયાન વનસ્પતિ તેલની આયાતમાં વધારો થતો હોય છે.અલ નિનોની અસરને કારણે ઘરઆંગણે તેલીબિયાંનું ઉત્પાદન નીચુ રહેવાની ધારણાએ પણ વનસ્પતિ તેલની આયાતમાં વધારો જોવા મળ્યો છે. વનસ્પતિ તેલની ૬૫ ટકા માગ ભારત આયાત દ્વારા પૂરી કરે છે. ૩૧ ઓક્ટોબરના સમાપ્ત થયેલા ૨૦૨૫-૨૬ના ઓઈલ યરમાં દેશની સોયા ઓઈલની આયાત વધી વિક્રમી સપાટીએ પહોંચી હોવાનો અંદાજ છે. ગત સંપૂર્ણ ઓઈલ યરમાં સોયા ઓઈલના ભાવ સનફલાવર ઓઈલ તથા પામ ઓઈલ સામે સ્પર્ધાત્મક બની રહ્યા હતા.

એજિયસ ફેડરલ લાઈફ ઈન્શ્યોરન્સે વેલ્થ ઈન્ફિનિટી પ્લાન લોન્ચ કર્યો

(એજન્સી) મુંબઈ | તા 06

ભારતની અગ્રણી ખાનગી લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીઓમાંની એક એજિયસ ફેડરલ લાઈફ ઈન્શ્યોરન્સે આજે વેલ્થ ઈન્ફિનિટી પ્લાન લોન્ચ કર્યો છે. આ યુનિટ લિંક્ડ લાઈફ ઈન્શ્યોરન્સ પ્લાન લાંબા ગાળે સંપત્તિ ઊભી કરવા સાથે લાઈફ ઈન્શ્યોરન્સનું સુરક્ષા કવચ પણ પૂરું પાડે છે. બે અલગ નાણાંકીય સમયગાળાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા આ પ્લાનમાં (1) ચોક્કસ લક્ષ્ય હાંસલ કરવા માટે સંપત્તિ ઊભી કરવી અને (2) આગામી પેઢી માટે નાણાંકીય આયોજન કરવું, એમ બે બાબતોનો સમાવેશ થાય છે. આ પ્લાન ગ્રાહકોને જીવનના દરેક તબક્કાની જરૂરિયાતો પૂરી કરવા માટે યોગ્ય ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ અને રોકાણની વ્યૂહરચના પસંદ કરવાની સ્વતંત્રતા આપે છે.આ પ્લાનમાં બે વિકલ્પો આપવામાં આવ્યા છે. પહેલો વિકલ્પ છે વેલ્થ, જે ચોક્કસ લાંબા ગાળાના નાણાંકીય લક્ષ્યો માટે સંપત્તિ ઊભી કરવા ઈચ્છતા લોકો માટે તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં 10થી 40 વર્ષનો પોલિસી ગાળો રાખી શકાય છે. બીજો વિકલ્પ છે લેગસી, જેમાં રોકાણની સાથે 100 વર્ષની ઉંમર સુધી લાઈફ ઈન્શ્યોરન્સ કવર પણ મળે છે. આ બંને વિકલ્પો ગ્રાહકોને તેમની નાણાંકીય પ્રાથમિકતાઓને અનુરૂપ પ્લાન પસંદ કરવાની તક આપે છે. આ ઉપરાંત, પ્રીમિયમની ચુકવણી અને રોકાણની વ્યૂહરચના પસંદ કરવામાં પણ ફ્લેક્સિબિલિટી મળે છે. વેલ્થ ઈન્ફિનિટી પ્લાનની એક મહત્વની વિશેષતા તેમાં આપવામાં આવેલી પાંચ પ્રકારની ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી અને 12 ફંડના વિકલ્પો છે. તેના આધારે પોલિસીધારકો પોતાની પસંદગી અને જોખમ લેવાની ક્ષમતા મુજબ રોકાણની પદ્ધતિ પસંદ કરી શકે છે. જે ગ્રાહકો પોતાના રોકાણ અંગેના નિર્ણયો જાતે લેવા માગે છે તેઓ પ્લાનમાં ઉપલબ્ધ ફંડ્સની ફાળવણી કરવા માટે સેલ્ફ-મેનેજ્ડ સ્ટ્રેટેજી પસંદ કરી શકે છે. જ્યારે વધુ વ્યવસ્થિત રોકાણ પદ્ધતિ ઈચ્છતા ગ્રાહકો માટે અન્ય વિકલ્પો પણ છે. ગ્લાઈડ પાથ સ્ટ્રેટેજી હેઠળ પોલિસીની પાકતી મુદત નજીક આવતાં ઈક્વિટી અને ડેટનું પ્રમાણ ધીમે ધીમે બદલવામાં આવે છે. સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્રોટેક્શન સ્ટ્રેટેજીમાં ડેટ ફંડમાંથી પસંદ કરેલા ઈક્વિટી ફંડ્સમાં તબક્કાવાર રોકાણ કરવામાં આવે છે. સિસ્ટમેટિક ગેઈન સ્ટ્રેટેજી હેઠળ અગાઉથી નક્કી કરેલું સ્તર હાંસલ થતાં રોકાણમાંથી થયેલો નફો ડેટ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. જ્યારે લાઈફ સ્ટેજ સ્ટ્રેટેજી હેઠળ ગ્રાહકની ઉંમર અને પસંદ કરેલી જોખમ પ્રોફાઈલના આધારે રોકાણની ફાળવણીમાં ફેરફાર કરવામાં આવે છે.

ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રૂપની #CelebratingAcceptance દિવાળી ફિલ્મ સર્વસમાવેશક કાર્યસ્થળોની સ્વીકાર્યતા સાથે ઉજવણી કરે છે

(એજન્સી) મુંબઈ | તા 06

આ દિવાળીએ ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રૂપ ★CelebratingAcceptance અને 'ધ રુમમેટ' સાથે આધુનિક ઓફિસોમાં સ્વીકાર્યતાનો દીપ પ્રકટાવે છે. આ સીરિઝનું પુનરાગમન એક એવી ફિલ્મ સાથે થયું છે, જે સર્વસમાવેશકતાની ચર્ચાને ઘરપરિવારથી આગળ વધારીને કાર્યસ્થળ સુધી લઈ જાય છે. દિવાળીની તૈયારીઓથી સજ્જ એક ઓફિસની પૃષ્ઠભૂમિ પર બનેલી આ ફિલ્મ દર્શાવે છે કે, સ્વીકાર્યતા માટે હંમેશાં કોઈ ઔપચારિક જાહેરાતની જરૂર નથી. ક્યારેક આ પોતાની અંગત સ્ટોરીને પોતાની શરતો પર વહેંચવાની આઝાદી છે અને એ વાતનો ભરોસો છે કે, એનાથી તમારો સ્વીકાર આનંદ સાથે થશે.આ સ્ટોરી નવા કાર્યસ્થળ પર અયાનના પ્રથમ દિવસથી શરૂ થાય છે. તે થોડો ગભરાયેલો છે, પરંતુ તેની અંદર આશા છે પ્રિયંકા અને એની ટીમ તેનું સ્વાગત કરે છે અને તેને લેન્ટર્ન, ફેરી લાઈટ્સ અને રંગોળીથી સજાવેલા ઉત્સવના વાતાવરણમાં શામેલ કરી લે છે. ટીમના લોકો દિવાળીની યોજના વિશે વાત કરે છે અને જણાવે છે કે, તેઓ ઓફિસ પાર્ટીમાં પોતાના પરિવારના દરેક સભ્યોને લાવશે. પ્રિયંકાને પણ અયાન એ વિશે પૂછે છે. તે કશું કહે એ અગાઉ જ એક સહકર્મચારી સહજ રીતે માને છે કે, તે પોતાની રુમમેટ મીરા સાથે હશે, જે તે દર વર્ષે હોય છે. પ્રિયંકા થોડી ક્ષણ અટકે છે, પોતાની આસપાસના લોકોને જુએ છે અ નક્કી કરે છે કે આ જ ઉચિત સમય છે. તે કહે છે, 'મીરા મારી રુમમેટ જ નથી, પરંતુ મારી પાર્ટનર છે....,'ત્યાર બાદ પ્રામાણિકતા સાથે સંવાદ થાય છે, જેની પ્રિયંકાને અપેક્ષા નહોતી. એક સહકર્મચારી હસીને કહે છે, 'હા હું જાણું છું,' અને અન્ય લોકો પણ મજાકમાં કહે છે, 'મને પણ ખબર છે,' અને 'મને પણ.' જ્યારે અયાન પૂછે છે કે, શું કોઈએ ક્યારેય કશું કહ્યું નથી, તો સરળ જવાબ મળે છે - 'આ અમારી સ્ટોરી નહોતી, જેને અમે જણાવીએ.' તેના સહકર્મચારીઓની આ વાત સન્માનને લઈને ઊંડી સમજણ દર્શાવે છે. જ્યારે લોકોને પોતાના અંગત જીવન વિશે જણાવવાનું કોઈ દબાણ ન હોય અને પ્રિયંકા પણ હળવાશ અનુભવે, ત્યારે ભરોસો વધે છે. તે મજાકમાં કહે છે, 'સાચું કહું તો હું તમને જણાવવા ઉચિત સમયની રાહ જોતી હતી અને દિવાળીથી વધારે યોગ્ય સમય બીજો કયો હોઈ શકે.'

ગેલ્વેનાઈઝિંગ સેક્ટર માટે હિન્દુસ્તાન ઝિંકની નવી પહેલ: વેલ્યુ-એડેડ ઝિંક પ્રોડક્ટ્સની શ્રેણીમાં અત્યાધુનિક એલોય 'VedAZ' અને 'VedAyush'નો ઉમેરો

(એજન્સી) જયપુર | તા 06

વિશ્વની સૌથી મોટી એકીકૃત ઝિંક ઉત્પાદક અને વૈશ્વિક સ્તરે ટોચની 10 સિલ્વર ઉત્પાદકોમાં સ્થાન ધરાવતી કંપની હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ (BSE: 500188; NSE: HINDZINC) એ આજે નેક્સ્ટ-જેન ઝિંક એલોય VedAZ અને VedAyush લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ગેલવેનાઈઝિંગ વેલ્યુ ચેઈનની વિવિધ જરૂરિયાતોને પૂરી કરવા માટે વિકસાવવામાં આવેલા આ એલોય, પ્રોસેસ કાર્યક્ષમતા વધારવા, કોટિંગની એકસમાનતામાં સુધારો કરવા અને ગેલવેનાઈઝ્ડ સ્ટીલની લાંબા ગાળાની કામગીરીને વધુ મજબૂત બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ લોન્ચ એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે ઔદ્યોગિક સંપત્તિઓ અને પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષામાં કાટ નિવારણનું મહત્વ સતત વધી રહ્યું છે. 2026 ના CII-નોમુરા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર, ભારતમાં કાટને કારણે થતું નુકસાન વાર્ષિક દેશના GDP ના અંદાજે 4.3% જેટલું છે. આ સંદર્ભમાં, ગેલવેનાઈઝ્ડ સ્ટીલ પર નિર્ભર રહેતા ઉદ્યોગો માટે કોટિંગની એકસમાન ગુણવત્તા, અસરકારક કાટ સામે રક્ષણ અને કાર્યક્ષમ ઉત્પાદન પ્રક્રિયાઓ અત્યંત મહત્વપૂર્ણ છે. અત્યાધુનિક ઝિંક એલોય સોલ્યુશન્સ સંપત્તિઓની ટકાઉપણામાં સુધારો કરવામાં અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની લાંબા ગાળાની કામગીરીને સમર્થન આપવામાં અગત્યની ભૂમિકા ભજવી શકે છેઆ પ્રસંગે હિન્દુસ્તાન ઝિંકના CEO અને પૂર્ણકાલીન ડિરેક્ટર શ્રી અમરેન્દુ પ્રકાશે જણાવ્યું હતું કે , 'અમને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઓટોમોટિવ, એન્જિનિયરિંગ અને કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ જેવા ક્ષેત્રોમાં અમારા વેલ્યુ-એડેડ ઝિંક બિઝનેસને વિસ્તારવા માટે વિશાળ તકો દેખાય છે. આ ક્ષેત્રોના ગ્રાહકોને તેમની ઉત્પાદન પ્રક્રિયાઓ અને કામગીરીની જરૂરિયાતો અનુસાર તૈયાર કરવામાં આવેલા વિશેષ ગ્રેડ્સની જરૂર હોય છે. VedAZ અને VedAyush અમારી ક્ષમતાઓનો વ્યાપ વધારે છે, જેનાથી અમે ગ્રાહકોની વધુ વિવિધ જરૂરિયાતો પૂરી કરી શકીશું અને તેમની સાથે વધુ મજબૂત સંબંધો બાંધી શકીશું. અમારું એકીકૃત સંચાલન અને એલોય મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ કસ્ટમાઈઝ્ડ પ્રોડક્ટ્સ વિકસાવવા અને આ બિઝનેસને મોટા પાયે આગળ ધપાવવા માટે એક મજબૂત પાયો પૂરો પાડે છે. અમે ઈચ્છીએ છીએ કે વેલ્યુ-એડેડ પ્રોડક્ટ્સ અમારા પોર્ટફોલિયોનો મોટો હિસ્સો બને, જેથી અમને નવા ગ્રાહકો સુધી પહોંચવામાં અને અમે જે ઝિંકનું ઉત્પાદન કરીએ છીએ તેમાંથી વધુ મૂલ્ય મેળવવામાં મદદ મળી રહે'VedAZ, ગેલવેનાઈઝિંગ ઉદ્યોગ માટે વિકસાવવામાં આવેલ એક વિશેષ ઝિંક એલ્યુમિનિયમ માસ્ટર એલોય, કોટિંગ પ્રક્રિયામાં વધુ સચોટતા, એકસમાનતા અને કાર્યક્ષમતા લાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

ઘરની મહેફિલોમાં વધી રહ્યો છે પ્રીમિયમ ફૂડ ડિલિવરીનો ટ્રેન્ડ રેસ્ટોરન્ટે ડિલિવરીને મહેમાનગતિનો જ એક ભાગ ગણવો પડશે: પ્રશાંત ઈસ્સર

(એજન્સી) અમદાવાદ | તા 06

રેસ્ટોરન્ટમાંથી ખાવાનું મંગાવવું હવે માત્ર સગવડની વાત રહી નથી. ઘરે પરિવાર અને મિત્રોની મહેમાનગતિ કરતી વખતે લોકો હવે પ્રીમિયમ રેસ્ટોરન્ટમાંથી ભોજન મંગાવવાનું પસંદ કરી રહ્યા છે. આ બદલાવ સાથે ગ્રાહકોની રેસ્ટોરન્ટ પાસેની અપેક્ષાઓ પણ બદલાઈ રહી છે.રેડસીરના 'સ્ટેટ ઑફ ઈન્ડિયાઝ ફૂડ સર્વિસીઝ માર્કેટ 2026' રિપોર્ટમાં માં આવેલા ઉદ્યોગના અંદાજો મુજબ, દેશના ફૂડ સર્વિસ બજારમાં ઓનલાઈન ડિલિવરીનો હિસ્સો હાલમાં આશરે 11 ટકા છે. આગામી પાંચ વર્ષમાં તે વધીને લગભગ 20 ટકા સુધી પહોંચવાનો અંદાજ છે. આ ટ્રેન્ડ હવે ઝડપી અને સસ્તા ભોજન પૂરતો મર્યાદિત નથી. ઘરના ખાસ પ્રસંગો માટે પ્રીમિયમ રેસ્ટોરન્ટમાંથી ઓર્ડર કરનારા ગ્રાહકોની સંખ્યા પણ સતત વધી રહી છે. બેલોના હોસ્પિટાલિટીના મેનેજિંગ ડિરેક્ટર અને 'ઈશારા'ના સ્થાપક પ્રશાંત ઈસ્સરના મતે, રેસ્ટોરન્ટે ડિલિવરીને માત્ર વેચાણનું વધુ એક માધ્યમ નહીં, પરંતુ પોતાની મહેમાનગતિના વિસ્તાર તરીકે જોવી જોઈએ.ઈસ્સરે કહ્યું, "જ્યારે કોઈ પરિવાર કે મિત્રો સાથેના ડિનર માટે ઘણી વાનગીઓ ઓર્ડર કરે છે, ત્યારે તે માત્ર ભોજન નથી મંગાવતા, પરંતુ યજમાન બને છે. એ સાંજ માટે તેમણે અમારું રસોડું ઉધાર લીધું હોય છે. એટલે હવે સવાલ માત્ર એ નથી કે ભોજન ત્યાં કેવી રીતે પહોંચે, પરંતુ એ છે કે અમે એ મહેમાનને સારી મહેમાનગતિ કરવામાં કેવી રીતે મદદ કરીએ. તેનો અર્થ છે કે ભોજન યોગ્ય સ્થિતિમાં પહોંચે, આપેલા સમયે પહોંચે અને તેમાં જે રેસ્ટોરન્ટમાંથી તે



આવ્યું છે તેનો અહેસાસ જળવાઈ રહે."પ્રીમિયમ રેસ્ટોરન્ટ માટે આનો અર્થ એ છે કે ડિલિવરી મેનૂ એ આધારે તૈયાર કરવું જોઈએ કે કઈ વાનગી સફરમાં કેવી રહે છે. કરી સામાન્ય રીતે સફરમાં સારી રહે છે, પરંતુ રોટલી અને નાન ચવડ થઈ શકે છે. ડમ્પલિંગ્સને ખૂબ કાળજીથી સંભાળવા પડે છે, જ્યારે પાસ્તા ડબ્બામાં પણ રંધાતા રહે છે. આવા સંજોગોમાં રેસ્ટોરન્ટે રાંધવાનો સમય બદલવો, સોસ અલગથી પેક કરવો કે સફરમાં બગડી જતી વાનગીઓને ડિલિવરી મેનૂમાંથી દૂર કરવી પડી શકે છે.સાથે સાથે હવે ઝડપ કરતાં ભરોસા પર વધુ ભાર મુકાઈ રહ્યો છે.

આ તહેવારોની સીઝનમાં ભારતમાં ખરીદી કરવાનું વિચારવા જેવી 4 ઈલેક્ટ્રિક કોમ્પેક્ટ SUV

(એજન્સી) મુંબઈ | તા 06

તહેવારોની સીઝન નવી કાર ઘરે લાવવા માટે ખૂબ જ લોકપ્રિય સમય હોય છે. જો ખરીદદારો ઈલેક્ટ્રિક વાહન ખરીદવાનું વિચારી રહ્યા હોય તો તેમણે માત્ર શરૂઆતની કિંમત જ નહીં, પરંતુ અન્ય ઘણાં પાસાંઓ પર પણ ધ્યાન આપવું જોઈએ. ડ્રાઈવિંગ રેન્જ, ચાર્જિંગની સુવિધા, કેબિનમાં આરામ, ટેક્નોલોજી અને લાંબા ગાળાના માલિકી ખર્ચ જેવાં પરિબળો તમારા નિર્ણય પર પ્રભાવ પાડી શકે છે. હવે ઈલેક્ટ્રિક SUVમાં બેટરીના વિકલ્પો, ફીચર્સ અને કિંમતોની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે, જેનાથી ખરીદદારો માટે તેમની રોજિંદી મુસાફરી અને ક્યારેક લાંબા અંતરની મુસાફરી માટે યોગ્ય વાહન પસંદ કરવાનું સરળ બન્યું છે. 'કિયા સાયરોસ EV'ની રેન્જ અને માલિકીના ફાયદાઓથી લઈને 'ટાટા Punch.evની રોજિંદા ઉપયોગમાં સરળતા સુધી, અહીં એવી ચાર ઈલેક્ટ્રિક SUV છે જેના વિશે તમે આ દિવાળી પર વિચારી શકો છો. કિયા સાયરોસ EVને એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે તે રોજિંદા શહેરી પ્રવાસથી લઈને લાંબા અંતરની મુસાફરી સુધીની વિવિધ જરૂરિયાતો માટે એક વ્યવહારુ વિકલ્પ બની રહે. તેની શાનદાર રેન્જની સાથે તેમાં પાછળની સીટ પર મુસાફરી કરનારાઓ માટે શ્રેષ્ઠ સુવિધાઓ આપવામાં આવી છે, જે તમામ મુસાફરોને વધુ આરામ અને સગવડ પૂરાં પાડે છે. તેનું 42 kWh વેરિયન્ટ ARAI-પ્રમાણિત MIDC રેન્જ મુજબ 443 કિમીની રેન્જ આપે છે, જ્યારે 51.4 kWh 'એક્સ્ટેન્ડેડ રેન્જ' વેરિયન્ટ 526 કિમીની પ્રભાવશાળી રેન્જ આપે છે. આ સાથે તે પોતાના સેગમેન્ટમાં 500 કિમીનો આંકડો પાર કરનારું પ્રથમ વાહન બન્યું છે. બંને વેરિયન્ટ રોજિંદા ઉપયોગ અને બહારની મુસાફરી માટે પૂરતી રેન્જ આપે છે, જેમાં 'એક્સ્ટેન્ડેડ રેન્જ' વિકલ્પ લાંબા પ્રવાસ માટે વધુ સુગમતા પૂરી પાડે છે. રેન્જની સાથોસાથ સાયરોસ EVમાં DC ફાસ્ટ ચાર્જિંગની સુવિધા પણ છે; 100 kW ચાર્જરનો ઉપયોગ કરીને તેને લગભગ 39 મિનિટમાં 10% થી 80% સુધી ચાર્જ કરી શકાય છે. કિયા તેની 'K-Charge' ઈકોસિસ્ટમ દ્વારા માલિકીના અનુભવને વધુ બહેતર બનાવે છે. 'MyKia' એપ દ્વારા દેશભરમાં 23,500થી વધુ જાહેર ચાર્જિંગ પોઈન્ટ્સનો ઉપયોગ કરી શકાય છે.

એસેટ કવોલિટીમાં સુધારો, વ્યાજની આવકમાં વૃદ્ધિથી બેન્કો માટે સાનુકૂળ સ્થિતિનું સર્જન

સપ્ટેમ્બર ત્રિમાસિકમાં બેન્કોનો નેટ પ્રોફિટ વધી રૂ.૧.૧૬ લાખ કરોડ રહ્યો

(એજન્સી) મુંબઈ | તા 06

વર્તમાન નાણાં વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં દેશની બેન્કોએ આવકમાં જોરદાર વૃદ્ધિ દર્શાવી છે. જાહેર તથા ખાનગી ક્ષેત્રની મળીને ૨૫થી વધુ જેટલી બેન્કોનો સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાનો નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૨૦.૧૦ ટકા વધી રૂપિયા ૧.૧૬ ટ્રિલિયન રહ્યો છે.એસેટ કવોલિટીમાં સુધારો, નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમમાં તંદૂરસ્ત વૃદ્ધિ તથા નીચી જોગવાઈઓના ટેકા સાથે આ વૃદ્ધિ જોવા મળી હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયુ હતું.એકંદર નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ ૧૫.૫૦ ટકા વધી રૂપિયા ૨.૪૪ ટ્રિલિયન રહી હતી જ્યારે ઓપરેટિંગ પ્રોફિટ ૧૫.૪૦ ટકા વધી રૂપિયા ૧.૮૧ ટ્રિલિયન રહ્યો હતો. જોગવાઈ તથા કન્ટિન્જન્સિસ ૯ ટકા ઘટી રૂપિયા ૨૭૨૭૦ કરોડ રહી હતી.બેન્કોની



ગ્રોસ નોન પરફોર્મિંગ એસેટસ (એનપીએ) પ્રમાણ સપ્ટેમ્બરના અંતે ઘટી ૧.૫૦ ટકા રહ્યુ છે જે ગયા વર્ષના સપ્ટેમ્બરના અંતે ૨.૦૭ ટકા રહ્યુ હતું. વર્તમાન નાણાં વર્ષના જૂનના અંતે આ આંક ૧.૭૦ ટકા રહ્યો હતો.

સપ્ટેમ્બર ત્રિમાસિકમાં બેન્કોની ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૨૩.૩૦ ટકા રહી હતી જ્યારે થાપણ વૃદ્ધિ ૧૯.૧૦ ટકા જોવા મળી હતી. ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) ડિપોઝિટ સ્કીમને કારણે થાપણ વૃદ્ધિ ઊંચી જોવા મળી હતી.જો કે સરકારી બેન્કોનો નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૨૦ ટકા વધી રૂપિયા ૫૯૩૬૭ કરોડ રહ્યો હતો. ખાનગી બેન્કોનો આ આંક રૂપિયા ૫૭૦૯૫ કરોડ રહ્યો હોવાનું પણ રિપોર્ટમાં જણાવાયુ હતું.આ ઉપરાંત અનિશ્ચિત વૈશ્વિક વેપાર વાતાવરણ વચ્ચે પણ વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં કોમોડિટી તથા ઊર્જા ક્ષેત્રની કંપનીઓની આગેવાની હેઠળ દેશની કંપનીઓની સંયુકત આવકમાં વૃદ્ધિ જોવા મળી રહી છે.વીજ ઉત્પાદન, ઓઈલ રિફાઈનરીસ તથા માઈનિંગ અને મેટલ્સ કંપનીઓના પ્રોત્સાહક ત્રિમાસિક પરિણામોને પગલે સપ્ટેમ્બર ત્રિમાસિકના કંપનીઓના સંયુકત પરિણામોમાં વૃદ્ધિ જોવા મળી છે.પશ્ચિમ એશિયાના યુદ્ધ વચ્ચે ભારતમાં માગ સ્થિતિસ્થાપક રહેતા કંપનીઓના કામકાજમાં ગંભીર અસર જોવા મળી નથી.

ટ્રમ્પને જાકારાથી વિશ્વ શાંતિની અપેક્ષા, ક્રુડ ઓઈલના ભાવમાં કડાકો

ધનતેરસ પૂર્વે ધનવર્ષા શેરબજાર રૂ. 502 લાખ કરોડની ટોચે

મુંબઈ : વિશ્વ શાંતિની વાતો અને અમેરિકા ફર્સ્ટનો નારો આપનારા અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે શાસન સંભાળ્યા બાદ વિશ્વને યુદ્ધના ખપ્પરમાં હોમતા અને ટેરિફનો આતંક ફેલાવતા અમેરિકનોએ જ મિડ-ટર્મ ચૂંટણીમાં ટ્રમ્પને જાકારો આપતાં વિશ્વએ રાહતનો શ્વાસ લીધો છે. અમેરિકન સેનેટ અને રિપબ્લિકન હાઉસમાં હવે ડેમોક્રેટનું વર્ચસ્વ વધતા ગુરુવારે વૈશ્વિક બજારોમાં હર્ષોલ્લાસ સાથે તેજીનું તોફાન આવ્યું હતું. ભારતીય શેર બજારોમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ઘટાડા તરફી રહેલા શેરોના ભાવો ટૂંકાગાળામાં જ તીવ્ર વધી આવતાં અને ધનતેરસ પૂર્વે ગુરુવારે વિદેશી ફંડોએ શેરોમાં અઢળક ધનવર્ષા કરીને સંવત ૨૦૮૨ના અંતિમ દિવસોમાં ભારતીય રોકાણકારોના નિરાશ ચહેરા પર રોનક લાવી દીધી છે.

ફોરેન ફંડોએ આજે રૂ.૧૫,૦૦૦ કરોડ જેટલા શેરોની જંગી ખરીદી કરીને રોકાણકારોની એક્ત્રિત સંપત્તિના આંકને રૂ.૫૦૦ લાખ કરોડની સપાટી પાર કરાવી દીધી હતી. આ સાથે સેન્સેક્સ ૨૦૦૮.૬૧ પોઈન્ટ ઉછળીને ૭૯૩૧૦.૦૧ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સને ૫૭૬ પોઈન્ટના



ઉછાળે ૨૪૫૩૬.૬૦ની સપાટીએ લાવી દીધા હતા. રોકાણકારોની સંપત્તિમાં આજે એક જ દિવસમાં રૂ.૮.૧૮ લાખ કરોડનો જંગી વધારો થતાં સંપત્તિનો આંક પ્રથમ વખત રૂ.૫૦૧.૬૮ લાખ કરોડની ઊંચાઈએ પહોંચી ગયો હતો.

વિશ્વ હવે યુદ્ધ અને જીઓપોલિટીકલ ટેન્શનની અનિશ્ચિતતા, અસ્થિરતાની પરિસ્થિતિમાંથી મુક્ત બનવાની વિશ્વની અપેક્ષાએ અને વિદેશી ફંડો માટે ભારતમાં લાલજાજમ બિછાવવાની મોદી સરકારની તૈયારીના ભાગરૂપ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ (એલટીસીજી) નાબૂદ કરવાની ઘડી ગણાઈ રહી હોઈ આ સપ્તાહમાં ફોરેન ફંડોએ શેરોમાં સતત નેટ ખરીદદાર બનીને શેરો અસાધારણ તેજી કરી હતી.

ભારતીય શેર બજારોમાં ટૂંકાગાળામાં શેરોમાં મોટી તેજી જોવાઈ છે. છ દિવસની તેજીમાં સેન્સેક્સમાં ૬૦૬૩.૯૮ પોઈન્ટનો જંગી ઉછાળો નોંધાયો છે. જ્યારે નિફટી-૫૦ ૧૮૩૭.૭૫ પોઈન્ટનો વધારો થયો છે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ શેરોમાં પાંચ દિવસમાં રૂ.૩૫,૮૧૦ કરોડની ચોખ્ખી ખરીદી કરી છે.

ટ્રમ્પ સરકારને પછડાટ અને તેમની ટેરિફ નીતિ અને યુદ્ધના નિર્ણયોની ચોમેર અમેરિકામાં ટીકા થવા લાગતાં હવે ટ્રમ્પ સરકાર ટેરિફ રિવર્સલ કરે એવી શકયતાના અહેવાલોએ એડવાન્ટેજ ઈન્ડિયા બનવાની અપેક્ષાએ અને ક્રુડના ભાવમાં ગઈકાલે ૮થી ૯ ટકાનો કડાકો બોલાતાં ફંડોએ આજે ઓટોમોબાઈલ શેરોમાં આક્રમક ખરીદી કરી હતી. બેંકિંગ-ફાઈનાન્સ, આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરો તેમ જ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં ધૂમ ખરીદી કરી હતી. બીએસઈ ઓટો ઈન્ડેક્સ સૌથી વધુ ૨૪૦૨.૫૨ પોઈન્ટ એટલે કે ૪.૧૩ ટકા ઉછળ્યો હતો. બેંકેક્સ પણ ૨૧૭૨.૦૩ પોઈન્ટ ૩.૪૫ ટકા, બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ ૧૬૦૫.૪૩ પોઈન્ટ ૨.૭૨ ટકા ઉછળ્યા હતા.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, આસો વદ - 14

અહો આશ્ચર્યમ, ખડગેના પુત્રએ આરએસએસના વખાણ કર્યા !

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે અને કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયાંક ખડગેએ એકાએક આરએસએસના વખાણ કર્યા છે. થોડા દિવસો પહેલા સુધી પ્રિયાંક ખડગે આરએસએસના મોટા ટીકાકાર હોવાથી પ્રિયાંક ખડગેના નિવેદનને કારણે ઘણાને આશ્ચર્ય થયું છે. એમણે કહ્યું હતું કે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના લોકો સારા હોય છે. કર્ણાટકમાં મોરચા કાઢવા માટે જરૂરી તમામ માહિતી સંગઠને આપી દીધી છે.સરકારને પહેલા જાણકારી નહોતી કે માર્ચનું આયોજન કોણ કરી રહ્યું છે, પરંતુ આરએસએસએ હવે પોતાની શાખાઓમાં સામેલ લોકોના નામ સહિત તમામ માહિતી સત્તાધીશોને આપી છે.મીડિયાએ મને ડરાવી દીધો હતો કે, આરએસએસ મંજૂરી નહીં માગે અને જાણકારી પણ નહીં આપે. કોઈક જગ્યાએ એમને મંજૂરી નથી આપવામાં આવી તો પણ આરએસએસએ સહકાર આપ્યો છે.રેલીમાં નહીં ગયેલા યુથ કોંગ્રેસના નેતાઓથી રાહુલ ગાંધી નારાજરામલીલા ખાતે યોજાયેલી રેલીમાં યુથ કોંગ્રેસના જે નેતાઓ હાજર રહ્યા નહોતા એમનાથી રાહુલ ગાંધી ખૂબ નારાજ થયા છે. રેલી પહેલા યુથ કોંગ્રેસના નેતાઓએ રેલીમા સામેલ થનાર કાર્યકરોની જે યાદી આપી હતી એમાંથી ઘણા રેલીમાં ગેરહાજર રહ્યા હતા. કોંગ્રેસ હાઇકમાન્ડે ગેરહાજર રહેલા ૨૦૦ જેટલા પદાધિકારીઓને પક્ષમાંથી હાંકી કાઢયા છે. પ્રદેશ ઉપાધ્યક્ષ, મહામંત્રી અને જિલ્લા અધ્યક્ષ સ્તરના ઘણા નેતાઓ સપાટામાં આવી ગયા છે. આ પગલાથી પક્ષ સંગઠનમાં શિસ્તનો સંદેશો આપવા માંગે છે. રેલી પહેલા જ કોંગ્રેસએ પોતાના રાષ્ટ્રીય પ્રદેશ અને જિલ્લા સ્તરના કાર્યકરોને રેલીમાં હાજર રહેવા માટે આદેશ આપ્યો હતો. આ આદેશ છતા પણ મોટી સંખ્યામાં પદાધિકારીઓ ગુલ્લી મારી ગયા હતા. આ પછી જોકે કોંગ્રેસ પક્ષમાં સન્નાટો પ્રસરી ગયો છે.જંતર મંતર હિંસા બાબતે કોર્ટ કડકદિલ્હીના જંતર મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન વખતે થયેલી હિંસા બાબતે સુપ્રિમ કોર્ટે અગત્યની સૂચના આપી છે. સુપ્રિમ કોર્ટે આ કિસ્સા સાથે જોડાયેલી અરજીઓ, વીડિયો અને ફરિયાદો ભૂતપૂર્વ જસ્ટીસ આર સુબ્બાશ રેડ્ડીની અધ્યક્ષતાવાળી હાઈપાવર કમીટીને સોંપવાનું સૂચન કર્યું છે. કોર્ટે કમીટીને ચોક્કસ સમયે પોતાનો છેવટનો રીપોર્ટ આપવા માટે પણ કહ્યું છે. સુપ્રિમ કોર્ટના કહેવા પ્રમાણે હમણા યોગ્ય માત્રામાં સામગ્રી નહીં હોવાને કારણે હાઇપાવર ઈન્કવાયરી કમીટી જંતર મંતર ખાતે થયેલી હિંસા બાબતે કોઈ તારતમ્ય પર પહોંચી શકી નથી. જંતર મંતર પ્રદર્શન વખતે દેખાવકારો અને પોલીસ કર્મચારીઓ સાથે થયેલી હિંસાની તપાસ આ હાઇપાવર કમીટી કરી રહી છે. સામાન્ય માણસો અને પોલીસ કર્મચારીઓની ફરિયાદો મેળવવા માટે દેશભરના ૧૪૯ છાપાઓમાં નોટીસ પ્રકાશીત કરવામાં આવી છે.ચૂંટણી કમિશનનો મોટો નિર્ણયદેશના ચૂંટણી કમિશને છ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એસઆઇઆરના પૂન:નિરીક્ષણની જાહેરાત કરી છે. આ પ્રક્રિયાનો ઉદ્દેશ યોગ્ય મતદારો, ખાસ કરીને યુવાનો અને પહેલી વખત વોટ આપનાર લોકોના નામ મતદાર યાદીમાં સામેલ કરવાનો છે. કમિશન પ્રમાણે અરૂણાચલ પ્રદેશ, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, મીઝોરમ, ઓડીશા અને સિક્કીમમાં આ અભિયાન ચલાવવામાં આવશે. આ તમામ જગ્યાઓએ મતદાર યાદી ૩૦મીએ પ્રકાશીત થશે. છેવટની મતદાર યાદી ૨૧ જાન્યુઆરી ૨૦૨૭એ જાહેર કરવામાં આવશે. આ અભિયાનને કારણે એ લોકો પણ આવેદન પત્ર ભરી શકશે જેઓ ૨૦૨૭માં ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબરે મતદાન કરવાને લાયક થઈ જશે. ચૂંટણી કમિશને સંબંધીત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ પ્રક્રિયા માટે પર્યાપ્ત કર્મચારીઓ અને જરૂરી વ્યવસ્થા કરવાની સૂચના પણ આપી છે. ટીએમસીના બળવાખોર ધારાસભ્યોના સભ્યપદ રદ નહી થાયપશ્ચિમ બંગાળમાં ચૂંટણી પરિણામ પછી તૃણમુલ કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોએ અલગ જૂથ બનાવ્યું હતું. નારાજ થયેલા તૃણમુલ કોંગ્રેસના સિનિયર નેતા શોભન દેવ ચટ્ટોપાધ્યાયએ આ બાબતે બળવાખોરોના સભ્યપદ રદ કરવાની અરજી સુપ્રિમ કોર્ટમાં કરી હતી. સુપ્રિમ કોર્ટે આ અરજી સાંભળવાનો ઈન્કાર કરી દીધો છે. વિરોધપક્ષના નેતા ઋતવ્રત બેનર્જી સહીત પક્ષના ૧૦ બળવાખોર ધારાસભ્યને આનાથી રાહત થઈ છે. કોર્ટે આ બાબતે અરજી કરનારને કલકત્તા હાઇકોર્ટ જવાનું કહ્યું છે. સીજેઆઇ સુર્યકાંત અને જસ્ટીસ જોય માલ્યા બાગચીની બેંચે કહ્યું હતું કે, હમણા તો યોગ્ય રસ્તો એ છે કે અરજી કરનારે હાઇકોર્ટ જવું જોઈએ.

જન્મદિવસની ઉજવણી બની માનવસેવાનું પર્વ! નાહિનભાઈ કાઝીના જન્મદિવસે પાલારા આશ્રમમાં ભોજન સેવા

● ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના અધ્યક્ષના જન્મદિવસ નિમિત્તે નિરાધાર, દિવ્યાંગ અને માનસિક બીમારીથી પીડિત વ્યક્તિઓને ભોજન પીરસી માનવતાની મહેક પ્રસરાવી

જગદીશ પી. દવે દેશલપર (ગુંતલી)

ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના અધ્યક્ષશ્રી નાહિનભાઈ કાઝીના જન્મદિવસ નિમિત્તે તા. ૦૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ભુજના પાલારા ખાતે માનવ જ્યોત સંચાલિત રામદેવ આશ્રમમાં સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આશ્રમમાં રહેતા માનસિક બીમારીથી પીડિત, નિરાધાર તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે ભોજન સેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જન્મદિવસની ઉજવણીને સેવાકાર્ય સાથે જોડીને જરૂરિયાતમંદોની સેવા કરવાનો



આ ઉમદા પ્રયાસ સૌ માટે પ્રેરણારૂપ બન્યો હતો.

આ સેવાકાર્યમાં ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના મંત્રી ગુલામ હુસેન બારાચ સહિત મામદશા શેખ, તારમામદ તુર્ક, ફારુકભાઈ સમા, ઈદરીશ સુમરા, ઝુલ્ફીકાર સુમરા, રફીકભાઈ બાવા, મોહમ્મદ બારાચ અને ડેનીશભાઈ વ્યાસ ઉપસ્થિત રહી સેવાકાર્યમાં સહભાગી બન્યા હતા.

આ પ્રસંગે ગુલામ હુસેન બારાચ સહિત ઉપસ્થિત સૌએ અધ્યક્ષશ્રી નાહિનભાઈ કાઝીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ પરવરદિગાર તેમને દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને જનસેવાના કાર્યો માટે વધુ શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

જન્મદિવસની સાચી ખુશી બીજાના ચહેરા પર સ્મિત લાવવામાં છે, તેવો માનવતાનો સુંદર સંદેશ આ સેવાકાર્ય દ્વારા આપવામાં આવ્યો હતો.

ગૌમાતાની વેદના સમજી ગૌરક્ષકો દોડી આવ્યા વહારે, સારવાર માટે મોકલી



● નખત્રાણામાં હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળની સરાહનીય કામગીરી; પાંચથી છ દિવસથી બીમાર ગૌમાતાને અપાવી સારવાર

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળ નખત્રાણા ટીમને બિનવારસુ હાલતમાં બીમાર ગૌમાતા હોવાની જાણ થતાં જ ટીમના ગૌરક્ષક ભાઈઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગૌમાતાનું છેલ્લા પાંચથી છ દિવસથી પેટ અસામાન્ય રીતે ફૂલી જતાં તે ભારે તકલીફમાં હતી. આ અંગે જાણ થતાં જ સંગઠનના ભાઈઓએ તાત્કાલિક એકત્ર થઈ ગૌમાતાને સારવાર માટે મોકલવાની વ્યવસ્થા કરી હતી.

ગૌમાતાની મુશ્કેલીના સમયે માનવતા અને જીવદયાની ભાવના સાથે આગળ આવી સેવા કરનાર હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળ નખત્રાણા ટીમની કામગીરીને ગૌપ્રેમીઓએ બિરદાવી હતી. આ સેવાકાર્યમાં સહયોગ આપનાર તમામ ગૌપ્રેમી ભાઈઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જીવદયા એ જ પરમધર્મ... ગૌસેવા એ જ પ્રભુસેવા!

ધનતેરસના પાવન પર્વે શ્રીકષ્ટભંજનદેવને મોતી-પુષ્પોનો શણગાર કરવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯. સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તા.06-11-2026ને શુક્રવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને આકર્ષક વાઘા અને મોતીનો શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરના ગર્ભગૃહમાં શ્વેત મોતી- (સફેદ) પુષ્પોની દિવ્ય સજાવટ કરવામાં આવી છે, ચમકતા અને કલાત્મક મોર સુંદર રચના કરવામાં આવી છે, ધન અને સમૃદ્ધિના પ્રતિકરૂપ વિશેષ શણગાર તથા અલંકારો ધરવામાં આવ્યા છે. સવારે 5:45 કલાકે આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ દર્શન અનેક ભક્તો એ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.



જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા દિવાળી પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૬. જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા પાંચ દિવસીય દિવાળી પર્વની અનોખી અને સેવાભાવી પ્રવૃત્તિઓ સાથે ઉજવણી કરવામાં આવી. તહેવારની સાચી ખુશી જરૂરિયાતમંદ લોકોના જીવનમાં ખુશીઓનો પ્રકાશ પાથરવામાં છે. તેવા સેવાભાવી અભિગમ સાથે ગ્રુપ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. ગિરનારી ગ્રુપ ના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત યાદીમાં જણાવવામાં આવેલ છે કે, પાંચ દિવસીય દીપોત્સીવના પર્વ નિમિત્તે દરેક જરૂરિયાતમંદ પરિવારોને તેમના જીવનમાં નિરોગીતા, સુખ, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તેવા શુભ આશયથી દિવાળી મહોત્સવ નિમિત્તે અનાજ-કરિયાણા ની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકો તેમજ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસવાટ કરતા બાળકોને દિવાળીના પર્વની ખુશીઓમાં સહભાગી બનાવવા માટે મીઠાઈ, ફરસાણ, ફટાકડા અને નવાં કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિ થકી બાળકોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી. આ પ્રસંગે ડૉ.પી.એચ.લાખણોત્રા, ડૉ.ભાવિનભાઈ પઢારિયા, ડૉ.ચંદ્રેશભાઈ વ્યાસ, ડૉ. અલ્પેશભાઈ વૈષ્ણાણી, ડૉ.જીતુભાઈ પાંભર, દિનેશભાઈ રામાણી, નાગભાઈ વાળા, કે.કે. ગોસાઈ, શાસ્ત્રી રવિભાઈ દવે, જયેશભાઈ સોલંકી, રમેશભાઈ બાકુ, કમલેશભાઈ સૈજુ, જલ્પાબેન, વિજયભાઈ કનેરિયા, રાહુલભાઈ પરમાર, પ્રો.પી.બી.ઉનડકટ, મહેન્દ્રભાઈ મશરૂ, યતીનભાઈ કારીયા, યોગેન્દ્રસિંહ પઢીયાર સહિતના આગેવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સેવાકીય પ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓ દિનેશભાઈ રામાણી, સમીરભાઈ દવે, કિરીટભાઈ તન્ના, રાકેશભાઈ વાવૈયા, કિર્તીભાઈ પોપટ, દિલીપભાઈ દેવાણી, નિલેશભાઈ સરવૈયા, જીગ્નેશભાઈ ટીટીયા, હિરેનભાઈ વ્યાસ, દીપકભાઈ જોશી, હાર્દિકભાઈ વ્યાસ, વિમલભાઈ માણેક, નીતાબેન માણેક, નયનાબેન રાયઠઠા, કૈલાશબેન પટોડીયા, કિશોરભાઈ પટોડીયા, ચંદ્રકાંતભાઈ રાઈઠઠ્ઠા, કૃપાલભાઈ નંદાણીયા, બીપીનભાઈ ઠકરાર, વિપુલભાઈ બુદ્ધદેવ, દિલીપભાઈ સરબદડિયા, અરવિંદભાઈ શિરોયા, સંદીપભાઈ રાઠોડ, અક્ષતભાઈ ધનેશા, હિરેનભાઈ ચૌહાણ, સાહિલ કુમાર, કરણભાઈ કિંદરખડીયા, ઉમાબેન કિંદરખડિયા, માધવીબેન શેઠિયા, પ્રતિકભાઈ કાઠી, જીજ્ઞાબેન કાચા, ધવલભાઈ ચૌહાણ, વત્સલભાઈ કારીયા, નિલેશભાઈ જોશી, વિજયભાઈ દવે, ભાવિનભાઈ મારૂ, સંજયભાઈ ચોલેરા, દોશીભાઈ સહિતના સભ્યોએ ઉત્સાહભેર પોતાની સેવાઓ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

'ફ્રેન્ડ્સ ઓફ કેટલ' યોજના અંતર્ગત મહાનગરપાલિકા, જૂનાગઢના નાયબ કમિશનરશ્રી જયેશ પી. વાજા દ્વારા ગૌશાળામાં ઘાસચારા પેટે રૂ.૫૦૦૧/- નું દાન અર્પણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯. મહાનગરપાલિકા, જૂનાગઢના હદ વિસ્તારમાં જાહેરમાં ઘાસચારો વેચવા કે નાખવા પર કાયદેસર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે અને અનધિકૃત ઘાસચારો વેચતા ઈસમો સામે મનપા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમજ મહાનગરપાલિકા દ્વારા શહેરના માર્ગો પરથી રખડતા ગૌવંશને પકડીને મનપા સંચાલિત ગૌશાળાઓમાં આશ્રય આપવામાં આવે છે, જ્યાં હાલ ૪૧૮ જેટલા ગૌવંશની યોગ્ય માવજત કરવામાં આવી રહી છે. આ ગૌશાળા ખાતે ફ્રેન્ડ્સ ઓફ કેટલ યોજના અંતર્ગત તા. ૦૬/૧૧/૨૦૨૬ ના રોજ મનપા.ના નાયબ કમિશનરશ્રી જયેશભાઈ વાજા એ તેમના જન્મદિન નિમિતે ઘાસચારા પેટે રૂ.૫૦૦૧/- નું દાન અર્પણ કરેલ છે.

નખત્રાણા ડે-કેર સેન્ટરના પપ જેટલા બાળકોને જલારામ બાપાની પ્રસાદી, મીઠાઈ અને ફટાકડાનું વિતરણ



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દિવાળીના પર્વ અને પૂજ્ય સંત શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતી નિમિત્તે શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ, નખત્રાણા તાલુકા રઘુવંશી સોશ્યલ ગ્રુપ તથા શ્રી નખત્રાણા લોહાણા મહાજન દ્વારા કે.સી.આર.સી. અંધજન મંડળ, ભુજ સંચાલિત નખત્રાણા ડે-કેર સેન્ટર ખાતે દિવ્યાંગ અને મનોદિવ્યાંગ બાળકો સાથે આનંદમય દિવાળી ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે ડે-કેર, ફિઝિયો અને વિઝન સેન્ટરના ૫૫ જેટલા બાળકોને જલારામ બાપાની પ્રસાદી સ્વરૂપે મીઠાઈ તથા ફટાકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ફટાકડાના દાતા પંકજ કાનજી દૈયા (કોટડા જ.) તેમજ મીઠાઈના દાતા હિમાંશુભાઈ સેજપાલ અને મિતેશભાઈ પવાણી (ભુજ) રહ્યા હતા. બંને દાતાશ્રીઓ છેલ્લા ૧૨ વર્ષથી મીઠાઈ વિતરણના સેવાકાર્યમાં સહયોગ આપે છે. કાર્યક્રમમાં મહેન્દ્ર ગઢા, નીતિનભાઈ ઠક્કર, વિજ્નેશભાઈ દૈયા, નવીનભાઈ રૂપારેલ, ભાવિનભાઈ પલણ, રાજદીપભાઈ મજેઠીયા, મેહુલભાઈ દાવડા સહિત ભુજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.શ્રી નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજેશભાઈ પલણે જણાવ્યું હતું કે છેલ્લા ૧૨ વર્ષથી આશરે ૫૦૦ પરિવારોને જલારામ બાપાની પ્રસાદીરૂપે મીઠાઈનું વિતરણ કરવામાં આવે છે અને છેલ્લા ચાર વર્ષથી ડે-કેર સેન્ટરના બાળકોને પણ પ્રસાદી આપવામાં આવે છે. કાર્યક્રમને સફળ બનાવવા સેન્ટરના કર્મચારીઓ તથા સેવાભાવી કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

નર્મદા જિલ્લા શિક્ષણ વિભાગમાં ત્રણ નવા બીટ નિરીક્ષકોની નિમણૂક : તિલકવાડા, ગરુડેશ્વર અને ડેડીયાપાડાને મળ્યા નવા નિરીક્ષકો

રાજપીપલા. તા-06/11/26

નર્મદા જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ત્રણ નવા બીટ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવતા શિક્ષણ જગતમાં આનંદની લાગણી પ્રસરી છે. પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લા માં જે ત્રણ બીટ નિરીક્ષકો ની નિમણુંક થઇ છે જેમાં તિલકવાડા બીટ નિરીક્ષક તરીકે હિતેન્દ્રસિંહ બારીયા, ગરુડેશ્વર બીટ નિરીક્ષક તરીકે છાયાબેન પટેલ અને ડેડીયાપાડા બીટ નિરીક્ષક તરીકે શંકરભાઈ વસાવાની નિમણૂક કરવામાં આવી છે. ડેડીયાપાડા બીટ નિરીક્ષક તરીકે નિમણૂક પામેલા શંકરભાઈ વસાવા અગાઉ ડેડીયાપાડા કન્યા તાલુકા શાળામાં HTAT આચાર્ય તરીકે પોતાની ફરજ બજાવતા હતા. શિક્ષણ ક્ષેત્રે



તેમના અનુભવ અને કામગીરીને ધ્યાનમાં રાખીને તેમને નવી જવાબદારી સોંપવામાં આવી છે. તેમની નિમણૂકથી ડેડીયાપાડા તાલુકાના શિક્ષકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ હિતેન્દ્રસિંહ બારીયા અગાઉ તિલકવાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સહકારી મંડળીના મંત્રી તરીકે કાર્યરત છે, જ્યારે છાયાબેન પટેલને ગરુડેશ્વર બીટ નિરીક્ષક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. ત્રણેય નવનિયુક્ત બીટ નિરીક્ષકોને નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, જિલ્લા અને તાલુકા શિક્ષણ વિભાગના અધિકારીઓ, સંગઠનના સભ્યો તેમજ શિક્ષક મિત્રોએ હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતા. સાથે જ તેઓ પોતાની નવી જવાબદારી નિષ્ઠા, પ્રામાણિકતા અને કાર્યદક્ષતાથી નિભાવી શિક્ષણની ગુણવત્તા સુધારવા તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓના હિતમાં ઉત્તમ કામગીરી કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે. નર્મદા જિલ્લાના શિક્ષણ ક્ષેત્રે ત્રણેય નવી નિમણૂકોને આવકારવામાં આવી રહી છે અને શિક્ષણ જગતમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

જાળીયા ગામે ₹33.31 લાખના વિકાસકામોનું ખાતમુહૂર્ત, વિકાસની હરણફાળથી ગામમાં ખુશીનો માહોલ

અહેવાલ વિજય રાડીયા ઉપલેટા

રાજકોટ તાલુકાના જાળીયા ગામે આજે વિકાસનો નવો અધ્યાય લખાયો. ગામમાં કુલ 33.31 લાખના ખર્ચે વિકાસના વિવિધ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમગ્ર ગામમાં ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

આ ભવ્ય કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા પંચાયત સદસ્ય શ્રી સુમિતાબેન ચાવડા, પ્રતિનિધિ શ્રી રાજાભાઈ ચાવડા, રાજકોટ તાલુકા પંચાયતના સદસ્ય શ્રી મયુરીબેન રાઠોડ, પ્રતિનિધિ શ્રી ધનરાજભાઈ રાઠોડ, રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર શ્રી જે.કે. પીપળીયા, પૂર્વ તાલુકા ભાજપ મહામંત્રી શ્રી હિતેશભાઈ ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ગ્રામ પંચાયત સરપંચ શ્રી શૈલેષભાઈ મોરાણીયા, ગ્રામ પંચાયત ઉપ-સરપંચ પ્રતિનિધિ શ્રી નિલેશભાઈ ઉંધાડ, ગ્રામ પંચાયત ન્યાય સમિતિ ચેરમેન શ્રી કુસુમબેન ચાવડા, શ્રી સૂર્યદીપભાઈ રાઠોડ, ગામના આગેવાનો શ્રી મોહનભાઈ પીપળીયા, શ્રી નરશીભાઈ કેરાળીયા, શ્રી છગનભાઈ શિંગાળા, શ્રી રણછોડભાઈ પીપળીયા, શ્રી નાથાભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વક્તાઓએ જણાવ્યું હતું કે, જાળીયા ગામના વિકાસ માટે રસ્તા, પાણી, ગટર, લાઈટ સહિતની પાયાની સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. 33.31 લાખના કામો પૂર્ણ થતા ગામની સુખ-સુવિધામાં મોટો વધારો થશે અને ગામજનોનું જીવનધોરણ વધુ ઊંચું આવશે.

અંતે સરપંચશ્રીએ ઉપસ્થિત સૌ મહાનુભાવો અને ગ્રામજનોનો આભાર માન્યો હતો અને ગામને સ્વચ્છ, સુંદર અને વિકસિત બનાવવા સૌને સાથે મળીને કામ કરવાનો અનુરોધ કર્યો હતો.



જાફરાબાદ જુના નવા બ્રિજ ને અડીને આવેલ જગ્યામાં લાગી આગ : લાગેલી આગનું કારણ યથાવત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ના જુના નવા બ્રિજ ને અડીને આવેલી જગ્યામાં લાગેલી આગ કે પછી લગાવવામાં આવેલી આગ.? જાફરાબાદ નો જુનો બ્રિજ તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવેલ છે. પરંતુ જુના અને નવા બ્રિજ ને અડીને આવેલી જગ્યામાં બન્ને સાઈડ માં બાવળો હોય અને આ ખુલ્લી જગ્યામાં બોટ માંથી નિકળતો થર્મો કોલ તેમજ બોટમાં લગાડવામાં આવતો છાદણો જેવો અને વેસ્ટ ક્યચરો આ ખુલ્લી જગ્યામાં ઠલવાય રહ્યો હોય પરંતુ અવારનવાર અહીં આગ લાગવાનું કારણ શું..?? જુના નવા બ્રિજ પાસે પેડલી વેસ્ટ જગ્યામાં અનેક વ્યક્તિઓ ની નજર હોય તેવું વાહનચાલકો માંથી ચર્ચાઈ રહ્યું છે. આ પેડલી વેસ્ટ જગ્યામાં ભરતી કરવામાં આવી રહી હોય પરંતુ મસમોટા બાવળો હોવાથી તેનો નિકાલ કરવા માટે અવારનવાર આગ લગાડવામાં આવી રહી છે. તેવું લોકમુખે ચર્ચાઓ થઈ રહી છે. આ વેસ્ટ પેડલી જગ્યા માં માર્ગ મકાન વિભાગ (પી. ડબલ્યુ ડી) દ્વારા કોઈ પણ જાતનું દબાણ થઈ તે પહેલાં જાહેર નોટીસ બોર્ડ માંણી ચેતવણી આપી દેવામાં આવશે..?? અહીં લાગેલી આગ જાફરાબાદ નગરપાલિકા ફાયર બ્રિગેડ તથા સિલેટેક્સ કંપની ના ફાયર બ્રિગેડ દ્વારા આગને કાબૂમાં લાવવામાં આવી હતી આ પેડલી પડતર જમીન ઉપર ધીમે ધીમે મટીરીયલ ઠાલવવામાં આવી રહી છે. આ જગ્યામાં કોઈ દબાણ ઉભું થાય તે પહેલા ઘોર નિદ્રામાં સુતેલું તંત્ર જાગ છે. કે પછી હોતા હૈ ચાલતા હે તેવું અપનાવવામાં આવશે..?? આ નવા જુના બ્રિજ ના બન્ને છેડે ખુલ્લી જગ્યામાં અનેક વ્યક્તિઓ ની નજર મંડાયેલી છે. એક છેડે દબાણ થઈ ચુક્યું છે. પરંતુ માર્ગ મકાન વિભાગના ધ્યાન ઉપર ક્યારે આવશે..?? કોઈ ગરીબ વ્યક્તિ એ દબાણ કર્યું હોય તો લાલ આંખ કરવામાં આવશે પરંતુ હાલમાં દબાણ તેમજ બાંધકામ થઈ ગયા હોવા છતાં તંત્ર લાલ આંખ કરવા આવતી નથી હાલમાં જ ફોર લેન રોડ બાબતે જમીન માલિક ખેડૂતો ને બિન અધિકૃત નોટિસ ફટકારવામાં આવી હતી પરંતુ માર્ગ મકાન વિભાગ ની પોતાની જમીન ઉપર બિન અધિકૃત બાંધકામ થઈ ગયા.

ધનતેરસ અને વિશ્વ આયુર્વેદ દિવસ નિમિત્તે લુણાવાડા ભાજપ કાર્યાલય ખાતે મહીસાગર જિલ્લા મેડિકલ સેલ દ્વારા ભગવાન શ્રી ધન્વંતરી પૂજન સંપન્ન

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા ભારતીય જનતા પાર્ટી (મેડિકલ) સેલ દ્વારા ધનતેરસના પાવન અવસર તેમજ 'વિશ્વ આયુર્વેદ દિવસ' નિમિત્તે જિલ્લા મથક લુણાવાડા ખાતે આવેલ ભાજપ કાર્યાલયમાં ભગવાન શ્રી ધન્વંતરીના પૂજન-અર્ચનનો કાર્યક્રમ યોજાયો હતો.

ભારતીય સંસ્કૃતિમાં આયુર્વેદના અધિષ્ઠાતા દેવ તથા આરોગ્ય, સુખાકારી અને દીર્ઘાયુષ્યના પ્રતીક એવા ભગવાન શ્રી ધન્વંતરીના પ્રાગટ્ય દિવસ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમ દ્વારા ભારતીય આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિની સમૃદ્ધ પરંપરા અને તેના મહત્વને ઉજાગર કરવામાં આવ્યું હતું. લુણાવાડા ભાજપ કાર્યાલય ખાતે ભગવાન શ્રી ધન્વંતરીની છબીની સ્થાપના કરી શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે વિધિવત પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્વે મહાનુભાવો દ્વારા ભગવાનને પુષ્પહાર અર્પણ કરી સમૂહ આરતી ઉતારવામાં આવી હતી અને પ્રસાદ વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે મહીસાગર જિલ્લા ભાજપા મહામંત્રી કમલેશભાઈ પાદરીયા, જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ ડો પ્રવિણભાઈ પ્રજાપતિ, ડોકટર સેલ કન્વીનર ડો. જતીન્દ્ર પટેલ, પાલિકા સભ્યો શ્રી દા બેન શુક્લ, ડો મૃણાલ મકવાણા સહિત તબીબો, , ભારતીય સંસ્કૃતિના જતન માટે કાર્યરત મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મેડિકલ સેલ દ્વારા આયોજિત આવા કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ પ્રાચીન ભારતીય આરોગ્ય પરંપરા, આયુર્વેદનું વિજ્ઞાન અને ભગવાન શ્રી ધન્વંતરી પ્રત્યેની આસ્થાને જનમાનસ સુધી પહોંચાડી સર્વેના ઉત્તમ સ્વાસ્થ્યની કામના કરવાનો છે.



નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના જનરલ મેનેજર શ્રી વિવેક ખરેએ સલામતી અને માળખાગત સુવિધાઓની સમીક્ષા કરવા માટે કામાખ્યા-ન્યૂ બોંગાઈગાંવ સેક્શનનું નિરીક્ષણ કર્યું





માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના જનરલ મેનેજર તરીકે કાર્યભાર સંભાળ્યા પછી, શ્રી વિવેક ખરેએ 5 નવેમ્બર, 2026 ના રોજ કામાખ્યા-ન્યૂ બોંગાઈગાંવ સેક્શનનું નિરીક્ષણ કર્યું. તેમણે સલામતી, કાર્યકારી કાર્યક્ષમતા અને તમામ રેલ્વે માળખાગત સુવિધાઓની સમીક્ષા કરી. તેમની સાથે ડિવિઝનલ રેલ્વે મેનેજર/રંગિયા અને ઝોનના અન્ય વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ પણ હતા.

નિરીક્ષણ દરમિયાન, જનરલ મેનેજરે ઐતિહાસિક સરાઈઘાટ બ્રિજનું નિરીક્ષણ કર્યું. તેમણે રૂટ પર રેલ્વે ટ્રેક, સંપત્તિ અને અન્ય માળખાગત સુવિધાઓની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે કામાખ્યાથી ન્યુ બોંગાઈગાંવ સુધી 'વિન્ડો-ટ્રાવેલિંગ' નિરીક્ષણ કર્યું. સલામતી ધોરણો, જાળવણી પ્રક્રિયાઓ અને ઓપરેશનલ તૈયારી પર ખાસ ભાર મૂકવામાં આવ્યો.

શ્રી ખરેએ આ વિભાગ પર સ્થિત લેવલ ક્રોસિંગ ગેટ SK-12, SK-22 અને બ્રિજ નંબર 467 (બેકી નદી)નું પણ નિરીક્ષણ કર્યું. તેમણે તેમની જાળવણી સ્થિતિ, સલામતી જોગવાઈઓ અને ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી. આ નિરીક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો હતો કે આ મહત્વપૂર્ણ રેલ્વે સંપત્તિઓ સલામત, કાર્યક્ષમ અને અવિરત ટ્રેન સંચાલન માટે સંપૂર્ણપણે વિશ્વસનીય રહે.

નલબારી રેલ્વે સ્ટેશન પર, જનરલ મેનેજરે ઓપરેશનલ સલામતી અને સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે પોઈન્ટ અને ક્રોસિંગનું નિરીક્ષણ કર્યું. તેમણે અમૃત ભારત સ્ટેશન યોજના (અમૃત ભારત સ્ટેશન યોજના) હેઠળ ચાલી રહેલા સ્ટેશન પુનર્વિકાસ કાર્યની પણ સમીક્ષા કરી. આ યોજનાનો હેતુ મુસાફરોની સુવિધાઓ વધારવા અને મુસાફરીના અનુભવને સુધારવાનો છે.ન્યૂ બોંગાઈગાંવ ખાતે, શ્રી વિવેક ખરેએ પિટ લાઈન સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. કોચનું નિરીક્ષણ અને જાળવણી કરવા માટે આ એક મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, ખાતરી કરો કે તેઓ સંપૂર્ણપણે ફિટ અને સેવા માટે તૈયાર છે. તેમણે ન્યૂ બોંગાઈગાંવ ખાતે નવીનીકૃત ફ્રૂ લોબીનું પણ ઉદ્ઘાટન કર્યું. આ લોબી ટ્રેન ક્રૂની ઓપરેશનલ જરૂરિયાતોને પૂર્ણ કરવામાં, તેમના કાર્યમાં વધુ સારી સુવિધાઓ અને વધુ સારું સંકલન પ્રદાન કરવામાં મદદ કરશે, જેનાથી ઓપરેશનલ કાર્યક્ષમતામાં વધારો થશે.આ નિરીક્ષણ રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા, સલામતી ધોરણોને અપગ્રેડ કરવા, ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો કરવા અને મુસાફરો અને રેલ્વે કર્મચારીઓ બંનેને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટે ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

જૂનાગઢ જિલ્લામાં અમરાપર ખાતે મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે માળીયા અને બિલખા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાઓનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ, તા.૦૬, જૂનાગઢ જિલ્લાના ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં છેવાડા ના માનવી સુધી પૂરતા પ્રમાણમાં અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લા માં રૂ.૪૩.૯ કરોડના ખર્ચે નવી યોજનાઓ ના ખાતમુહૂર્ત તથા લોકાર્પણનો કાર્યક્રમ મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના વરદ હસ્તે તા.૦૬/૧૧/૨૦૨૬ ના રોજ માળીયા હાટીના તાલુકાના અમરાપર મુકામે યોજાયો હતો. કાર્યક્રમમાં મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સમગ્ર જૂનાગઢ જિલ્લામાં પીવાનું અને વાપરવા માટેનું સ્વચ્છ પાણી મળી રહે તે માટે સરકાર સતત કટિબદ્ધ રહે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કલ્પસર યોજના, નળ સે જળ અભિયાન, સુજલામ સુફલામ અભિયાન, જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના આ બધા થકી આજે રાજ્યના લાખો લોકોને ઘરે બેઠા પીવાનું સ્વચ્છ પાણી મળે છે. આ કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાના ૪૨ ગામો, મેંદરડા તાલુકાના ૫ ગામો તથા ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાનું ૧ ગામ આમ કુલ ૪૮ ગામો માટેની ૩૫.૨૦ કરોડની માળીયા ભાગ-૧ અને ભાગ-૨ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ યોજનાઓથી જૂનાગઢ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પાણીની સમસ્યામાં મોટી રાહત મળશે. આ જ યોજના અંતર્ગત માળીયા ભાગ-૧ માં માળીયા હાટીના તાલુકાના ૩૦ ગામો અને મેંદરડા તાલુકાના ૫ ગામો આમ કુલ ૩૫ ગામોને આવરી લેવાયા છે. જેમાં રૂ. ૧૯.૭૭ કરોડના ખર્ચની મંજૂરી આપવામાં આવી છે. આ યોજના અન્વયે ૬૨, ૪૩૨ લોકોને લાભાન્વિત કરવામાં આવશે. તેમજ માળીયા ભાગ-૨ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનામાં માળીયા હાટીના તાલુકાના ૧૨ ગામો અને વેરાવળ તાલુકાના ૧ ગામો સહિત કુલ ૧૩ ગામોને આવરી લેવાયા છે. જેની હાલની વસ્તી ૨૭, ૭૧૮ છે. આ માટે રૂ.૧૫.૪૩ કરોડની મંજૂરી આપવામાં આવી છે.આ સાથે જ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકાના ૧૮ ગામોને આવરી લેતી રૂ. ૮.૭૦ કરોડની બિલખા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. આ યોજનાથી ૪૪, ૬૭૦ જેટલી વસ્તીને લાભ મળશે. આ તકે મંચસ્થ મહેમાનોના હસ્તે લોકાર્પણની ઈ તકતીનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. તેમજ જૂનાગઢ જિલ્લામાં આ યોજનાના વિકાસની ઝાંખી કરાવતી દસ્તાવેજી ચલચિત્ર પણ સર્વેએ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ, ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ કરગઠીયા, જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી સહિત ના વિવિધ લોક અગ્રણીશ્રીઓ, સરપંચ શ્રીઓ, લાભાર્થીઓ, સંબંધિત પાણી પુરવઠા વિભાગના અધિકારીગણ, કર્મચારીગણ તેમજ બહોળી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો હાજર રહ્યા હતા. જૂનાગઢ જિલ્લાના ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં છેવાડાના નાગરિક સુધી પૂરતા પ્રમાણમાં અને શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાના રાજ્ય સરકારના અભિયાન અંતર્ગત એક મોટી ભેટ મળી છે. જિલ્લામાં રૂ. ૪૩.૯ કરોડના ખર્ચે નવી પાણી પુરવઠા યોજનાઓના ખાતમુહૂર્ત તથા લોકાર્પણનો ત્રિવેણી કાર્યક્રમ ૬ નવેમ્બર ૨૦૨૬ ના રોજ માળીયા હાટીના તાલુકાના અમરાપર મુકામે મંત્રી ઈશ્વરસિંહ પટેલના વરદ હસ્તે ધામધૂમથી યોજાયો હતો.

દિવાળી અને નૂતન વર્ષના તહેવારો નિમિત્તે અંબાજી મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર

પાલનપુર | શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી દિવાળીના તહેવારો તેમજ નૂતન વર્ષના પાવન દિવસો દરમિયાન દર્શનાર્થે આવતા યાત્રાળુઓની સુવિધા ખાતર મંદિર ખાતે આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

નૂતન વર્ષ એટલે કે બેસતા વર્ષના દિવસે તા. ૧૦-૧૧-૨૦૨૬ (કારતક સુદ એકમ), મંગળવારના રોજ માતાજીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવશે. આ દિવસે સવારે આરતી ૦૬:૦૦ થી ૦૬:૩૦ કલાકે અને સવારના દર્શન ૦૬:૩૦ થી ૧૧:૩૦ કલાક સુધી થઈ શકશે. બપોરે ૧૨:૦૦ કલાકે રાજભોગ ધરાવાશે અને ત્યારબાદ ૧૨:૩૦ થી ૧૬:૧૫ સુધી દર્શન ખુલ્લા રહેશે. સાંજે આરતી ૧૮:૩૦ થી ૧૯:૦૦ કલાકે થશે તેમજ સાંજના દર્શન ૧૯:૦૦ થી ૨૧:૦૦ કલાક સુધી ચાલુ રહેશે.

ત્યારબાદ તા. ૧૧-૧૧-૨૦૨૬ (કારતક સુદ બીજ)થી તા. ૧૪-૧૧-૨૦૨૬ (કારતક સુદ પાંચમ) શનિવાર સુધી સવારે આરતી ૦૬:૩૦ થી ૦૭:૦૦ કલાકે અને દર્શન ૦૭:૦૦ થી ૧૧:૩૦ કલાક સુધી રહેશે. બપોરે ૧૨:૦૦ કલાકે રાજભોગ બાદ ૧૨:૩૦ થી ૧૬:૧૫ સુધી દર્શન થઈ શકશે. સાંજે ૧૮:૩૦ થી ૧૯:૦૦ આરતી તેમજ ૧૯:૦૦ થી ૨૧:૦૦ કલાક સુધી ભક્તો દર્શનનો લાભ લઈ શકશે.

તા. ૧૫-૧૧-૨૦૨૬ રવિવારથી આરતી અને દર્શનનો સમય રાબેતા મુજબ થઈ જશે, જેમાં સવારે આરતી ૦૭:૩૦ થી ૦૮:૦૦ કલાકે અને દર્શન ૦૮:૦૦ થી ૧૧:૩૦ કલાકે થશે. બપોરે ૧૨:૦૦ વાગ્યે રાજભોગ તેમજ ૧૨:૩૦ થી ૧૬:૧૫ સુધી દર્શન રહેશે. સાંજે આરતી ૧૮:૩૦ થી ૧૯:૦૦ કલાકે અને દર્શન ૧૯:૦૦ થી ૨૧:૦૦ કલાક દરમિયાન નિયમિત રીતે યોજાશે. આ ફેરફારની સર્વે માઈભક્તો તથા જાહેર જનતાને નોંધ લેવા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટરશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાતોરાત લાખોની જોબ આંચકી લેનાર ટોચની કંપનીઓનો યુ-ટર્ન



વૈશ્વિક સ્તરે 2026માં 2 લાખથી વધુ કર્મચારીઓને છટણી કરનાર માઇક્રોસોફ્ટ, ગૂગલ અને મેટા જેવી ટેક કંપનીઓ હવે યુ-ટર્ન લઈ રહી છે. કર્મચારીઓની છટણી કરવાને બદલે, આ કંપનીઓ સ્વૈચ્છિક નિવૃત્તિની ઓફર કરી રહી છે, જેમાં અન્ય નોકરી શોધવા માટે સમય અને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. આ પગલું તેમની જોબ માર્કેટમાં ગુમાવેલી પ્રતિષ્ઠા સુધારવાનો પ્રયાસ છે.

૨૦૨૬ ના શરૂઆતના ૮ મહિનામાં બે લાખથી વધુ લોકોની જોબ રાતોરાત આંચકી લેનાર ટોચની કંપનીઓ જોબ ક્ષેત્રે બદનામ થઈ હતી. કંપનીમાં જાડાવા માંગતા નવા લોકો જોબ સિક્યોરીટી માટે આગ્રહ કરવા લાગ્યા હતા. વર્ષ ૨૦૨૬માં વૈશ્વિક સ્તરે ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં મોટા પાયે છટણી જોવા મળી છે, જેમાં ૨,૦૦,૦૦૦ (૨ લાખ)થી વધુ કર્મચારીઓએ પોતાની નોકરી ગુમાવી હતી. એક અહેવાલ અનુસાર ૩ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં ૫૬૭ કંપનીઓમાંથી કુલ ૨,૩૨,૯૪૬ કર્મચારીઓની નોકરી આંચકી લેવાઈ હતી. ભારતની વાત કરીએ તો ભારતના આઈટી (ઇન્ફોર્મેશન ટેકનોલોજી) ક્ષેત્રમાં આ વર્ષે સાયલન્ટ પરફોર્મન્સ વહિવટી ફેરફાર જેવા કારણો આગળ ધરીને ૨૫,૦૦૦ થી ૩૫,૦૦૦ જેટલા લોકોને ઘરભેગા કરી દેવાયા હતા.

મોટી કંપનીઓ સામે બહુ ઉહાપોહ થયા બાદ તાજેતરમાં ગુગલે કર્મચારીઓની હકાલપટ્ટીના બદલે સ્વૈચ્છીક નિવૃત્તિ પર ભાર મુક્યો છે. જેમાં કર્મચારીને અન્ય કંપનીમાં જોબ શોધવાનો સમય તેમજ તે દરમ્યાન કેટલીક સવલતો આપવાની ઓફર પણ કરી છે. ગુગલે લીધેલા સ્વૈચ્છીક પગલાંની વાહ વાહ થતાં જ મેટા કંપની પણ ગુગલ જેવી ઓફર આપવા તૈયાર થઈ છે. મેટાએ કર્મચારીઓને સ્વૈચ્છિક નિવૃત્તિની ઓફર કરવાની તૈયારી બતાવી છે.

આ કંપનીઓ બહુ ઉસ્તાદ છે. એક સમયે લોકોને રાતેરાત જોબ વિહોણા બનાવી દેનાર કંપનીઓ હવે સ્વૈચ્છિક નિવૃત્તિ માટે વિવિધ સ્કીમો ઓફર કરવામાં પણ સ્પર્ધા કરી રહી છે અને તે રીતે જોબ ક્ષેત્રે તેમની ખાડે ગયેલી ઈમેજને સુધારવા પ્રયાસ કરી રહી છે.

પંદર દિવસ અગાઉ માઇક્રોસોફ્ટે માઇક્રોસોફ્ટ ભારત અને અન્ય ૩ દેશોમાં ૬૦,૦૦૦ કર્મચારીઓને સ્વૈચ્છીક નિવૃત્તિ માટે ઓફર કરી હતી. માઇક્રોસોફ્ટે તેના ૨૫ ટકાથી વધુ કર્મચારીઓની રાતોરાત હકાલપટ્ટી કરવાના બદલે સ્વૈચ્છિક નિકાસની ઓફર કરી હતી. ભારત સહિતના દેશોના ૬૦,૦૦૦ કર્મચારીઓને આ વિકલ્પ મળશે. માઇક્રોસોફ્ટે કર્મચારીઓને સ્વૈચ્છિક રીતે કંપની છોડવાનો વિકલ્પ આપવાની યોજનાની જાહેરાત કરી હતી.

મેટાએ તેના કર્મચારીઓને સ્વૈચ્છીક નિવૃત્તિ માટેનું પેકેજ સાથે છોડી જવા માટે કહેવામાં માઇક્રોસોફ્ટ અને ગૂગલ સાથે જોડાયું છે. ટૂંકમાં કંપની સ્ટાફને તેમને રાતોરાત ખાલી હાથે નથી કાઢતા પણ તમે કોઇ આર્થિક સમસ્યામાં ફસાઇ ના જાવ તેનું પણ ધ્યાન રાખે છે તેવો મેસેજ જોબ માર્કેટમાં આપવા માંગે છે.

જે કર્મચારીઓ આ યોજનાનો ભાગ બનવા માંગે છે તેમણે નિયત કરેલી તારીખ સુધીમાં પોતાની અરજીઓ સબમિટ કરવાની રહેશે. દરેક કંપનીઓની સ્વૈચ્છીક નિવૃત્તિની શરતો અલગ હોય છે પરંતુ મોટાભાગની શરતો એક સમાન જોવા મળે છે જેમ કે કર્મચારીઓને સેવાના દરેક વર્ષ માટે સવા બે મહિનાનો પગાર આપવામાં આવશે. તેઓને તેમના ગ્રોસ પગારના ૮૦ ટકા દરે ચૂકવવામાં આવતી ૧૦ મહિનાની મોબિલિટી લીવ પણ મળશે. મેટા કંપની તો સ્વૈચ્છીક નિવૃત્તિ લેનાર પર ઓળઘોળ થઈ હોય લાગે છે. કહે છે કે જે લોકો પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગતા હોય તેમને પણ કંપની મદદ કરશે.

ગુગલે જાહેર કરેલા સેવૈચ્છીક નિવૃત્તિના પ્રોગ્રામની અસર સ્વિટ્ઝરલેન્ડમાં દેખાઈ રહી છે. તેમના એક્ઝિટ પેકેજમાં સેવાના દરેક વર્ષ માટે એક મહિનાના પગારની ઓફર કરવામાં આવી હતી, જે મહત્તમ ૧૨ મહિનાની ચુકવણીને આધીન હતી.

વૈશ્વિક સ્તરની ટોચની કંપનીઓના વહિવટ ગાડરીયા પ્રવાહ જેવા હોય છે. એક કંપનીએ આર્ટિફિશ્યલ ઇન્ટેલીજન્સના મુદ્દાને આગળ ધરીને સ્ટાફની છટણી શરૂ કરી ત્યારે અન્ય કંપનીઓએ પણ છટણીની તલવાર વિંઝવાનું શરૂ કર્યું હતું. કેટલીક કંપનીઓએ ઇમેલ પર જાણ કરીને જોબ આંચકી લીધી હતી તો કેટલાક કંપનીઓએ કંપનીના દરવાજાની બહાર યાદી લટકાવીને તેમને પ્રવેશતા અટકાવી દીધા હતા. જેમની જોબ આંચકી લેવાતી હતી તે કાયદેસર કશું કરી શકતા નહોતા કેમ કે જોબ મેળવતી વખતે કેટલીક શરતોમાં સહી કરાવીને કાંડા કાપી આપ્યા હતા.

કાળીચૌદસ : માતાજી સાથે ભગવાનની પણ કૃપા પ્રાપ્તિ કરી શકાય



કાળી ચૌદશ

- રુપાલી દવે

દર વર્ષ ની માફક આ વર્ષે પણ દિવાળી ના તહેવાર માં આવતા કાળીચૌદશ ના દિવસે આધ્યાત્મિક અને તાંત્રિક પ્રગતિ માટે તંત્ર મંત્ર અને પાઠ થતા હોય છે.કાળીચૌદસ ના દિવસે મંત્ર અને પાઠ દ્વારા માતાજી સાથે ભગવાન ની પણ કૃપા પ્રાપ્તિ કરી શકાય છે.આમ તો એકાદશી થી લઈને દેવ દિવાળી સુધી ના બધાજ દિવસો એ ખૂબ પવિત્ર માનવામાં આવે છે,કેમ? પુરાણ અનુસાર દિવાળી ના પવિત્ર તહેવાર માં આ દેવતાઓ સાથે માઁ ભગવતી અને પૂર્ણ પરમાત્મા પણ પૃથ્વી પર અદૃશ્ય સ્વરૂપે ભ્રમણ કરતા હોય છે. આ દિવસે શ્રદ્ધા અને ભક્તિ ભાવ થી પાઠ અને મંત્રજાપ કરવાથી આખું વર્ષ વિના અવરોધે કાર્ય સફળતા પૂર્વક પૂર્ણ થતા જીવનમાં સમૃદ્ધિ અને શાંતિ રહે છે.દેવી ભાગવત મુજબ દિવાળી ના તહેવાર માં આવતા ચૌદશ તિથિના દિવસે માઁ મહાકાળી એ રક્ત બીજ દૈત્ય નો વધ કર્યો હતો.રક્તબીજ એ શુંભ અને નીશુભ દૈત્ય નો સેનાપતિ અને ભગવાન શિવ નો ભક્ત હતો. આ દૈત્ય એ ઇચ્છિત વરદાન ની પ્રાપ્તિ માટે ભગવાન શિવ ને ઉગ્ર તપસ્યા થી પ્રસન્ન કર્યા હતા.જ્યારે ભગવાન શિવ એની તપસ્યા થી પ્રસન્ન થયા ત્યારે રક્તબીજ એ એવું વરદાન માંગ્યું હતું કે એના શરીર માંથી જેટલા લોહી ના ટીપાં જમીન પર પડે એટલી સંખ્યા માં એના જેવા અસંખ્ય પરાક્રમી રક્તબીજ પેદા થઈ જાય.આ કારણોસર માઁ મહા કાલી એ જેટલી વાર રક્તબીજ નો વધ કર્યો એટલી વાર બમણા રક્તબીજ પેદા થઈ જતા હતા. દૈત્ય રક્તબીજ ની સંખ્યા માં વધારો જોતા જ સૌમ્ય સ્વરૂપ ત્યજી ને માતાજી એ ઉગ્ર ભયાનક મહા કાલી નું સ્વરૂપ ધારણ કર્યું હતું. હાથ માં પકડેલ ખડગ થી રક્તબીજ નું માથું કાપી ને એના લોહી ના ટીપાં ને જીભ વડે ચાટ્યા હતા.

જ્યારે દૈત્ય રક્તબીજ ના શરીર ની અંદરનું બધું લોહી સુકાઈ ગયું ત્યારે માઁ મહાકાલી એ રક્તબીજનો વધ કર્યો હતો. રક્તબીજ ના વધ બાદ માઁ મહાકાળી ના ઉગ્ર સ્વરૂપ એ શુંભ નિશુંભ દૈત્યોનો પણ વધ કરી નાખ્યો હતો. શુંભ નિશુંભ દૈત્યો ના વધ કર્યા બાદ માતાજી નું ઉગ્ર ભયાનક સ્વરૂપ ને પુનઃ સૌમ્ય સ્વરૂપ માં લાવવું દેવી દેવતાઓ માટે પણ અશક્ય બન્યું હતું. આ સ્વરૂપ માં દૈત્યો અને નિર્દોષ મનુષ્યો પણ મુખમાં કોળિયો બનતા માઁ મહાકાળી ના માર્ગ માં આવીને ભગવાન શિવ ને સૂઈ જવું પડ્યું હતું. જ્યારે અતિ રૌદ્ર સ્વરૂપે માઁ મહાકાળી યુદ્ધ ભૂમિ માં ફરી રહ્યા હતા ત્યારે અચાનક એનો જમણો પગ ભગવાન શિવ ની છાતી પર પડ્યો. શિવ નો શક્તિ ને સ્પર્શ થતા જ એણે ઊગ્ર સ્વરૂપ ત્યજી ને સૌમ્ય સ્વરૂપ ધારણ કર્યું હતું. આ કારણોસર કાળી ચૌદશ ની રાતે તાંત્રિકો અને સિદ્ધો મહાકાળી ની સાધના માં ભગવાન શિવ ની સતત ઉપસ્થિતિ રહે એ પ્રકારે મંત્ર સાધના કરતા હોય છે.

આમ પણ કાળી ચૌદશ ની રાત્રિએ આસુરી કાળ નો પ્રભાવ વધી જતો હોય. કાળી ચૌદશ ની રાત્રિના ૧૨ થી સવાર ના ૪ વાગ્યા નો સમય ગાળામાં આસુરી શક્તિ સંમોહન વિદ્યા,વશીકરણ વિદ્યા,કર્ણ પિસાચીની વિદ્યા, સૂક્ષ્મ સ્વરૂપ એ નિહાળી શકાય, મારણ વિદ્યા વગેરે વગેરે સાધના ઓ સફળ થતી હોય છે. મંત્ર શક્તિ થી કઠીન સાધના દ્વારા માતાજી ની પ્રસન્નતા મેળવી ને ઈચ્છિત વરદાન પ્રાપ્ત કરતા હોય છે.આજ નો સમય ભલે આધુનિક બની ગયો હોય એવું વસ્ત્ર પરિધાન અને બોલચાલ થી લાગતું હોય. તંત્ર સાધના એ એવી સાધના છે ને કે એ સાધ્ય કર્યા બાદ મૂંગા ને બોલતો અને બોલતા ને મૂંગો કરી શકાય છે.સેંકડો અંતરે બેઠેલ વ્યક્તિ શું વિચારી રહ્યો છે? કેમ? વગેરે વગેરે તંત્રશક્તિ ની મદદ થી જાણી શકાય છે. આ પ્રકાર ની વિદ્યાઓ સ્મશાન માં સિધ્ધ થતી હોય છે.જે રીતે ભોજન ના સાત્વિક અને તામસિક બે પ્રકાર છે એજ રીતે તંત્ર વિદ્યા ના પણ બે પ્રકાર અઘોરી અને સૈદ્ધાંતિક.અઘોરી સાધનાઓ એ મેલી વિદ્યા ની પ્રાપ્તિ માટે થતી હોય છે. ઉદાહરણ : જાદુ ના ખેલ નજર સામે થતાં હોવા છતાંય આપણે જાદુગર પર શંકા કરતા નથી.આવું જ કંઈક અચાનક શાંત પાણી જેવા સ્વચ્છ જીવન માં થતી ઉથલપાથલ પાછળ નું કારણ કોણ? નજર સામે તો છે છતાંય દેખાયું કેમ નહી? પ્રશ્ન થવા સ્વભાવિક છે.

આ દિવસ ને નરક ચતુર્દશી ના નામે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ભગવાન શ્રી કૃષ્ણ એ એની પત્ની સત્યભામા ની હાજરી માં નરકાસુર નો વધ કર્યો હતો. રાજાઓની સોળ વર્ષ થી નાની કુંવરીઓનું નરકાસુર એ અપહરણ કર્યા બાદ એના નગર ની નિર્જન તળેટીમાં આવેલ મહેલ મા કેદ કરી હતી. આ કુંવરી ઓને કેદ કર્યા બાદ નરકાસુર એના તરફ નજર સુધ્ધા પણ કરતો નહતો. મૃત્યુ ની રાહ માં ૧૬૧૦૦ કુંવરી ઓ ભગવાન શ્રી કૃષ્ણ નું સ્મરણ કરતાં કરતાં જીવી રહી હતી. નરકાસુર પાસે અલૌકિક શક્તિઓ હતી અને મુર નામના દૈત્ય નું બળ હતું.મુર દૈત્ય એ નરકાસુર નો સેનાપતિ હતો એટલે એને હરાવવો અન્ય રાજાઓ માટે અશક્ય હતો.નરકાસુરને પૃથ્વી ના રાજાઓ તો ઠીક દેવો માટે પણ હરાવવા અશક્ય હતો.એ એટલો ઉદ્ધત બની ગયો હતો કે એને સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ના માતા ના કાન ના કુંડલો ચોરી લીધા હતા. નરકાસુરને વરદાન હતું કે એ સ્ત્રીઓના હાથ મૃત્યુ પામશે. ભગવાન શ્રી કૃષ્ણ એ પત્ની સત્યભામા નો સહારો લઈને નરકાસુર નો વધ કર્યો હતો. નરકાસુર નો વધ થતાં દેવો એ પુષ્પ વૃષ્ટીઓ કરીને ચારે તરફ જન જનમાં ખુશીઓ ફેલાઈ ગઈ.

ભગવાન શ્રી કૃષ્ણ એ નરકાસુરના પ્રિય પુત્ર ભગદતને રાજગાદી સોંપી ને ઈન્દ્ર ની માતા અદિતિના કુંડળ લીધા. નગર ની તપેટી ના નિર્જન મહેલ મા કેદ ૧૬૧૦૦ રાજ કુંવરી ઓને આઝાદ કરી.આ કુંવરી ઓને ભગવાન એ પોતપોતાના રાજ્ય મા મોકલવા પાલખી તૈયાર થતા પ્રસ્થાન કરવાનું સૂચવ્યું. ૧૬૧૦૦ કુંવરી ઓએ ભગવાન શ્રી કૃષ્ણ ને રડતા રડતા કહ્યું કે હે!!પરમેશ્વર,અમે પરત નગર માં જઈશું તો કદાચ એમને ફરી સ્વીકારવા તૈયાર થશે નહિ. સ્ત્રી એક રાત પણ પર પુરુષ ના ત્યાં રોકાય છે તો એને સ્વજનો સ્વીકારતા નથી.અમારા જેવી બદનસીબ સ્ત્રીઓના જીવન ને મૃત્યુ વરદાન સાબિત થશે.મૃત્યુ આપો અથવા તો તમારા મહેલ ની દાસીઓ બનશું અન્ય વિકલ્પ અમારા જેવા બદનસીબ માટે નથી. ભગવાન શ્રી કૃષ્ણ એ પત્ની સત્યભામા ની મરજી થી ૧૬૧૦૦ રાજાઓ ની કુંવરીઓ સાથે નરક ચતુર્દશી ના દિવસે પાણિગ્રહણ કર્યું હતું. ભગવાન શ્રી કૃષ્ણ એ ૧૬૧૦૦ રાજા ની કુંવરીઓ ને નરકાસુર ની કેદ માં કેદ માંથી મુક્તિ અપાવી ને કુંવરીઓની વિનંતી સ્વીકારી ને એના સાથે લગ્ન કર્યા બાદ બધાને દ્વારિકા માં અલાયદા મહેલ સાથે એની સેવા અને સુખ સુવિધા માટે દાસ દાસીઓ ની નિયુક્તિ કરી હતી.

આ વર્ષે કાળીચૌદશ નો તહેવાર શનિવારે આવતો હોવાથી તંત્ર અને મંત્ર ના પ્રયોગો થી તંત્ર સાધના અને પાઠ કરવાથી વિશેષ બની જાય છે.કાળી ચૌદશ ના દિવસ ને પશ્ચિમ બંગાળ માં માઁ મહાકાળી ના જન્મ દિવસ નિમિતે ધામધૂમ થી ઉજવવા માં આવે છે.કહેવાય છે કે ચૌદશ ની રાતે યમરાજા ની પૂજા કરવાથી અકાળ મૃત્યુ થતું નથી.દિવાળી ના તહેવાર માં આવતી ચૌદશ ની તિથિ એ ભગવાન શ્રી કૃષ્ણ,માઁ મહાકાળી,ભૈરવ અને હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવે છે.વાચક મિત્રો, કાળી ચૌદસના ઉતમ પર્વ નિમિતે તમામ પ્રકાર ના તંત્ર, મંત્ર,દાન કરવાથી અને હનુમાન ચાલીસા ના પાઠનું સહસ્ત્ર ગણું ફળ મળતું હોય છે.

રણબીરની 'રામાયણ' રણવીરની 'ધુરંધર-2'ને પછાડી ન શકી...

ઓપનિંગ ડે પર ₹65 કરોડ કમાણી; પ્રભાસની 'આદિપુરુષ'થી પણ પાછળ રહી ગઈ

(એજન્સી) મુંબઈ | તા.06

રણબીર કપૂર સ્ટારર ફિલ્મ 'રામાયણ'એ પહેલા દિવસે 64.85 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું છે. સેકનિલ્કના આંકડા અનુસાર, આ 2026ની બીજી સૌથી મોટી હિન્દી ઓપનિંગ બની ગઈ છે.

ફિલ્મે તમામ ભાષાઓ મળીને 77.50 કરોડનું ગ્રોસ કલેક્શન હાંસલ કર્યું છે. જોકે, 'રામાયણ' આ વર્ષની બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધર-2'નો રેકોર્ડ તોડી શકી નથી. સાથે જ તે પ્રભાસની 'આદિપુરુષ'થી પણ પાછળ રહી ગઈ છે. 'આદિપુરુષ'એ પહેલા દિવસે 86.75 કરોડની કમાણી કરી હતી.

ફિલ્મ 'રામાયણ'ને દેશભરમાં 25,200 શોમાં રિલીઝ કરવામાં આવી હતી, જેમાં સૌથી મોટો ફાળો હિન્દી ભાષાનો રહ્યો. હિન્દી વર્ઝને 20,678 શો દ્વારા 47.50 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું.

ઓવરસીઝ માર્કેટમાંથી 20થી 40 કરોડ રૂપિયાની કમાણી થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેના કારણે ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન 100 કરોડ રૂપિયાને પાર પહોંચી જશે.

ઓપનિંગ ડેના આંકડાઓની બાબતમાં 'રામાયણ'એ શાહરુખ ખાનની 'પઠાન' અને રણબીર કપૂરની અગાઉની ફિલ્મ 'એનિમલ'ના પહેલા દિવસના કલેક્શનને પાછળ છોડી દીધું છે.

જોકે, આ ફિલ્મ વર્ષ 2026ની સૌથી મોટી ઓપનર 'ધુરંધર: ધ રિવેન્જ' (102.55 કરોડ નેટ)થી પાછળ રહી. આ ઉપરાંત, વર્ષ 2023માં રિલીઝ થયેલી પ્રભાસ સ્ટારર 'આદિપુરુષ'નો ઑલ-લેંગ્વેજ ઓપનિંગ ડે રેકોર્ડ (86.75 કરોડ) પણ આ ફિલ્મથી આગળ છે.

ટ્રેડ એક્સપર્ટ્સ અને દર્શકોના જણાવ્યા અનુસાર, ગુરુવારે રિલીઝ થવા અને દિવાળી પહેલાં મુસાફરી તથા તૈયારીઓના કારણે ઘણા પરિવારો પહેલા દિવસે સિનેમાઘરો સુધી પહોંચી શક્યા નહીં.

આ ઉપરાંત પ્રીમિયમ ટિકિટોની ઊંચી કિંમતો, જમીની સ્તરે પ્રમોશનનો અભાવ અને ભૂતકાળમાં 'આદિપુરુષ'થી મળેલી નિરાશાના કારણે કેટલાક દર્શકો શરૂઆતમાં સાવચેત જોવા મળ્યા. આ તમામ કારણોની અસર ફિલ્મના પહેલા દિવસના સંભવિત કલેક્શન પર જોવા મળી. ઓપનિંગ ડે બાદ દર્શકો અને સમીક્ષકો તરફથી ફિલ્મને અલગ-અલગ પ્રતિસાદ મળ્યા છે. દર્શકોએ ફિલ્મમાં ઉપયોગમાં લેવાયેલી વિઝ્યુઅલ ઈફેક્ટ્સ (VFX)ની પ્રશંસા કરી છે. આ ઉપરાંત ભગવાન રામના રૂપમાં રણબીર કપૂર અને રાવણના પાત્રમાં સાઉથ સ્ટાર યશની એક્ટિંગને પણ ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે.

અહેવાલો અનુસાર, 'રામાયણ' ભારતીય સિનેમાના ઇતિહાસનો સૌથી મોટો અને મોંઘો પ્રોજેક્ટ છે. ફિલ્મનું કુલ બજેટ લગભગ 4,000 કરોડ રૂપિયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે, જેમાં તેના બંને ભાગોનો સમાવેશ થાય છે.

ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામના રૂપમાં, સાઈ પલ્લવી માતા સીતાના પાત્રમાં, રવિ દુબે લક્ષ્મણની ભૂમિકામાં અને KGF ફેમ યશ રાવણની ભૂમિકામાં જોવા મળી રહ્યા છે.

'રામાયણ પાર્ટ-1'માં રણબીરની મર્યાદા ને યશનું રૌદ્ર સ્વરૂપ છવાયું:VFXમાં ભવ્યતા પણ સંગીત અને ડાયલોગ થોડા ફીકા પડ્યા, જાણો કેવી છે 4000 કરોડની ફિલ્મ એક તરફ અયોધ્યાના રાજકુમાર રામ છે, જેમના માટે મર્યાદા સૌથી મોટો ધર્મ છે. બીજી તરફ લંકાનો રાજા રાવણ છે, જેની પાસે જ્ઞાન પણ છે, શક્તિ પણ છે.



દિવાળી પાર્ટી 2026...

દિવાળી પાર્ટીમાં ઐશ્વર્યા - અભિષેકની રોમેન્ટિક કેમેસ્ટ્રી : મલાઇકા અરોરા બોયફ્રેન્ડ સાથે પહોંચી









(એજન્સી) મુંબઈ | તા.06

પ્રખ્યાત ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ ગુરુવારે રાત્રે મુંબઈમાં પોતાની વાર્ષિક દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં બોલિવૂડની અનેક હસ્તીઓએ હાજરી આપી હતી. પાર્ટીમાં ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચનની રોમેન્ટિક કેમેસ્ટ્રીએ સૌનું ધ્યાન ખેંચ્યું. જ્યારે , મલાઈકા અરોરા પોતાના કથિત બોયફ્રેન્ડ અને બિઝનેસમેન હર્ષ મહેતા સાથે જોવા મળી હતી.

આ ઉજવણીમાં નીતા અંબાણી, કરીના કપૂર ખાન, સૈફ અલી ખાન, અક્ષય કુમાર, કીર્તિ સેનન, દિશા પટાની અને કરણ જોહર જેવી હસ્તીઓ પણ સામેલ થઈ હતી.

ઈવેન્ટમાં ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચને એકસાથે એન્ટ્રી લીધી. ઐશ્વર્યા લાલ રંગના પરંપરાગત લુકમાં જોવા મળી, જ્યારે અભિષેક બ્લેક આઉટફિટમાં જોવા મળ્યો. બંનેએ પાપારાઝીની સામે હાથમાં હાથ પકડીને પોઝ આપ્યા. તસવીરો માટે પોઝ આપતી વખતે બંને એકબીજા તરફ જોઈને સ્મિત કરતા અને શરમાતા જોવા મળ્યાં. પાર્ટીમાં એક્ટ્રેસ મલાઈકા અરોરા પોતાના રૂમર્ડ બોયફ્રેન્ડ અને બિઝનેસમેન હર્ષ મહેતા સાથે પહોંચી હતી. મલાઈકાએ પિંક અને વ્હાઇટ કોમ્બિનેશનવાળો શિમરી લહેંગો પહેર્યો હતો, જેને તેણે ડાયમંડ નેકલેસ સાથે સ્ટાઈલ કર્યો હતો.

સની પિતા ધર્મેન્દ્રના ફાર્મહાઉસ પર પહોંચ્યા

પુત્ર કરણ સાથે ખેતરમાં ભાવુક દેખાયા; કેપ્શનમાં લખ્યું- 'પપ્પા, તમારી યાદ આવી રહી છે'

(એજન્સી) મુંબઈ | તા.06

બોલિવૂડ એક્ટર સની દેઓલ પોતાના પુત્ર કરણ દેઓલ સાથે દિવંગત પિતા ધર્મેન્દ્રના મહારાષ્ટ્ર સ્થિત 100 એકરના ફાર્મહાઉસ પર પહોંચ્યા. મુંબઈની દોડધામથી દૂર લોનાવલાની પહાડીઓમાં આવેલા આ ફાર્મહાઉસ પર પહોંચીને સની દેઓલ પોતાના પિતાને યાદ કરીને ભાવુક જોવા મળ્યા.

તેમણે સોશિયલ મીડિયા પર આ મુલાકાતનો એક વીડિયો શેર કર્યો, જેમાં તેઓ ખેતરોની વચ્ચે ઊભા રહીને ડાંગરની કાપણી અને સફાઈનું કામ જોઈ રહ્યા છે. પોસ્ટના કેપ્શનમાં સનીએ 'મિસિંગ યુ પાપા' લખ્યું. સની દેઓલ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં તેઓ પોતાના પુત્ર કરણ દેઓલ સાથે ફાર્મહાઉસના ખેતરોમાં ઊભેલા નજરે પડે છે. ત્યાં સ્થાનિક મજૂરો ડાંગરની સફાઈના કામમાં વ્યસ્ત છે. વીડિયોના દરમિયાન સની પોતાના પુત્રને કહે છે- 'આ મારા પપ્પાનું ખેતર છે, તેઓ તમારા માટે મોટા પપ્પા હતા', જેના પર કરણ હા માં માથું હલાવે છે. સનીએ આ વીડિયોના બેકગ્રાઉન્ડમાં પોતાની જાણીતી ફિલ્મ 'અપને'નું ટાઈટલ ટ્રેક લગાવ્યું છે અને રેડ હાર્ટ ઈમોજી સાથે પોતાની લાગણીઓ વ્યક્ત કરી છે.

આ ફાર્મહાઉસ મહારાષ્ટ્રના લોનાવલા અને ખંડાલાની પહાડીઓ વચ્ચે લગભગ 100 એકર વિસ્તારમાં ફેલાયેલું છે, જેને ધર્મેન્દ્રએ વર્ષ 1985માં ખરીદ્યું હતું. ધર્મેન્દ્ર આ મિલકતને પોતાનું સૌથી શાંતિભર્યું ઠેકાણું માનતા હતા. લાકડાં અને પથ્થરોથી બનેલા આ ફાર્મહાઉસમાં તેઓ પોતાના હાથે ફળો અને શાકભાજી ઉગાડતા હતા. ધર્મેન્દ્ર ઘણીવાર સોશિયલ મીડિયા પર અહીં ટ્રેક્ટર ચલાવતા અથવા ખેતી કરતા પોતાના વીડિયો ચાહકો સાથે શેર કરતા રહેતા હતા.

કરોડોની સંપત્તિના માલિક હોવા છતાં ધર્મેન્દ્રને મુંબઈની ચમકદમક કરતાં આ ફાર્મહાઉસની સાદગી વધુ પસંદ હતી. જીવનના અંતિમ વર્ષોમાં તેઓ મુંબઈના જુહુ સ્થિત ઘર છોડીને આ જ ફાર્મહાઉસમાં કાયમી રીતે રહેવા લાગ્યા હતા. તેઓ ત્યાં પ્રકૃતિની નજીક રહીને સ્થાનિક લોકો સાથે સમય વિતાવતા હતા. 24 નવેમ્બર 2025ના રોજ 89 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું.



સલમાનની 'માતૃભૂમિ'નું ટ્રેલર આવતીકાલે રિલીઝ થશે

થિયેટરમાં 'રામાયણ' સાથે જોડાશે; ફિલ્મમાં એક્ટર અને ચિત્રાંગદાનો નવો અંદાજ જોવા ફેન્સ ઉત્સુક...

(એજન્સી) મુંબઈ | તા.06



સલમાન ખાનની આગામી વૉર ડ્રામા ફિલ્મ માતૃભૂમિ (અગાઉનું નામ 'બેટલ ઑફ ગલવાન')નું ટ્રેલર 6 નવેમ્બરે એટલે કે આવતીકાલે મુંબઈમાં લૉન્ચ થશે. ટ્રેલર રણબીર કપૂરની ફિલ્મ રામાયણ પાર્ટ 1 સાથે જોડીને પણ રજૂ કરવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, માતૃભૂમિની જાહેરાત જુલાઈ 2025માં બેટલ ઑફ ગલવાન નામથી કરવામાં આવી હતી. જણાવવામાં આવ્યું હતું કે ફિલ્મનું પ્રી-પ્રોડક્શન 2024માં શરૂ થઈ ગયું હતું. માર્ચ 2026માં નિર્માતાઓએ ફિલ્મનું નામ બદલીને 'માતૃભૂમિ' કરી દીધું.

ફિલ્મની વાર્તા 15 જૂન 2020ના રોજ ગલવાન ઘાટીમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી સૈન્ય અથડામણથી પ્રેરિત છે. સલમાન ખાન ફિલ્મમાં ભારતીય સેનાના એક અધિકારીની ભૂમિકા ભજવી રહ્યા છે.

ફિલ્મનું દિગ્દર્શન અપૂર્વ લખિયાએ કર્યું છે. તેમાં સલમાન ખાન અને ચિત્રાંગદા સિંહ મુખ્ય ભૂમિકામાં છે. દિવંગત એક્ટર પ્રશાંત તમાંગ પણ ફિલ્મની કાસ્ટનો ભાગ છે.

ફિલ્મના ગીત તેરી સેક્સી બ્યુટીમાં સલમાને પોતાનો અવાજ આપ્યો છે. આ ગીત 4 નવેમ્બરે રિલીઝ થયું હતું. તેમાં સલમાન સાથે ચિત્રાંગદા સિંહ પણ જોવા મળી રહી છે. ગીતમાં ચિત્રાંગદા લાલ સાડી પહેરીને ગિટાર વગાડતી જોવા મળે છે. તેને સાજિદ ખાને લખ્યું અને કમ્પોઝ કર્યું છે. જ્યારે, મુસ્કાને ફિમેલ વોઈસ આપ્યો છે.

સલમાન ખાને લગભગ 11 વર્ષ બાદ પ્લેબેક સિંગિંગમાં વાપસી કરી છે. આ પહેલાં સલમાને 2014માં ફિલ્મ 'કિક'ના ગીત 'હેંગઓવર' અને 2015માં 'હીરો'ના ગીત 'મૈં હૂં હીરો તેરા'માં પોતાનો અવાજ આપ્યો હતો. ફિલ્મનું સંગીત હિમેશ રેશમિયાએ તૈયાર કર્યું છે.

'માતૃભૂમિ'ની રિલીઝ તારીખને લઈને નિર્માતાઓએ હજુ સુધી સત્તાવાર જાહેરાત કરી નથી. મીડિયા રિપોર્ટ્સ અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચાઓ અનુસાર, ફિલ્મ નવેમ્બર અથવા ડિસેમ્બર 2026માં રિલીઝ થઈ શકે છે. આ માટે 13 નવેમ્બર, 20 નવેમ્બર અને 11 ડિસેમ્બર જેવી તારીખોના નામ સામે આવી રહી છે. સલમાનની બીજી એક ફિલ્મ વામશી પૈડિપલ્લી સાથે આવવાની છે. આ ફિલ્મનું નામ કથિત રીતે 'મોન્સ્ટર' હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. તેમાં નયનતારા પણ જોવા મળશે.

જાહ્નવી, લક્ષ્યની લગ જા ગલેના શૂટિંગની તસવીરો લીક



(એજન્સી) મુંબઈ | તા.06

'લગ જા ગલે' ફિલ્મના શૂટિંગ દરમ્યાન ઝડપવામાં આવેલી એક તસવીરમાં લક્ષ્ય અને જાહ્નવી કપૂર એકસાથે દેખાતાં આ તસવીર વાઈરલ બની ગઈ છે. આ ફિલ્મમાં ટાઈગર શ્રોફ, જાહ્નવી કપૂર અને લક્ષ્યની ત્રિપુટી એકસાથે જોવા મળશે. ટાઈગર આ ફિલ્મનો મુખ્ય હિરો છે. પરંતુ, લીક થયેલી તસવીરમાં તે દેખાતો નથી. આથી, તે ગોળીબારની ઘટના બાદ હજુ સેટ પર હાજર નહીં થયો હોવાનું મનાય છે. ટાઈગર પર ફાયરિંગ થયા પછી તેની આ ફિલ્મ વધારે ચર્ચામાં છે. 'લગ જા ગલે' ફિલ્મને ૧૪ મે ૨૦૨૭માં થિયેટર્સમાં રિલિઝ કરવાનું આયોજન છે. ફિલ્મમાં તબુ તથા વિદ્યુત જામવાલની પણ મહત્વની ભૂમિકાઓ હોવાનું મનાય છે.

રજનીકાન્તની ધર્મન ફિલ્મમાં શ્રીલીલાની પણ એન્ટ્રી...

મુંબઈ : ૭૫વર્ષની વયે જેલર ટુ જેવી સુપરહીટ ફિલ્મ આપનારાં રજનીકાન્તની નવી ફિલ્મમાં ૨૫ વર્ષની ફૂટડી હિરોઈન શ્રીલીલાની એન્ટ્રી થઈ છે. કમલ હાસનના પ્રોડક્શન હાઉસ રાજકમલ ફિલ્મ્સ ઈન્ટરનેશનલ દ્વારા એક વીડિયો જારી કરી શ્રીલીલાનું ફિલ્મમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

રજનીકાન્તની આગામી ફિલ્મ 'ધર્મન'નું નિર્દેશન અશ્વથ મારિમુથુ કરી રહ્યા છે જેમણે ડ્રેગન નામની ફિલ્મ બનાવી છે. ફિલ્મમાં રજનીકાન્ત ઉપરાંત સિમરન, નયનતારા, યોગી બાબુ અને રાશિ ખન્ના પણ મહત્વની ભૂમિકાઓમાં જોવા મળશે.

ફિલ્મના પોસ્ટરમાં દર્શાવવામાં આવ્યા અનુસાર આ ફિલ્મમાં રજનીકાન્ત એક ડોક્ટરની નેગેટિવ ભૂમિકામાં જોવા મળે તેવી સંભાવના છે. શ્રીલીલાએ તમિલ ફિલ્મ પરાશક્તિ સાથે આ વર્ષે જ તમિલ ફિલ્મ ઉદ્યોગમાં કદમ મુક્યા છે. શ્રીલીલા ધનુષ અને મમૂટીની ફિલ્મ 'ઓમ'માં પણ કામ કરી રહી છે. જેમાં તે ધનુષની પત્ની રોઝાનું પાત્ર ભજવી રહી છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

મુંબઈના ડ્રેસિંગ રૂમમાં હાર્દિક પંડ્યા સાઈડલાઈન

● અંબાતી રાયડુનો મોટો દાવો, કેપ્ટનશીપ છોડવાની ખાસ સલાહ



(એજન્સી) મુંબઈ । તા. 06

ભારતીય ક્રિકેટ જગતમાં અને ઈન્ડિયન પ્રીમિયર લીગની ફ્રેન્ચાઈઝીઓમાં હાલમાં હલચલ મચી ગઈ છે, જ્યાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાના આગામી ભવિષ્યને લઈને અનેક પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી મેગા ઓક્શન અને ટ્રેડ વિન્ડો પહેલાં હાર્દિક પંડ્યાનું ટીમમાં રહેવું કે ન રહેવું તે સૌથી મોટો પ્રશ્ન બની ગયો છે. વર્ષ ૨૦૨૪ માં અનુભવી ખેલાડી રોહિત શર્માની જગ્યાએ હાર્દિકને કેપ્ટન બનાવવામાં આવ્યો ત્યારથી જ તેને સ્ટેડિયમમાં ફેન્સના ભારે વિરોધ, સતત હૂટિંગ અને આકરી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે ભારતીય ટીમના પૂર્વ બેટ્સમેન અંબાતી રાયડુએ એક ઈન્ટરવ્યુ દરમિયાન મોટો ખુલાસો કર્યો છે કે મુંબઈ ઈન્ડિયન્સના ડ્રેસિંગ રૂમમાં હાર્દિક પોતાને સંપૂર્ણપણે અલગ-અથલગ અને એકલો અનુભવી રહ્યો હતો.

અંબાતી રાયડુએ પોતાના નિવેદનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જ્યારે કોઈ ખેલાડીને ટીમમાં અસહજ વાતાવરણ મળે છે ત્યારે તેની રમત પર સીધી અસર પડે છે. રાયડુના શબ્દોમાં કહીએ તો, મુંબઈની ટીમમાં હાર્દિકને એવો અહેસાસ થયો જાણે તેને કોઈ ખૂણામાં ધકેલી દેવાયો હોય. જ્યારે કોઈને આવી સ્થિતિમાં મૂકવામાં આવે છે ત્યારે તે સતત પોતાની પાછળ જ જોતો રહે છે અને ડ્રેસિંગ રૂમમાં આવું તણાવપૂર્ણ વાતાવરણ સર્જાય ત્યારે સ્વાભાવિક છે કે ખેલાડી એવું વર્તન કરવા લાગે છે જે તે વાસ્તવમાં કરવા નથી માંગતો. આ સમગ્ર પ્રકરણમાં અનેક પરિબળો જવાબદાર હોઈ શકે છે, જેના કારણે હાર્દિક સાથે ઘણી બાબતો યોગ્ય ન રહી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

વડાપ્રધાન મોદી અને સૂર્યકુમાર યાદવની મુલાકાત



(એજન્સી) નવી દિલ્હી । તા. 06

દેશની રાજધાની નવી દિલ્હીમાં શુક્રવારે એક અત્યંત વિશેષ અને હૃદયસ્પર્શી બેઠક યોજાઈ હતી, જ્યાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કપ્તાન અને સ્ટાર બેટ્સમેન સૂર્યકુમાર યાદવ તેમજ તેમના પરિવાર સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન વડાપ્રધાને સૂર્યકુમારના નાના બાળકો સાથે હળવાશની પળો વિતાવી હતી અને વર્ષ 2026ના આઈસીસી પુરુષ ટી ટ્વેન્ટી વર્લ્ડ કપમાં ટીમની ઐતિહાસિક જીત બદલ ગૌરવ અનુભવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ બેઠક દરમિયાન સૂર્યકુમાર યાદવે પોતાના ગળામાં વર્લ્ડ કપનો ગોલ્ડ મેડલ પહેરેલો હતો અને વડાપ્રધાને તે મેડલને હાથમાં લઈને સમગ્ર ટીમની આ અદ્ભુત સિદ્ધિને વધાવી હતી. દિવાળીના પાવન અવસર પર યોજાયેલી આ મુલાકાતે દેશભરના ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ ફેલાવી દીધો છે.

આ મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી ખાસ સંદેશ શેર કરતા જણાવ્યું હતું કે આ વર્ષની દિવાળીના તહેવાર પર ભગવાન રામના આગમન અને સરયુ નદીના પાવન સાંનિધ્યે વાતાવરણને વધુ પવિત્ર અને દૈવિક બનાવી દીધું છે. દિવાળીના આ ઉત્સવના માહોલમાં દેશના ખેલાડીઓની આવી સિદ્ધિઓ રાષ્ટ્ર માટે પ્રેરણારૂપ સાબિત થાય છે. વડાપ્રધાને સૂર્યકુમાર યાદવના પરિવાર સાથે વિતાવેલી આ ક્ષણોને યાદગાર ગણાવી હતી. સૂર્યકુમાર યાદવે પોતાની ક્રિકેટ કારકિર્દી દરમિયાન અનેક શાનદાર રેકોર્ડ્સ અને માઈલસ્ટોન પોતાના નામે કર્યા છે. તેઓ વર્ષ 2022 અને 2023માં સતત આઈસીસી મેન્સ ટી ટ્વેન્ટી ક્રિકેટર ઓફ ધ યરનો ખિતાબ જીતી ચૂક્યા છે. ઓક્ટોબર 2022માં તેઓ આઈસીસી ટી ટ્વેન્ટી બેટિંગ રેન્કિંગમાં પ્રથમ સ્થાન પર પહોંચ્યા હતા.

પીવી સિંધુએ હાઈલો ઓપન બેડમિન્ટન ટાઈટલ જીત્યું, કિરેન રિજિજૂએ પાઠવ્યા અભિનંદન

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

વિશ્વમાં ભારત દેશનું નામ રોશન કરનારી અને બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા ભારતની પ્રખ્યાત બેડમિન્ટન શટલર પીવી સિંધુએ જર્મની ખાતે યોજાયેલી હાઈલો ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ ૨૦૨૬ ના વિમેન્સ સિંગલ્સ કેટેગરીમાં શાનદાર જીત હાંસલ કરીને સીઝનનું પોતાનું બીજું બીડબલ્યુએફ વર્લ્ડ ટૂર ટાઈટલ પોતાના નામે કરી લીધું છે. આ ભવ્ય અને ઐતિહાસિક સફળતા બાદ નવી દિલ્હી ખાતે દેશના કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ પીવી સિંધુ અને વેંકટ દત્તા સાઈ સાથે ખાસ મુલાકાત કરીને તેમને ઉષ્માભર્યા અભિનંદન પાઠવ્યા હતા અને તેમની આગામી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સ માટે હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી. કેન્દ્રીય મંત્રીએ આ યાદગાર ક્ષણને સોશિયલ મીડિયાના માધ્યમથી દેશવાસીઓ સાથે શેર કરતા પીવી સિંધુની રમત ક્ષમતા અને સમર્પણની ખુલ્લા દિલથી સરાહના કરી હતી, જેનાથી દેશભરના બેડમિન્ટન પ્રેમીઓમાં ભારે આનંદની લહેર ફરી વળી છે.



નવી દિલ્હી ખાતે યોજાયેલી આ ખાસ મુલાકાતમાં કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ પીવી સિંધુની જીતને સમગ્ર દેશ માટે એક ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવી હતી. જર્મનીમાં હાઈલો ઓપન જીતીને ભારત પરત ફરેલી પીવી સિંધુનું તેમણે ભાવભીનું સ્વાગત કર્યું હતું. સોશિયલ મીડિયા પર પોતાની ખાસ પોસ્ટમાં મંત્રીએ લખ્યું હતું કે જર્મનીમાં હાઈલો ઓપન ૨૦૨૬ નો ખિતાબ જીતવા બદલ પીવી સિંધુને ખૂબ ખૂબ અભિનંદન. તેમની સાથે મુલાકાત કરીને આ ખાસ ક્ષણ શેર કરવાનો મને ખુબ આનંદ થયો છે. ભવિષ્યની તમામ કઠિન ટુર્નામેન્ટ્સ માટે મારી શ્રેષ્ઠ શુભેચ્છાઓ તેમની સાથે સદાંતર રહેશે. કેન્દ્રીય મંત્રીના આ શબ્દોથી ભારતીય રમતગમત ક્ષેત્રના યુવા ખેલાડીઓમાં પણ એક નવો ઉત્સાહ અને પ્રેરણાનો સંચાર થયો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરની આ હાઈ-વોલ્ટેજ ફાઈનલ મેચમાં ભારતની સ્ટાર શટલર પીવી સિંધુનો સામનો ડેનમાર્કની મજબૂત ખેલાડી લાઈન કજેર્સફેલ્ડ સામે થયો હતો. જર્મનીની કોર્ટ પર રમાયેલા આ કઠિન મુકાબલામાં પીવી સિંધુએ શરૂઆતથી જ પોતાની રમત પર સંપૂર્ણ પકડ જાળવી રાખી હતી અને વિરોધી ખેલાડીને ક્યાંય પણ માથું ઊંચકવાની તક આપી નહોતી. તેમણે સળંગ ગેમ્સમાં ૨૧-૧૨ અને ૨૧-૧૪ ના વિશાળ તફાવતથી એકતરફી જીત મેળવીને ખિતાબ પોતાના નામે કર્યો હતો.

ભારતીય પર્વતારોહક કવિતા ચંદે રચેલો નવો ઇતિહાસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 06



ભારત દેશની સહનશક્તિ અને પર્વતારોહણ ક્ષેત્રની પ્રખ્યાત મહિલા એથ્લીટ કવિતા ચંદે આફ્રિકા ખંડના સૌથી ઊંચા અને અત્યંત કઠિન ગણાતા માઉન્ટ કિલીમંજારો પર્વત પર સ્પીડ ક્લાઈમ્બિંગ કરીને એક નવો ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કર્યો છે. કવિતા ચંદે ચોવીસ કલાકથી પણ ઓછા સમયમાં આ સમગ્ર રાઉન્ડ ટ્રીપ પૂરી કરીને પ્રથમ ભારતીય પર્વતારોહક બનવાનું મોટું ગૌરવ હાંસલ કર્યું છે. તેમણે માત્ર બાર કલાક અને છતાલીસ મિનિટના અત્યંત ટૂંકા સમયગાળામાં સમુદ્ર સપાટીથી પાંચ હજાર આઠસો પંચાણું મીટરની ઊંચાઈ પર આવેલા પ્રસિદ્ધ ઉહુરુ શિખર પર પહોંચીને ભારતીય ધ્વજ સફળતાપૂર્વક લહેરાવ્યો હતો. ત્યારબાદ તેમણે સંપૂર્ણ ગણતરી મુજબ ચોવીસ કલાકના સમયગાળા પહેલાં જ એટલે કે બાકીના કલાકો સાથે કુલ બાવીસ કલાક અને છત્રીસ મિનિટમાં આખી સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી, જે ભારતીય સાહસિક રમતગમતના ઇતિહાસમાં એક સોનેરી પ્રકરણ તરીકે અમર થઈ ગયું છે.

કવિતા ચંદે માઉન્ટ કિલીમંજારો માટે નક્કી કરવામાં આવેલા અત્યંત દુર્ગમ ગણાતા એમવેકા ગેટથી ઉહુરુ પીક અને ત્યાંથી પુનઃ એમવેકા ગેટ સુધીનો સમગ્ર પરિક્રમા માર્ગ પસંદ કર્યો હતો. સામાન્ય રીતે કોઈપણ સાધારણ કે વ્યાવસાયિક પર્વતારોહણ ટુકડી માટે કિલીમંજારો પર્વતનું ચઢાણ અને ઉતરાણ પૂરું કરવા માટે પાંચથી લઈને નવ દિવસ જેટલો મોટો સમયગાળો લાગતો હોય છે. આટલા દિવસોનો ઉપયોગ પર્વતારોહકો ઊંચાઈ પર હવાના ઓછા દબાણ અને ઓક્સિજનના સ્તર સાથે પોતાના શરીરને સાનુકૂળ બનાવવામાં કરતા હોય છે. જોકે, કવિતા ચંદે પોતાની અદભુત શારીરિક ક્ષમતા અને માનસિક દ્રઢતાના બળે માત્ર ચૌદ કલાકથી પણ ઓછા સમયમાં ઉપર પહોંચીને અને બાવીસ કલાકથી વધુ સમયમાં રાઉન્ડ ટ્રીપ પૂરી કરીને પર્વતારોહણ જગતમાં સૌ કોઈને આશ્ચર્યચકિત કરી દીધા છે.

કઠોર તૈયારીઓ અને આગોતરું આયોજન

આ વિરાટ સિદ્ધિ કંઈ રાતોરાત પ્રાપ્ત થઈ નથી, પરંતુ તેના પાછળ કવિતા ચંદની મહિનાઓની આકરી તપસ્યા અને વૈજ્ઞાનિક ઢબે કરાયેલી તૈયારીઓ જોડાયેલી છે. આ ઐતિહાસિક સાહસ પહેલાં તેમણે પ્રખ્યાત શિકાગો મેરેથોન માટે સતત ત્રણ મહિના સુધી કઠોર તાલીમ લીધી હતી. તે દરમિયાન તેઓ દર સપ્તાહે સરેરાશ સિત્તેરથી નેવું કિલોમીટર જેટલું અંતર દોડતા હતા અને સપ્તાહમાં ત્રણ વખત ખાસ સ્ટ્રેન્થ ટ્રેનિંગ પણ લેતા હતા. આ શિકાગો મેરેથોનમાં તેઓ ત્રીજા નંબરના સૌથી ઝડપી ભારતીય મહિલા સ્પર્ધક તરીકે વિજેતા બન્યા હતા.

ભારતીય શટલર તન્વી પત્રી યુ યુથ ઓલિમ્પિક્સ સિલ્વર મેડલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

વિશ્વ રમતગમત ક્ષેત્રે ભારતની ૧૫ વર્ષીય યુવા અને પ્રભાવશાળી બેડમિન્ટન શટલર તન્વી પત્રીએ યુથ ઓલિમ્પિક ગેમ્સ ૨૦૨૬ માં રજત પદક એટલે કે સિલ્વર મેડલ પોતાના નામે કરીને એક અભૂતપૂર્વ અને સુવર્ણ ઈતિહાસ રચી દીધો છે. સેનેગલ દેશના ડાકાર શહેરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સ્તરની અત્યંત રોમાંચક અને હાઈ-વોલ્ટેજ ફાઈનલ મેચમાં ભારતીય કિશોરી તન્વી પત્રીએ પોતાની અદભુત રમતના બળે સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું હતું. આ સ્પર્ધાના ઈતિહાસમાં બેડમિન્ટન રમતની મહિલા સિંગલ્સ કેટેગરીમાં મેડલ મેળવનારી તેઓ પ્રથમ ભારતીય મહિલા શટલર બનવાનું ગૌરવ ધરાવે છે. કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સોશિયલ મીડિયાના માધ્યમથી તન્વી પત્રીની આ અસાધારણ ઐતિહાસિક સિદ્ધિને મુક્ત મને બિરદાવી હતી અને આ ક્ષણને સમગ્ર રાષ્ટ્ર માટે અત્યંત ગર્વ અને આનંદની પળ તરીકે ઓળખાવી હતી.

આંતરરાષ્ટ્રીય સ્તર પર ખેલાયેલા આ મુકાબલામાં તન્વી પત્રીનો સામનો ચીનની વર્તમાન વર્લ્ડ જૂનિયર ચેમ્પિયન ઝાંગ યી ક્ષિન સામે થયો હતો. એક કલાક



અને ૨૨ મિનિટ સુધી ચાલેલી આ સાચે જ શ્વાસ અધ્ધર કરી દે તેવી કઠિન મેચમાં ભારતીય ખેલાડીએ પોતાની અદમ્ય ઈચ્છાશક્તિ અને કુશળતાનો પરિચય આપ્યો હતો. જોકે, અંતે તેમણે ૧૫-૨૧, ૨૧-૧૩, ૨૬-૨૪ ના સ્કોરથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. તન્વી પત્રીએ પોતાની હાર માનતા પહેલાં વિરોધી ખેલાડીના છ સળંગ મેચ પોઈન્ટ્સ સફળતાપૂર્વક બચાવી લીધા હતા અને ગોલ્ડ મેડલ પોતાના નામે કરવા માટે પોતાની તરફેણમાં પણ ત્રણ મોટા અને સોનેરી અવસરો ઊભા કર્યા હતા. પરંતુ અંતિમ પળોમાં ચીની ખેલાડીએ સંયમ જાળવી રાખીને જીત મેળવી હતી અને તન્વીને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

મેચની શરૂઆતમાં તન્વી પત્રીએ અત્યંત સાવધાનીપૂર્વક રમતની શાનદાર શરૂઆત કરી હતી. પ્રથમ ગેમમાં એક સમયે ૩-૫ થી પાછળ રહ્યા બાદ તેમણે સતત સાત પોઈન્ટ્સ મેળવીને પોઈન્ટ ટેબલ પર ૧૦-૫ ની મજબૂત સરસાઈ મેળવી લીધી હતી. નેટ પર પોતાની શ્રેષ્ઠ પકડ અને ચોક્કસ પંચ ટોસની મદદથી તેમણે પ્રથમ ગેમ ૨૧-૧૫ ના તફાવતથી પોતાના નામે કરી લીધી હતી. જોકે, બીજી ગેમમાં ચીની ખેલાડી ઝાંગે ઝડપથી વાપસી કરીને રમત પર નિયંત્રણ મેળવ્યું હતું અને ૨૧-૧૩ થી જીત મેળવીને મેચ બરાબરી પર લાવી દીધી હતી.

ભારતીય ગોલ્ફર પ્રણવી ઉર્સે એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતી રચેલો નવો ઇતિહાસ

(એજન્સી) મૈસુર । તા. 06

વિશ્વ રમતગમતના મહાકુંભ સમાન એશિયન ગેમ્સમાં ભારતીય રમતગમતના ઈતિહાસમાં એક અત્યંત સુવર્ણ અને અવિસ્મરણીય પ્રકરણ ઉમેરાયું છે, જ્યાં ભારતની ત્રેવીસ વર્ષીય પ્રતિભાશાળી ગોલ્ફર પ્રણવી ઉર્સે જાપાનના આઈચીમાં આવેલા કસુગાઈ કન્ટ્રી ક્લબ ખાતે યોજાયેલી મહિલાઓની ગોલ્ફ સ્પર્ધામાં પોતાના અદ્ભુત કૌશલ્યનો પરિચય આપીને ઐતિહાસિક ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો છે. આંતરરાષ્ટ્રીય સ્તરની આ અત્યંત કઠિન અને રોમાંચક સ્પર્ધામાં એશિયન ગેમ્સના ઈતિહાસમાં ગોલ્ફની રમતમાં વિમેન્સ સિંગલ્સ વિભાગમાં સુવર્ણ ચંદ્રક જીતનારી તેઓ ભારતની સર્વપ્રથમ મહિલા ગોલ્ફર બની ગયા છે. આ અસાધારણ વિજય મેળવ્યા બાદ પણ મેદાન પર કોઈ અતિશયોક્તિ પૂર્ણ નાટક કે લાગણીઓનો અતિરેક પ્રદર્શિત કર્યા વિના અત્યંત શાંતિથી પોતાની સફર પૂર્ણ કરનાર આ યુવા ખેલાડીની સફળતાએ સમગ્ર દેશભરના રમતપ્રેમીઓ અને ગોલ્ફ ચાહકોમાં ભારે આનંદ, ગૌરવ અને ઉત્સાહનો નવો સંચાર કરી દીધો છે.

સ્પર્ધાના આખરી રાઉન્ડમાં વિજયી પુટ ડ્રેન કર્યા બાદ પણ પ્રણવી ઉર્સને ક્ષણભર માટે ખ્યાલ નહોતો આવ્યો કે તેમણે એક વિરાટ અને ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કરી દીધો છે. તેમની સાથે રમી રહેલી સિંગાપોરની સહ-સ્પર્ધક શેનન તાને તેમને આ ખાસ બાબતથી માહિતગાર કર્યા હતા કે તેઓ એશિયન ગેમ્સમાં ગોલ્ફ ક્ષેત્રે ભારત માટે સુવર્ણ ચંદ્રક જીતનારા પ્રથમ મહિલા ખેલાડી બની ગયા છે. આ સમાચાર સાંભળ્યા બાદ પણ પ્રણવીએ પોતાના અત્યંત શાંત સ્વભાવ મુજબ જ પ્રતિક્રિયા આપી હતી. મીડિયા અહેવાલ સાથેની વિશેષ વાતચીતમાં તેમણે ખુલાસો કર્યો હતો કે દેશમાં લાખો લોકો આ મુકાબલો ટીવી પર જોઈ રહ્યા હતા, અને હવે વિચારીએ ત્યારે લાગે છે કે તેમણે વિજય બાદ ઓછામાં ઓછું એક જોરદાર ફિસ્ટ બમ્પ આપવું જોઈતું હતું. વિજયી બન્યા બાદ તબીબી ડોપિંગ કન્ટ્રોલ પ્રક્રિયાઓ અને દેશ-વિદેશમાંથી આવતા અભિનંદનના સતત કોલ્સ તેમ જ ઈન્ટરવ્યુઝ વચ્ચે આ મોટી સિદ્ધિ પચાવવા માટે તેમને થોડો સમય લાગ્યો હતો. ગોલ્ફ કોર્સ પર પ્રણવી ઉર્સનું વ્યક્તિત્વ અન્ય ખેલાડીઓ કરતાં સાવ અલગ અને આકર્ષક તરી આવે છે. તેઓ પોતાની જાતને રમતના મેદાન પરના સૌથી વધુ શાંત અને કૂલ ખેલાડી તરીકે ઓળખાવે છે. તેમનું સ્પષ્ટ માનવું છે કે તેઓ મેડલ કે ટ્રોફીઓ જીતવાના માત્ર હેતુથી ગોલ્ફ રમતા નથી, પરંતુ આ રમત પ્રત્યેનો તેમનો પ્રેમ અને આનંદ જ તેમની સાચી પ્રેરણા છે.



ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ક્રિસ લિન ડોપ ટેસ્ટ પોઝિટિવ, ક્રિસ લિન પર કોકેઈન સેવન બદલ પ્રતિબંધ

કોકેઈન સેવન મામલે લિન પર કાર્યવાહી

(એજન્સી) લોંડન । તા. 06



ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક ઓપનર અને કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી રમી ચૂકેલા અનુભવી બેટ્સમેન ક્રિસ લિનને લઈને એક અત્યંત ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે, જ્યાં ઈંગ્લેન્ડના ક્રિકેટ રેગ્યુલેટરે છ નવેમ્બરના રોજ સત્તાવાર પુષ્ટિ કરતા જણાવ્યું છે કે છત્રીસ વર્ષીય આ આક્રમક બેટ્સમેન કોકેઈનના સેવન મામલે ડોપ ટેસ્ટમાં પોઝિટિવ આવ્યો હતો અને તેને એક મહિનાના સસ્પેન્શનનો સામનો કરવો પડ્યો હતો.

આ ઘટના તે સમયની છે જ્યારે ક્રિસ લિન ઈંગ્લેન્ડની ડોમેસ્ટિક ટી-ટ્વેન્ટી ટૂર્નામેન્ટમાં નોર્થમ્પ્ટનશાયર ટીમ તરફથી રમી રહ્યો હતો. અઢાર જુલાઈના રોજ ટૂર્નામેન્ટના ફાઈનલ દિવસે તેનો નિયમિત એન્ટી-ડોપિંગ ટેસ્ટ લેવામાં આવ્યો હતો અને તે જ દિવસે તેની ટીમે ટાઈટલ જીતીને ટ્રોફી પોતાના નામે કરી હતી. ફ્રાન્સની લેબોરેટરીમાં લિનના યુરિન સેમ્પલની તપાસ કરવામાં આવતાં તેમાં કોકેઈનનું મેટાબોલાઈટ મળી આવ્યું હતું, જેના પગલે એકત્રીસ જુલાઈએ રેગ્યુલેટરે પરિણામની જાણ કરી તેને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કર્યો હતો.

વીસ ઓગસ્ટે ક્રિસ લિને રેગ્યુલેટર સમક્ષ પોતાનો જવાબ રજૂ કરતાં કોકેઈન લીધું હોવાની કબૂલાત કરી હતી. લિને સ્પષ્ટતા કરી કે તેણે પંદર જુલાઈની સાંજથી સોળ જુલાઈની વહેલી સવાર દરમિયાન આ નશાકારક પદાર્થનું સેવન કર્યું હતું અને આ ઉપયોગ ક્રિકેટ સ્પર્ધાની બહાર થયો હતો. રેગ્યુલેટરે શરૂઆતમાં ત્રણ મહિનાના પ્રતિબંધનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ લિને નશામુક્તિ અને સારવાર કાર્યક્રમમાં ભાગ લઈને તેને સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો અને ઓક્ટોબરમાં પ્રમાણપત્રો જમા કરાવ્યા બાદ સજા ઘટાડીને એક મહિનો કરવામાં આવી હતી.

આઈપીએલમાં ક્રિસ લિન પોતાની આક્રમક બેટિંગ શૈલી માટે જાણીતો રહ્યો છે. લિને આઈપીએલમાં બેતાલીસ મેચ રમીને એક હજાર ત્રણસો ઓગણત્રીસ રન બનાવ્યા છે, જેમાં દસ અડધી સદી સામેલ છે. તેનો સર્વોચ્ચ સ્કોર અણનમ ત્રાણું રન રહ્યો હતો, જે તેણે બે હજાર સત્તરના વર્ષમાં કોલકાતા નાઈટ રાઈડર્સ માટે ફટકાર્યો હતો. ઓસ્ટ્રેલિયા માટે ચાર વનડે અને અઢાર ટી-ટ્વેન્ટી ઈન્ટરનેશનલ મેચ રમનાર લિન બિગ બેશ લીગના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે.

તૈયારીઓ પૂર્ણ // ભગવંત માને કરી ઐતિહાસિક જાહેરાત, રાજ્યમાં સ્પોર્ટ્સ બજેટ ફાળવાયું

પંજાબ હોકી વર્લ્ડ કપ બે હજાર ત્રીસનું આયોજન કરશે

(એજન્સી)ચંડીગઢ। તા. 06

ભારતના ઉત્તર દિશામાં આવેલા ખેલકૂદ ક્ષેત્રના અત્યંત સમૃદ્ધ રાજ્ય પંજાબે આંતરરાષ્ટ્રીય રમતગમતના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ અને સોનેરી પ્રકરણ ઉમેરવાની દિશામાં મજબૂત કદમ ઉઠાવ્યું છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ગુરુવારે અધિકૃત રીતે જાહેરાત કરતાં જણાવ્યું છે કે તેમનું રાજ્ય વર્ષ બે હજાર ત્રીસમાં રમાનાર પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય હોકી વર્લ્ડ કપનું સફળ આયોજન કરવા માટે સંપૂર્ણપણે સજ્જ અને તૈયાર છે. મોહાલી ખાતે આવેલા બલબીર સિંહ સીનિયર ઈન્ટરનેશનલ હોકી સ્ટેડિયમમાં રમાયેલી રોમાંચક ફાઈનલ મેચમાં ભારતીય ટીમે જાપાનને ચાર-એકથી હરાવીને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી બે હજાર છવ્વીસનો ખિતાબ જાળવી રાખ્યા બાદ મુખ્યમંત્રીએ આ મોટી જાહેરાત કરી હતી. રાજ્યમાં ઉભી કરવામાં આવેલી આધુનિક રમતગમતની સુવિધાઓ, શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પંજાબના હોકી



સાથેના દાયકાઓ જૂના ઐતિહાસિક સંબંધોને કારણે પંજાબ વિશ્વ કક્ષાની ટૂર્નામેન્ટ્સ માટે સૌથી યોગ્ય સ્થળ સાબિત થઈ રહ્યું છે.

પંજાબમાં પ્રથમ વખત આયોજિત કરાયેલી અત્યંત લોકપ્રિય આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી બે હજાર છવ્વીસના અત્યંત સફળ અને શાનદાર સમપન બાદ સમગ્ર રાજ્યમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય મંચ પર રમતગમતના આ મોટા મહોત્સવને સફળતાપૂર્વક પાર પાડવા બદલ પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા અને મુખ્યમંત્રી ભગવંત માને રાજ્યની તમામ પ્રજાને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીએ વિશાળ સભાને સંબોધતા જણાવ્યું હતું કે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું સફળ સંચાલન એ વાતની સ્પષ્ટ સાક્ષી પૂરે છે કે પંજાબમાં હવે ભવિષ્યના મોટો આંતરરાષ્ટ્રીય ખેલકૂદ ઈવેન્ટ્સ યોજવાની ક્ષમતા ખૂબ જ ઝડપથી વધી રહી છે. પંજાબ રાજ્ય સમગ્ર વિશ્વમાં તેના મહેનતુ નાગરિકો, ભવ્ય સંસ્કૃતિ અને અનન્ય અતિથિ સત્કાર માટે જાણીતું છે. અહીં આવેલા દરેક વિદેશી અને દેશી ખેલાડી તેમ જ મુલાકાતી પંજાબની ધરતી પરથી અવિસ્મરણીય યાદો પોતાની સાથે લઈને પરત ફરશે.

પંજાબની ધરતી અને હોકીની રમત વચ્ચેનો સંબંધ એટલો ગાઢ અને અવિભાજ્ય છે કે પંજાબી ખેલાડીઓના યોગદાન વિના ભારતીય હોકીના ભવ્ય અને સોનેરી ઈતિહાસની કલ્પના કરવી પણ તદ્દન અશક્ય છે. સન ઓગણીસ સો અઠ્ઠાવીસની એમ્સ્ટરડેમ ઓલિમ્પિક્સથી લઈને તાજેતરમાં યોજાયેલી બે હજાર ચોવીસની પેરિસ ઓલિમ્પિક્સ સુધીના લાંબા ઈતિહાસમાં પંજાબે દેશને કુલ સાંત્તેર જેટલા દિગ્ગજ હોકી ઓલિમ્પિયન્સ આપ્યા છે.

માથામાં ઈજા થતાં કનકશનનો ભોગ બન્યો

ન્યૂઝીલેન્ડનો સ્ટાર બેટર ડેવોન કોનવે વનડે શ્રેણીમાંથી બહાર

(એજન્સી) વેલિંગ્ટન । તા. 06



ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી પાંચ મેચની અત્યંત મહત્વપૂર્ણ વનડે સીરિઝની બીજી મેચ શનિવારે રમાનાર છે, પરંતુ આ મુકાબલા પહેલાં જ યજમાન ન્યૂઝીલેન્ડની ટીમને એક ખૂબ જ મોટો અને આંચકાજનક ફટકો પડ્યો છે. ટીમના મુખ્ય અને વિસ્ફોટક ઓપનિંગ બેટ્સમેન ડેવોન કોનવે માથામાં થયેલી ગંભીર ઈજા એટલે કે કનકશનના કારણે આખી વનડે શ્રેણીમાંથી સત્તાવાર રીતે બહાર થઈ ગયા છે. આ કમનસીબ ઘટના બાદ ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડ દ્વારા ત્વરિત નિર્ણય લઈને તેમના સ્થાને ડાબોડી બેટ્સમેન નિક કેલીનો ટીમમાં સમાવેશ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ અગાઉ પ્રથમ વનડે મેચમાં પણ ડેવોન કોનવે ઈજાના કારણે અંતિમ એકાદશનો હિસ્સો બની શક્યા નહોતા, અને હવે તેઓ આખી સીરિઝ ગુમાવી ચૂક્યા છે.

આ સમગ્ર ઈજાની ઘટના વેલિંગ્ટનમાં યોજાયેલા ટીમ પ્રેક્ટિસ સેશન દરમિયાન બની હતી, જ્યાં ડેવોન કોનવે પોતાની જ ટીમના ફાસ્ટ બોલર મેટ હેનરી સાથે અચાનક અથડાઈ ગયા હતા. આ જોરદાર ટક્કરના કારણે કોનવેના માથાના ભાગે કઠિન ઈજા પહોંચી હતી અને તબીબી તપાસ બાદ તેઓ કનકશનનો ભોગ બન્યા હોવાનું સ્પષ્ટ થયું હતું. પાંત્રીસ વર્ષીય કોનવે માટે આ ઈજા અત્યંત કમનસીબ સાબિત થઈ છે કારણ કે તેઓ હવે ભારત સામેની સીરિઝની બાકીની ચારેય મહત્વપૂર્ણ વનડે મેચોમાં રમી શકશે નહીં. જોકે, ટીમ માટે એકમાત્ર આશ્વાસન આપનારા સમાચાર એ છે કે સાથી બોલર મેટ હેનરીએ પોતાનો કનકશન ટેસ્ટ સફળતાપૂર્વક પાસ કરી લીધો છે અને તેઓ બીજી વનડે મેચમાં પસંદગી માટે સંપૂર્ણપણે ઉપલબ્ધ રહેશે. હવે કોનવેનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની શ્રેણી સુધીમાં સંપૂર્ણપણે ફિટ થવાનો રહેશે.

આઈઝનકોટને મમળ્યો બહુમતી ટેકો, નેતન્યાહૂ પછાડીને મેળવી સરસાઈ

ઈઝરાયલમા રાજકીય સત્તા પરિવર્તનની લહેર

(એજન્સી) જેરુસલેમ । તા. 06





રાજકારણમાં હંમેશાં એક અનોખી કહેવત સાચી સાબિત થતી હોય છે કે આંકડા ક્યારેક ચિત્ર સાફ કરી દે છે અને ક્યારેક તેને ખૂબ જ જટિલ બનાવી દે છે. વર્તમાન સમયમાં ઈઝરાયેલના રાજકીય પરિદ્રશ્યમાં કંઈક આવું જ અદભુત અને નાટ્યાત્મક દ્રશ્ય સર્જાયું છે, જેણે આખા દેશનું ધ્યાન ખેંચી લીધું છે. લાંબા સમયથી સત્તાની ડોર પોતાના હાથમાં જાળવી રાખનાર વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સામે હવે યશાર પક્ષના વડા ગાદી આઈઝનકોટ સ્પષ્ટ સરસાઈ મેળવવામાં સફળ રહ્યા છે. દેશના પ્રમુખ આઈઝેક હર્ઝોગ સમક્ષ સત્તાવાર રીતે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકો દરમિયાન આઈઝનકોટને એક સો �required અને વીસ સભ્યોની કુલ નેસેટમાંથી સત્તાડિઠ સાંસદોનો મજબૂત ટેકો પ્રાપ્ત થયો છે, જ્યારે સામે પક્ષે નેતન્યાહૂ માત્ર છતાલીસ સાંસદોના સમર્થન પર જ સીમિત રહી ગયા છે. કાગળ પર તો આંકડાકીય દ્રષ્ટિએ આઈઝનકોટ જરૂરી બહુમતીનો આંકડો વટાવી ગયા છે, પરંતુ વાસ્તવિક જમીની પરિસ્થિતિ તદ્દન અલગ જ કહાની કહી રહી છે.

દેશના ઉચ્ચ નેતા અને પ્રમુખના નિવાસસ્થાને પ્રથમ ચરણની તમામ મંત્રણાઓ સત્તાવાર રીતે પૂરી થયા પછી, ગાદી આઈઝનકોટે સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાની ખુલ્લી લાગણીઓ વ્યક્ત કરી હતી. તેમણે ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર્યું કે જોકે તેમને પૂરતું સમર્થન મળી ગયું છે, તેમ છતાં સરકાર રચવાની આખી પ્રક્રિયાનો માર્ગ હજુ ખૂબ લાંબો અને કાંટાળો છે. તેમણે મીડિયા અહેવાલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ સપ્તાહ દરમિયાન પરિવર્તન અને સુધારણાની હિમાયત કરનારા પક્ષો સાથેના પ્રથમ રાઉન્ડની બેઠકો અને પરામર્શ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યા છે. પ્રમુખ સમક્ષ થયેલી આ બેઠકોમાં સરકાર બનાવવા માટે મેન્ડેટ મેળવવાના હેતુથી તેમની તરફેણમાં ભલામણ કરનારાઓની પૂર્ણ બહુમતી પણ મળી ગઈ છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય એક મજબૂત રાષ્ટ્રીય કટોકટી સરકારની સ્થાપના કરવાનો છે, જે આપણા દેશને ફરીથી સુરક્ષા અને શાંતિના માર્ગ પર પાછો લઈ આવશે. બીજી બાજુ, અનુભવી નેતા બેન્જામિન નેતન્યાહૂ માટે આ પરિણામો કોઈ મોટા આંચકાથી ઓછા નથી. અગાઉ એવી પ્રબળ સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી હતી કે નેતન્યાહૂને ત્રણેય પક્ષો તરફથી ત્રેપન સાંસદોનું સુરક્ષિત સમર્થન મળી જશે, પરંતુ આશા વિરુદ્ધ તેઓ માત્ર છતાલીસના આંકડા પર જ અટકી ગયા. આ અણધારી પરાજયનું સૌથી મોટું અને વ્યાજબી કારણ તેમનો પરંપરાગત અને અત્યંત વિશ્વાસપાત્ર ગણાતો સાથી પક્ષ સાબિત થયો છે. આ પક્ષે આ મહત્વપૂર્ણ તબક્કે નેતન્યાહૂ કે આઈઝનકોટ બંનેમાંથી કોઈને પણ કોઈપણ પ્રકારનું સમર્થન કે ભલામણ આપવાનો સીધો અને સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.

આડેધડ ફાયરિંગમાં આઠ લોકોના મોત

તૂર્કિયેના 3 ગામોમાં ભયાનક ગોળીબારથી હાહાકાર



(એજન્સી) અફ્યોનકરાહિસાર । તા. 06

તૂર્કિયેના પશ્ચિમી ગ્રામીણ વિસ્તારોમાં એક અત્યંત હચમચાવતી અને અરેરાટીભરી ઘટના સામે આવી છે, જ્યાં ગુરુવારે એક બદમાશ બંદૂકધારીએ ત્રણ અલગ-અલગ ગામોમાં આડેધડ ગોળીબાર કરીને ભારે તાંડવ મચાવ્યું હતું. આ ખૂની હુમલામાં કમનસીબે આઠ નિર્દોષ નાગરિકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં જીવન અને મરણ વચ્ચેનો જંગ લડી રહી છે. રાજધાની અંકારા અને તટીય શહેર ઈઝમીર વચ્ચે આવેલા ગ્રામીણ ક્ષેત્રોમાં બનેલી આ ઘટનાથી સમગ્ર દેશમાં ઘેરો શોક અને સનસનાટી ફેલાઈ ગઈ છે. સ્થાનિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા આ નરસંહાર કરનાર ફરાર હુમલાખોરને ઝડપી પાડવા માટે મોટા પાયે સંયુક્ત શોધખોળ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

સ્થાનિક ગવર્નર કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ આડેધડ ગોળીબારની ઘટના અફ્યોનકરાહિસાર શહેરની આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં ક્રમશઃ બની હતી. હુમલાખોરે પદ્ધતિસર રીતે ત્રણ ગામોને પોતાના નિશાના પર લીધા હતા:

યુકારિતાંદિર ગામ: આ ગામમાં રસ્તા પર અચાનક થયેલા ગોળીબારનો ભોગ બનેલી બે મહિલાઓના ગંભીર હાલતમાં શબ મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ રસ્તામાં જ તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું.

કિયિર ગામ: આ વિસ્તારમાંથી પણ ગોળીબારનો ભોગ બનેલા વધુ ત્રણ નાગરિકોના lifeless મૃતદેહ મળી આવ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

આયાજિની ગામ: અહીંથી પણ અન્ય ત્રણ નાગરિકોના શબ મળી આવ્યા હતા, જેના પરિણામે આ ભયાનક હુમલામાં કુલ મૃત્યુઆંક વધીને સીધો આઠ પર પહોંચી ગયો છે.

આ ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી ઘટનાસ્થળેથી ફરાર થવામાં સફળ રહ્યો હતો. તૂર્કિયે મીડિયામાં સામે આવેલા સીસીટીવી ફૂટેજમાં એક શંકાસ્પદ વ્યક્તિ કાળા રંગની જેકેટ, સફેદ પેન્ટ અને ચશ્મા પહેરેલો તેમજ હાથમાં ઘાતક રાઈફલ પકડીને એક લાલ રંગની મિનીવેન પાસે ઊભો જોવા મળ્યો છે. પોલીસે એસ્કીશેહિર યુનિવર્સિટી શહેરના બહારના વિસ્તારમાં કીચડમાં ફસાયેલી પેલી લાલ ગાડીને આખરે બરામદ કરી લીધી છે. જોકે, ચતુર હુમલાખોર ત્યાંથી ગાડી છોડીને પગપાળા જ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે એસ્કીશેહિર આ મુખ્ય ઘટનાસ્થળથી આશરે એક સો કિલોમીટર ઉત્તરમાં આવેલું છે. હાલ તૂર્કિયે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા ખૂની હુમલાખોરને ઝડપી પાડવા માટે મોટા પાયે સંયુક્ત શોધખોળ અભિયાન (Search Operation) ચલાવવામાં આવી રહ્યું છે.

જૂની ઘટના સાથે જોડાતી શંકાસ્પદ કડીઓ

આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ અને તપાસકર્તાઓ એ દિશામાં પણ સઘન તપાસ ચલાવી રહ્યા છે કે આ ઘાતક નરસંહારનો કોઈ સંબંધ અફ્યોનકરાહિસાર શહેરના કેન્દ્રમાં અગાઉ બનેલી કોઈ અન્ય ઘટના સાથે છે કે નહીં. અગાઉ શહેરના કેન્દ્રમાં એક કારમાં બેઠેલી મહિલાને અજાણ્યા શખ્સે ગોળી મારીને ગંભીર રીતે ઘાયલ કરી દીધી હતી. હાલ તૂર્કિયેની તમામ સુરક્ષા એજન્સીઓ આ ખૂની હુમલાખોરને કોઈપણ ભોગે ઝડપી પાડવા માટે રાત-દિવસ એક કરીને સઘન નાકાબંધી અને તપાસ અભિયાન ચલાવી રહી છે, જેથી પીડિત પરિવારજનોને ન્યાય મળી શકે.

ન્યૂઝ બ્રીફ

અમેરિકાના રાજકારણમાં રંજીવ પુરીની ઐતિહાસિક જીત



લન્સિંગ | અમેરિકાના રાજકીય પરિદ્રશ્યમાં ભારતીય-અમેરિકન સમુદાયે વધુ એક સીમાચિહ્ન સર કરતા સમગ્ર દેશમાં ગર્વની લાગણી ફેલાઈ ગઈ છે, જ્યાં ડેમોક્રેટિક પાર્ટીના 42 વર્ષીય તેજસ્વી નેતા રંજીવ પુરી મિશિગન હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના નવા સ્પીકર તરીકે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા છે. આ પ્રતિષ્ઠિત અને ઉચ્ચ પદ સુધી પહોંચનારા તેઓ ઈતિહાસમાં પ્રથમ ભારતીય-અમેરિકન બન્યા છે, જેમણે પોતાની દીર્ઘદ્રષ્ટિ અને લોકપ્રિયતાથી આ સિદ્ધિ હાંસલ કરી છે. સ્પીકર તરીકે સત્તાવાર રીતે ચૂંટાયા બાદ તેમણે આ જવાબદારીને પોતાનું સૌથી મોટું સન્માન ગણાવ્યું હતું અને પોતાના તમામ સાથીદારોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે સિનેટના નવનિર્વાચિત નેતા અને ગવર્નર સાથે મળીને ચૂંટણી પ્રચાર દરમિયાન જનતાને આપેલા તમામ વચનો ઝડપથી પૂરા કરવાની પોતાની ઉત્સુકતા પણ દર્શાવી હતી.

ઈલોન મસ્ક અમેરિકી મિડટર્મ ચૂંટણી, ડેમોક્રેટ્સની જીતથી મસ્કને ઝટકો



ન્યૂયોર્ક | અમેરિકાની રાજકીય અને આર્થિક ક્ષિતિજ પર આજે એક અભૂતપૂર્વ ચિત્ર ઉપસી આવ્યું છે, જ્યાં દેશની તાજેતરની મિડટર્મ ચૂંટણીના પરિણામોએ વૈશ્વિક ઉદ્યોગપતિ ઈલોન મસ્કના વ્યાપારી સામ્રાજ્યના મૂળિયા હચમચાવી દીધા છે. અમેરિકન સંસદ એટલે કે કોંગ્રેસના બંને ગૃહો - હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ પર કબ્જો મેળવવાના ઉદ્દેશ્યથી ઈલોન મસ્કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના સમર્થનમાં જે ૪૪.૫ કરોડ ડોલરનો મોટો આર્થિક દાવ ખેલ્યો હતો, તે ડેમોક્રેટિક પાર્ટીની આંધી સામે સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયો છે. ડેમોક્રેટ્સના વ્યાપક વિજય એટલે કે 'બ્લૂ વેવ'ની તીવ્ર લહેરને કારણે મસ્કની મુખ્ય કંપનીઓ ટેસ્લા અને સ્પેસએક્સના શેરના ભાવમાં એક જ દિવસમાં મોટો ઘડાકો થયો હતો, જેના પરિણામે તેમની સંપત્તિમાંથી ૧૩૦ અબજ ડોલરનું ધોવાણ થઈ ગયું છે. આ રાજકીય પરાજય માત્ર નાણાકીય નુકસાન પૂરતો મર્યાદિત નથી રહ્યો, પરંતુ મસ્કના અબજો ડોલરના બિઝનેસ સામ્રાજ્ય પર હવે નવી સત્તાધારી કોંગ્રેસ દ્વારા આકરી તપાસ અને નિયામકીય સિકંજો કસાવાની પ્રબળ આશંકાઓ ઊભી થઈ છે.

શાંતિ પ્રસ્તાવથી ડિપ્લોમસી ગરમાઈ, કતારની મધ્યસ્થતાથી નવી આશા જાગી

'7 શરતો માની લે તો અમે હોર્મુઝ ખોલી દઈશું...', ઈરાને અમેરિકાને મોકલ્યો શાંતિ પ્રસ્તાવ

(એજન્સી) તેહરાન । તા. 06



અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા ભારે તણાવપૂર્ણ અને સંઘર્ષમય માહોલ વચ્ચે હવે રાજદ્વારી સ્તરે વાતચીતની નવી પ્રક્રિયા શરૂ થવાના સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે. ઈરાને મધ્યસ્થી દેશ કતાર મારફતે અમેરિકી પ્રશાસનને એક નવો અણુ પ્રસ્તાવ મોકલી આપ્યો છે, જેણે વૈશ્વિક રાજકારણમાં મોટી હલચલ મચાવી દીધી છે. ઈરાની પ્રશાસનના એક અત્યંત વરિષ્ઠ અને જવાબદાર અધિકારીના જણાવ્યા અનુસાર, અમેરિકા હાલમાં આ મોકલાયેલા ખાસ પ્રસ્તાવના તમામ પાસાઓની ગંભીરતાપૂર્વક સમીક્ષા કરી રહ્યું છે. જોકે, ઈરાની નેતૃત્વએ ખૂબ જ સ્પષ્ટ અને મક્કમ શબ્દોમાં જણાવી દીધું છે કે પરમાણુ મુદ્દે કે અન્ય કોઈ પણ ક્ષેત્રે વિધિવત વાટાઘાટો શરૂ કરતા પહેલા અમેરિકાએ તેમની સાત મુખ્ય માંગણીઓનો સંપૂર્ણ સ્વીકાર કરવો પડશે. આ શરતો માન્યા વિના કોઈપણ પ્રકારની આગળની સત્તાવાર વાટાઘાટો શક્ય બનશે નહીં.

ઈરાનના ટોચના અને નિર્ણાયક સુરક્ષા અધિકારી મોહસિન રઝાઈએ તાજેતરમાં પોતાના રશિયા પ્રવાસ દરમિયાન દેશના આ વલણનો ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે મીડિયા સાથેની ખાસ વાતચીતમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જ્યાં સુધી અમેરિકી સરકાર તેમની સાત મુખ્ય માંગણીઓનો સ્વીકાર કરતી નથી, ત્યાં સુધી આંતરરાષ્ટ્રીય વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝ સ્ટ્રેટની નાકેબંધી હટાવવામાં આવશે નહીં અને કોઈ પણ પ્રકારની શાંતિ વાટાઘાટો આગળ વધી શકશે નહીં. ઈરાન દ્વારા રજૂ કરવામાં આવેલી આ સાત મુખ્ય શરતોમાં દેશ પર લાદવામાં આવેલા તમામ પ્રકારના કડક આર્થિક પ્રતિબંધોને તુરંત જ નાબૂદ કરવા, વિદેશી બેંકોમાં ફ્રીઝ કરવામાં આવેલી ઈરાનની અબજો ડોલરની સંપત્તિઓને મુક્ત કરવી, સંઘર્ષ દરમિયાન થયેલા યુદ્ધના નુકસાનનું યોગ્ય વળતર ચૂકવવું, અમેરિકન નૌકાદળ દ્વારા કરવામાં આવેલી દરિયાઈ નાકેબંધી સંપૂર્ણપણે હટાવવી અને સમગ્ર મધ્ય પૂર્વ ક્ષેત્રમાંથી અમેરિકી સૈન્ય દળોની સલામત વાપસી સુનિશ્ચિત કરવી જેવા અત્યંત મહત્વપૂર્ણ મુદ્દાઓનો સમાવેશ થાય છે.

બીજી તરફ, વોશિંગ્ટન તરફથી એવો સૂર વ્યક્ત કરવામાં આવી રહ્યો છે કે કોઈપણ પ્રકારની શરૂઆતી અથવા પ્રાથમિક વાતચીતમાં પરમાણુ મુદ્દાઓને પ્રાધાન્ય આપીને આવરી લેવા અત્યંત આવશ્યક છે. આ જ કારણોસર બંને દેશો વચ્ચે માત્ર માંગણીઓની યાદી જ નહીં, પરંતુ વાટાઘાટો યોજવાની મૂળભૂત પદ્ધતિ અને પ્રક્રિયાને લઈને પણ ઊંડા રાજદ્વારી મતભેદો સપાટી પર આવ્યા છે. હાલમાં કતાર અને અન્ય મિત્ર મધ્યસ્થી દેશો આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા આ મોટા વિવાદને શાંત પાડવા માટે સતત પડદા પાછળ પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ વોશિંગ્ટન તરફથી ઈરાનની આ કડક શરતો પર શું અધિકૃત પ્રતિભાવ આપવામાં આવે છે, તેના પર જ આગળની તમામ વાતચીતનો મુખ્ય આધાર રહેલો છે.

28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલે ઈરાનના જુદા જુદા વિસ્તારમાં લક્ષ્યાંકિત હુમલા કર્યા બાદ આ ભારે સૈન્ય સંઘર્ષની શરૂઆત થઈ હતી. ત્યારબાદ આ સંઘર્ષની ઘાતક અસર સમગ્ર મધ્ય પૂર્વના દેશોમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ ગઈ હતી, જેમાં લેબેનોન સ્થિત હિઝબુલ્લાહ જૂથ અને યમનના હુતી વિદ્રોહીઓ પણ સક્રિય રીતે જોડાતા માહોલ વધુ વણસ્યો હતો. વર્તમાન સમયમાં આંતરરાષ્ટ્રીય વિશ્લેષકોમાં એવો ગંભીર ભય સેવાઈ રહ્યો છે કે અમેરિકામાં આગામી મિડટર્મ ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ આ ભયાનક સૈન્ય ટકરાવ ફરી એકવાર વ્યાપક સ્તરે શરૂ થઈ શકે છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ચૂંટણી બાદ ઈરાન સામે ફરીથી આકરી સૈન્ય કાર્યવાહી કરવાની શક્યતાઓને નકારી નથી. સામે પક્ષે ઈરાને પણ ખુલ્લી ચેતવણી આપી છે કે જો અમેરિકા દ્વારા યુદ્ધ ફરી ભડકાવવામાં આવશે, તો તેઓ આ વખતે અગાઉ કરતાં પણ વધુ આકરો અને વિનાશક જવાબી પ્રહાર કરશે.

મેલાનિયા ટ્રમ્પનો સીઝફાયર માસ્ટરપ્લાન, રશિયા અને યુક્રેન કરાર પર હસ્તાક્ષર

(એજન્સી) વોશિંગ્ટન । તા. 06

વિશ્વભરમાં ભારે ચર્ચા જગાડનારા રશિયા અને યુક્રેન વચ્ચેના ભીષણ સૈન્ય સંઘર્ષ વચ્ચે અમેરિકાના પૂર્વ ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે એક ચોંકાવનારો અને અત્યંત મહત્વપૂર્ણ દાવો કરીને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. સીઝફાયર સંદર્ભે યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં તેમણે સત્તાવાર રીતે ખુલાસો કર્યો હતો કે યુક્રેનના ખેરસોન વિસ્તારમાં આવેલા વ્યૂહાત્મક ઓલેશ્કી શહેર અને તેની આસપાસના ગ્રામીણ ભાગોમાં માનવતાવાદી યુદ્ધવિરામ કરાવવા માટે તેમણે ખાસ મધ્યસ્થ તરીકે અત્યંત સક્રિય અને નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. મેલાનિયા ટ્રમ્પના જણાવ્યા અનુસાર, શુક્રવાર, ત્રેવીસ ઓક્ટોબરના રોજ રશિયા અને યુક્રેન બંને દેશોએ આ મહત્વપૂર્ણ શાંતિ સમજૂતી હેઠળ બંને દેશોની અધિકૃત ભાષાઓમાં તૈયાર કરાયેલા દસ્તાવેજો પર વિધિવત અને સત્તાવાર રીતે પોતાના હસ્તાક્ષર કર્યા છે, જેણે આ ભયાનક યુદ્ધના માહોલમાં સ્થાનિક નાગરિકો માટે આશાનું નવું કિરણ પ્રગટાવ્યું છે. અંતરિયાળ સૂત્રો અને પૂર્વ ફર્સ્ટ લેડી દ્વારા કરવામાં આવેલા ખુલાસા મુજબ, સપ્ટેમ્બર મહિના દરમિયાન તેમને ઓલેશ્કી વિસ્તારમાં સર્જાયેલા ગંભીર માનવતાવાદી સંકટ અને સામાન્ય જનજીવન પર તોળાતા ઘાતક ખતરાની વિગતવાર માહિતી મળી હતી. જમીની પરિસ્થિતિની અત્યંત ગંભીરતાને ત્વરિત પારખીને તેમણે જરાય વિલંબ કર્યા વિના તાત્કાલિક કડક પગલાં ભરવાનો સ્પષ્ટ નિર્ણય લીધો હતો. તેમણે પોતાના અંગત અને અત્યંત વિશ્વાસુ પ્રતિનિધિ માર્ક બેકમેનને વિશેષ સૂચનાઓ આપી હતી કે તેઓ મેલાનિયા ટ્રમ્પ વતી રશિયા અને યુક્રેન બંને દેશોના ઉચ્ચ સત્તાવાળાઓ સાથે સીધી અને સતત વાતચીતનો દોર શરૂ કરે.

ફ્રાન્સમાં બ્લડ બેંક પર સાયબર હુમલો થયો, તાપમાન વધારીને 110 ડિગ્રી કર્યું, પ્લાઝ્મા જોખમમાં મુકાતા મચ્યો ખળભળાટ

(એજન્સી) પેરિસ । તા. 06



યુરોપના મહત્વના દેશ ફ્રાન્સની રાજધાની પેરિસમાં આવેલા નેશનલ બ્લડ સર્વિસના ત્રણ અત્યાધુનિક કોલ્ડ સ્ટોરેજ પર અજ્ઞાત હેકર્સો દ્વારા એક અત્યંત ખતરનાક સાયબર હુમલો કરવામાં આવ્યો છે, જેના કારણે સમગ્ર દેશમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. આ ગંભીર હુમલામાં હેકર્સે સિસ્ટમમાં ઘૂસણખોરી કરીને કોલ્ડ સ્ટોરેજનું સામાન્ય તાપમાન માઈનસ ત્રીસ ડિગ્રીથી એકાએક વધારીને એકસો દસ ડિગ્રી કરી નાખ્યું હતું, જેના પરિણામે હજારો દર્દીઓને ચડાવવા માટે સાચવવામાં આવેલો જીવનરક્ષક પ્લાઝ્માનો કિંમતી જથ્થો ગંભીર જોખમમાં મુકાઈ ગયો હતો. જોકે, યોગ્ય સમયે એલર્ટ સિસ્ટમ સક્રિય થઈ જવાથી તાત્કાલિક પગલાં લેવાયા હતા, છતાં આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ડિજિટલ સુરક્ષા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ખડા કરી દીધા છે અને સબંધિત સુરક્ષા એજન્સીઓ દ્વારા આ મામલે અત્યંત ઊંડાણપૂર્વક તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, ફ્રાન્સની સુપ્રસિદ્ધ નેશનલ બ્લડ સર્વિસ કે જે સ્વાસ્થ્ય સેવાઓ સાથે સીધી જોડાયેલી છે, તેના ત્રણ મહત્વના કોલ્ડ સ્ટોરેજને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. આ સ્ટોરેજમાં દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાતા રક્તમાંથી અલગ કરાયેલા પ્લાઝ્માના વિશાળ જથ્થાને અત્યંત સુરક્ષિત અને ઠાઠ માહોલમાં રાખવામાં આવતો હતો, જેથી તે લાંબા સમય સુધી બગડે નહીં. આ સેવાનું સંચાલન અને કોન્ટ્રાક્ટ ફૂલવર્લ્ડ નામની વિશિષ્ટ કંપનીને સોંપવામાં આવ્યો હતો. આ કંપનીના ડિજિટલ નેટવર્કને ભેદીને દૂર બેઠેલા અજાણ્યા હેકર્સોએ સ્ટોરેજનું તાપમાન બદલી નાખ્યું હતું. બ્લડ બેંકના ઉચ્ચ મેનેજમેન્ટે સત્તાવાર નિવેદનમાં દાવો કર્યો છે કે સમયસર જાણકારી મળી જવાથી પ્લાઝ્મા સુરક્ષિત હોવાનું મનાય છે, પરંતુ આ તાપમાન કેટલા સમય સુધી અડગ રહ્યું તેની સઘન તપાસ ચાલી રહી છે.

આ ઘટના માત્ર એકલદોકલ નથી, પરંતુ યુરોપભરમાં ચાલી રહેલા સાયબર અપરાધોની શૃંખલાનો જ એક ભાગ હોવાનું મનાઈ રહ્યું છે. તાજેતરમાં જ ફ્રાન્સ ઉપરાંત નેધરલેન્ડ, બેલ્જિયમ, સ્વીડન, આયર્લેન્ડ અને ફિનલેન્ડ સહિતના આઠથી દસ જેટલા યુરોપિયન દેશોની મોટી સુપરમાર્કેટના ફ્રીઝરનું તાપમાન પણ હેકર્સો દ્વારા બદલીને પચાસ ડિગ્રી કરી દેવામાં આવ્યું હતું.

ધરા ધ્રુજી..... માત્રિસા રોયે મેળવ્યા 444.88 લાખ વોટ, 17 અબજ ડોલરના સેટલમેન્ટની મોટી જીત

મેટાને ઝૂકાવનારાં ભારતીય મૂળનાં માત્રિસા રોય લોસ એન્જલ્સના એટર્ની

(એજન્સી) લોસ એન્જલ્સ । તા. 06



અમેરિકાના બીજા નંબરના સૌથી મોટા અને અત્યંત મહત્વપૂર્ણ શહેર એવા લોસ એન્જલ્સની ધરતી પરથી ભારતીય સમુદાય માટે ગર્વ લેવા જેવી એક મોટી અને ઐતિહાસિક ખબર સામે આવી છે, જ્યાં સોશિયલ મીડિયા ક્ષેત્રની દિગ્ગજ કંપની મેટાને પણ કાનૂની લડાઈમાં હાર આપનાર ભારતીય મૂળનાં તેજસ્વી માત્રિસા રોય ભારે બહુમતી સાથે શહેરના નવા એટર્ની તરીકે ચૂંટાઈ આવ્યા છે. આ ચૂંટણીમાં તેમણે પોતાના હરીફને પાછળ રાખીને કુલ મતમાંથી છાસઠ ટકા જેટલા એટલે કે ચાર લાખ અઠ્યાસી હજારથી વધુ મત મેળવીને ઐતિહાસિક વિજય હાંસલ કર્યો છે, જ્યારે તેમના હરીફ ઉમેદવાર માત્ર અડધા જ મત મેળવી શક્યા હતા. આ ભવ્ય જીતે સાબિત કરી દીધું છે કે અમેરિકન રાજકારણ અને કાનૂની ક્ષેત્રે હવે ભારતીય મૂળના પ્રબુદ્ધ નાગરિકોનું વર્ચસ્વ અને પ્રભાવ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. આ ચૂંટણી દરમિયાન માત્રિસા રોયે પ્રચાર માટે હંમેશાં અપનાવાતી પરંપરાગત અને કંટાળાજનક શૈલીને સંપૂર્ણપણે બદલી નાખીને એકદમ નવો અને આકર્ષક અભિગમ અપનાવ્યો હતો. તેમની સોશિયલ મીડિયા પ્રોફાઈલ અને પ્રચારના અંદાજે સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું, કારણ કે તેમણે પોતાના અભિયાનમાં પ્રખ્યાત બોલિવૂડ ગીતોનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં, તેમનો ખાસ પ્રકારનો પોશાક અને અનોખો અંદાજ લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. તેમના આ સમગ્ર કેમ્પેઈનનું મુખ્ય સૂત્ર "લેટ્સ સ્યુ ઈટ" એટલે કે "ચાલો કેસ કરીએ" રાખવામાં આવ્યું હતું, જે યુવા વર્ગમાં ખૂબ જ લોકપ્રિય સાબિત થયું હતું અને તેના જ બળે તેમણે મતદારોના દિલ જીતી લીધા હતા.

માત્રિસા રોયના અંગત જીવન અને સંઘર્ષની વાત કરીએ તો, તેઓ ભારતીય ઈમિગ્રન્ટ માતા અને અમેરિકન પિતાના સંતાન છે અને તેમનો સમગ્ર ઉછેર કેલિફોર્નિયાના મોનરોવિયા વિસ્તારમાં થયો હતો. તેમણે પોતાની પ્રારંભિક શિક્ષણ યાત્રા ફ્લિન્ટ્રિજ પ્રીપેરેટરી સ્કૂલમાંથી સ્નાતક તરીકે પૂરી કરી હતી. ત્યારબાદ તેમણે સધર્ન કેલિફોર્નિયા યુનિવર્સિટીમાંથી ખાસ સ્કોલરશિપ મેળવીને ઉચ્ચ અભ્યાસ કર્યો અને વિશ્વ વિખ્યાત યેલ યુનિવર્સિટીમાંથી કાનૂની શિક્ષણ એટલે કે લોની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. વર્ષ ૨૦૧૭ થી તેમણે લોસ એન્જલ્સ શહેરના એટર્ની તરીકે પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી અને તેઓ મુખ્યત્વે સામાન્ય કામદારોના શોષણ તથા વેતન ચોરી જેવા ગંભીર કેસોમાં ન્યાય અપાવવા માટે સક્રિયપણે કામ કરતા આવ્યા છે. તેઓ અગાઉ કેલિફોર્નિયાના ન્યાય વિભાગમાં ડેપ્યુટી એટર્ની જનરલ તરીકે પણ પોતાની સેવાઓ આપી ચૂક્યા છે.

અમેરિકાના રાજકારણમાં કીશા લાન્સ બોટમ્સનો ઐતિહાસિક વિજય

(એજન્સી) વોશિંગ્ટન । તા. 06

અમેરિકાના રાજકીય ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠ પર આજે એક અવિસ્મરણીય અને ભવ્ય પ્રકરણ ઉમેરાયું છે, જ્યાં ડેમોક્રેટિક પક્ષના અગ્રણી અને તેજસ્વી નેતા કીશા લાન્સ બોટમ્સે જ્યોર્જીયા રાજ્યના પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર તરીકે ચૂંટાઈને એક મોટો ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ત્રણ નવેમ્બરે યોજાયેલી અત્યંત રસપ્રદ અને હાઈવોલ્ટેજ ચૂંટણીમાં તેમણે પોતાના હરીફ અબજોપતિ રિપબ્લિકન ઉમેદવાર રિક જેક્સનને આકરા મુકાબલામાં ધૂળ ચાટતી કરીને આ શાનદાર સફળતા સર કરી છે. ગુલામી પ્રથાના ભૂતકાળ ધરાવતા પરિવારમાંથી આવીને સફળતાના સર્વોચ્ચ શિખરે પહોંચેલા કીશા લાન્સ બોટમ્સ જ્યોર્જીયાના વર્તમાન ગવર્નર બ્રિટાન કેમ્પ પાસેથી વિધિવત રીતે પદભાર સંભાળી લેશે. બ્રિટાન કેમ્પ સતત બે ટર્મ સુધી આ સર્વોચ્ચ પદ પર સફળતાપૂર્વક રહ્યા બાદ હવે નિવૃત્ત થઈ રહ્યા છે.

અમેરિકી લોકશાહીની પરિપક્વતા દર્શાવતી આ ઘટના પાછળ એક અત્યંત પ્રેરણાદાયી અને સંઘર્ષપૂર્ણ વાર્તા છુપાયેલી છે. જ્યારે અમેરિકામાં ભૂતકાળમાં નિર્દય ગુલામી પ્રથા સંપૂર્ણપણે કાયદેસર હતી, ત્યારે આફ્રિકા ખંડમાંથી અનેક નિર્દોષ અશ્વેતોને બળજબરીપૂર્વક લાવવામાં આવ્યા હતા. કીશા લાન્સ બોટમ્સ તે જ સક્ષમ અને મહેનતુ આફ્રિકન પૂર્વજોની સીધી વંશજ છે. એક સમયે જેમના પૂર્વજોએ તમામ માનવ અધિકારો ગુમાવીને આકરી યાતનાઓ ભોગવી હતી, તે જ પરિવારનું સંતાન આજે અમેરિકાના એક અત્યંત મહત્વપૂર્ણ રાજ્યના ગવર્નર તરીકે દેશનું નેતૃત્વ કરવા જઈ રહ્યું છે.

રાહુલ ગાંધી કોંગ્રેસમાં જેટલા આગળ વધતા ગયા, પાર્ટી એટલી જ પાછળ ધકેલાતી ગઈ

(એજન્સી) નવી દિલ્હી | તા 06

હરિયાણાના કરનાલના રસ્તાઓ પર જ્યારે 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રાના અંતિમ તબક્કાની શરૂઆત થઈ, ત્યારે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધીની રાજનીતિને જે રીતે નિશાન બનાવી, તેનાથી રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા શરૂ થઈ છે. 'નવા ભારતના ચાણક્ય' તરીકે ઓળખાતા અમિત શાહે પોતાના રાજકીય પ્રહારો દ્વારા કોંગ્રેસની આ જ રણનીતિને પડકારી હતી. તેમણે સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે લોકશાહીમાં હારનો જવાબ આક્ષેપો દ્વારા નહીં, પરંતુ જનતાની વચ્ચે રહીને પોતાના કામ અને તર્કના આધારે આપવાનો હોય છે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસની સતત ઘટતી રાજકીય તાકાત પર નિશાન સાધતાં અમિત શાહે પાર્ટીની ચૂંટણીલક્ષી નિષ્ફળતાઓનો ઘટનાક્રમ આંકડાઓ સાથે રજૂ કર્યો હતો. તેમણે કોંગ્રેસની ચૂંટણીમાં મળેલી હારની કહાણીને જાણે જૂના પુસ્તકનાં પાનાં ફેરવતાં હોય તેમ રજૂ કરી હતી. વર્ષ 2007માં રાહુલ ગાંધી કોંગ્રેસના મહાસચિવ બન્યા ત્યારે પાર્ટી પાસે આશરે 1,200 ધારાસભ્યો હતા. તેઓ ઉપાધ્યક્ષ બન્યા ત્યાં સુધીમાં આ સંખ્યા ઘટીને 900 થઈ હતી, જ્યારે પક્ષના અધ્યક્ષ બન્યા ત્યારે આ આંકડો 700 પર પહોંચ્યો હતો. વર્ષ 2022માં ભારત જોડો યાત્રા દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોની



સંખ્યા ઘટીને આશરે 600 રહી ગઈ હતી. આ આંકડા કોંગ્રેસની અંદર નેતૃત્વ અને રાજકીય દિશા અંગે ગંભીર સવાલો ઊભા કરે છે. એક તરફ રાહુલ ગાંધી પાર્ટીમાં સતત આગળ વધતા રહ્યા, તો બીજી તરફ કોંગ્રેસનો જનાધાર અને રાજકીય પ્રભાવ સતત ઘટતો ગયો. હરિયાણાથી લઈને મહારાષ્ટ્ર, દિલ્હી સહિત અન્ય રાજ્યોનાં ચૂંટણી પરિણામોને પણ આ રાજકીય પતનના ભાગરૂપે જોવામાં આવી રહ્યાં છે. શાહે સંસદની ગરિમા જાળવવાની પણ યાદ અપાવી હતી. લોકશાહીનું સર્વોચ્ચ મંચ ચર્ચા માટે છે, ભીડ એકત્ર કરવા માટે નહીં. તેમણે કોંગ્રેસની એ રાજકીય કાર્યશૈલી પર પણ સવાલ ઉઠાવ્યા હતા, જેમાં ચૂંટણીમાં જીત મળે ત્યારે જનાદેશ સ્વીકારવામાં આવે છે, પરંતુ હાર મળે ત્યારે ઈવીએમ અને ચૂંટણી પંચને નિશાન બનાવવામાં આવે છે. સંસદમાં હોબાળો કરવો, કાર્યવાહીનો બહિષ્કાર કરવો અને ત્યારબાદ રસ્તાઓ પર અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરવો એ લોકશાહીની પરંપરાઓની વિરુદ્ધ છે.ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહે આપેલો પડકાર પણ ખાસ ચર્ચાસ્પદ રહ્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'રાહુલ ગાંધી કોઈપણ ચાર રસ્તાનું નામ આપે, ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ જ તેમની સાથે ચર્ચા કરવા માટે પૂરતા છે.' જો મુદ્દાઓ ગંભીર હોય તો રાહુલ ગાંધીએ સંસદમાં આવીને ચર્ચા કરવી જોઈએ. ભાજપ દરેક મુદ્દે ચર્ચા માટે તૈયાર છે. હરિયાણાના ભાજપના કાર્યકરો ઘરે-ઘરે જઈને લોકોને હકીકતથી વાકેફ કરશે કે મતદાર યાદીની શુદ્ધિકરણ પ્રક્રિયા લોકશાહીને મજબૂત બનાવવાનું કાર્ય છે, કોઈના અધિકારો છીનવવાનું નહીં. ભાજપના કાર્યકરો ખેતર-ખળિયાણથી લઈને સડકો સુધી રાહુલ ગાંધીના પ્રચારનો જવાબ આપશે, કારણ કે તેઓ જનતાની વચ્ચેથી આવ્યા છે અને દરેક મંચ પર લોકતાંત્રિક રીતે જવાબ આપવાનું જાણે છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ચૂંટણી પંચ અને એસઆઈઆર (SIR) અંગે કરવામાં આવી રહેલા આક્ષેપોનો પણ જવાબ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વર્ષ 2014, 2019 અને 2024ની ચૂંટણીઓ તેમજ હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીઓ દરમિયાન ક્યાંય પણ એસઆઈઆર થયું નહોતું, તેમ છતાં કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો હતો. શાહે સ્પષ્ટ કર્યું હતું કે મોદી સરકારમાં 'ડિટેક્ટ, ડિલીટ અને ડિપોર્ટ' (શોધો, નામ દૂર કરો અને દેશનિકાલ કરો)નો સંકલ્પ અડગ છે. તેમના મતે, આવી સ્થિતિમાં કોંગ્રેસની રેલીઓ મતદારોના અધિકારોની રક્ષા કરતાં ઘૂસણખોરોને બચાવવાના પ્રયાસ તરીકે વધુ દેખાઈ રહી છે. કરનાલની આ રેલીનો વ્યાપક સંદેશ માત્ર કોંગ્રેસ અને રાહુલ ગાંધીની ટીકા પૂરતો સીમિત રહ્યો નહોતો. આ રેલી દ્વારા ભાજપે પોતાની રાજકીય રણનીતિ પણ રજૂ કરી હતી, જેમાં સંગઠનની તાકાત, સરકારની ઉપલબ્ધિઓ અને વિપક્ષના આક્ષેપોનો જવાબ એકસાથે જનતા સમક્ષ મૂકવામાં આવ્યો હતો. હવે દેશની જનતા નક્કી કરશે કે કાયદા અને જનકલ્યાણના મુદ્દાઓ પર ચર્ચા રસ્તાઓ પર થશે કે સંસદમાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી આ 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રાના આયોજકોના મતે, આ અભિયાનથી લોકશાહીનાં મૂળ વધુ મજબૂત બની રહ્યાં છે, જ્યારે અરાજકતા ફેલાવવાના પ્રયાસો નિષ્ફળ જઈ રહ્યા છે.

ડીમેટ એકાઉન્ટ હેક કરી ૪.૫૮ કરોડના શેર વેચી પેની સ્ટોક્સ ખરીદ્યા

(એજન્સી) મું બઈ| તા 06

ડીમેટ એકાઉન્ટને હેક કરીને ઉચ્ચ મૂલ્યના શેર વેચીને અને તેમાંથી મળેલી રકમથી પેની સ્ટોક્સ ખરીદવાના આરોપસર પોલીસે એક મહિલાની ધરપકડ કરી હતી. પીડિત મહિલા દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે દક્ષિણ ક્ષેત્ર સાયબર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ગત ઓગસ્ટમા મહિલા ભેજાબાજે ફરિયાદીનું ડીમેટ એકાઉન્ટ હેક કર્યું હતું. ગુનેગારે રૂ. ૪. ૫૮ કરોડના શેર વેચ્યા હતા, તેમાંથી મળેલા પૈસાનો ઉપયોગ રૂ. ૧.૭૧ કરોડના પેની સ્ટોક્સ ખરીદવા માટે કર્યો હતો. આ ઘટના બાદ પોલીસે સફળતાપૂર્વક રૂ. ૨,૮૬,૭૪,૫૪૭ ના શેર ફ્રીઝ કર્યા હતા. તપાસમાં પુષ્ટિ મળી કે ડિમેટ એકાઉન્ટમાં લોગ ઇન કરવા માટે જરૂરી વન-ટાઇમ પાસવર્ડ (ઓટીપી) ફરિયાદીના ઈમેલ એડ્રેસ પર મોકલવામાં આવ્યો હતો. આરોપી મહિલાએ ગેરકાયદેસર રીતે તે ઈમેલ એકાઉન્ટ સાથે સંકળાયેલા મોબાઇલ નંબર સાથે લિંક કરેલું સિમ કાર્ડ મેળવ્યું હતું. જેનાથી તે ઈમેલ અક્સેસ કરી શકતી હતી અને ઓટીપી મેળવી શકતી હતી. આ ગેરકાયદેસર અક્સેસનો ઉપયોગ કરીને તેણે ડીમેટ એકાઉન્ટમાં લોગ ઇન કર્યું, સંમતિ વિના શેર વેચી દીધા અને પેની સ્ટોક્સ ખરીદ્યા હતા. આરોપી મહિલાની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી.

News Brief

એન્ટિલિયા વિસ્ફોટક કેસમાં સચિન વાઝેના જામીન રદ કરાયા



(એજન્સી) મું બઈ| તા 06

મુંબઈમાં બોમ્બે હાઈકોર્ટે એન્ટિલિયા વિસ્ફોટક અને મનસુખ હિરણ હત્યા કેસના આરોપી વિવાદાસ્પદ પોલીસ અધિકારી સચિન વાઝેના જામીન રદ કર્યા છે. NIAની અપીલને ગ્રાહ્ય રાખી, વિશેષ કોર્ટે આપેલા જામીન રદ કરાયા છે. આ નિર્ણય ન્યાયાધીશ ગિરીશ કુલકર્ણી અને ડૉ. નીલા ગોખલેની બેન્ચે આપ્યો, જેમાં વાઝેને મોટો ફટકો પડ્યો છે. વિશેષ કોર્ટે લાંબા જેલવાસને ટાંકી જામીન આપ્યા હતા, એનઆઈએની અપીલને બહાલી. મુંબઈ - બોમ્બે હાઈકોર્ટે એન્ટિલિયા વિસ્ફોટક કેસ - મનસુખ હિરણ હત્યા કેસના મુખ્ય આરોપી વિવાદાસ્પદ પોલીસ અધિકારી સચિન વાઝેને ખાસ અદાલત દ્વારા આપવામાં આવેલા જામીન રદ કર્યા હતા. ન્યાયાધીશ ગિરીશ કુલકર્ણી અને ન્યાયાધીશ ડો. નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે ચુકાદો સંભળાવતા કહ્યું, ખાસ કોર્ટનો આદેશ રદ કરવામાં આવે છે અને એનઆઈએ દ્વારા કરાયેલી અપીલ મંજૂર કરવામાં આવે છે. ૨૫ ફેબ્રુરઆરીના રોજ અંબાણીના નિવાસસ્થાન નજીક વિસ્ફોટકોથી ભરેલી સ્કોર્પિયો કાર, ધમકીભર્યો પત્ર મળી આવ્યો હતો. એક ઉદ્યોગપતિ મનસુખ હિરણે દાવો કર્યો હતો કે એક અઠવાડિયા પહેલા તેમના કબજામાંથી વાહન ચોરાઈ ગયું હતું. તે પાંચ માર્ચના રોજ થાણેમાં એક ખાડીમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.એનઆઈએએ દાવો કર્યો હતો કે વાઝે પોતાની સુપર કોપ છબી પુનઃસ્થાપિત કરવા માંગતો હતો અને આ રીતે તેણે અંબાણી પરિવારના સભ્યોના મનમાં આતંક ફેલાવવાનું કાવતરું ઘડ્યું હતું. જોકે, ખાસ કોર્ટે જામીન આપતી વખતે નોંધ્યું હતું કે અંબાણી પરિવારે તેમનું સામાન્ય જીવન ચાલુ રાખ્યું હતું અને પરિવારના કોઈપણ સભ્યને આતંકિત કરવામાં આવ્યા હોવાનું દર્શાવવા માટે રેકોર્ડ પર કંઈ નથી. એનઆઈએએ હકીકત પર પ્રકાશ પાડ્યો કે વાઝે પાંચ થી વધુ હાઈ-એન્ડ કારનો માલિક હતો અને ફાઇવ સ્ટાર હોટલમાં ૧૦૦ દિવસથી વધુ સમય રહ્યો હતો. આ બધું તે સમયે જ્યારે તે ફક્ત ૯૦,૦૦૦ રૂપિયા માસિક પગાર મેળવતો હતો.

નાણામંત્રીના ડીપફેક વીડિયોમાં ફસાઈને વૃધ્ધાએ રૂ. ૨.૮૨ કરોડ ગુમાવ્યા



(એજન્સી) મું બઈ| તા 06

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને દર્શાવતા નકલી યુટ્યુબ વિડિયો દ્વારા જાહેરાત કરાયેલા રોકાણ કૌભાંડમાં બોરીવલી પશ્ચિમમાં રહેતા ૭૫ વર્ષીય વૃધ્ધાએ કથિત રીતે રૂ. ૨.૮૨ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા. છેતરપિંડી કરનારી ગેંગે આંતરરાષ્ટ્રીય વેપાર પ્રતિનિધિ તરીકે પોતાને રજૂ કરીને કાલ્પનિક નફો દર્શાવતી વખતે આરટીજીએસ દ્વારા પૈસા ટ્રાન્સફર કરવા માટે તેમને સમજાવ્યા હતા. તેમના પુત્રને આ કૌભાંડની જાણ થયા બાદ સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બોરીવલી વેસ્ટના એલટી રોડ પર એકલા રહેતા એક કેમિકલ કંપનીના નિવૃત્ત કર્મચારી પ્રતિભાએ ફેબ્રુરઆરીમાં આ વીડિયો જોયો હતો. એમાં વરિ નાગરિકોને આંતરરાષ્ટ્રીય શેરો, સોનું, ચાંદી, કોમોડિટીઝ અને બોન્ડ્સમાંથી ઉચ્ચ વળતરનું વચન આપવામાં આવ્યું હતું. લિંક પર ક્લિક કર્યા પછી વૃધ્ધાને સાગર નામની વ્યક્તિ તરફથી ફોન આવ્યા હતા. તેણે રોમાનિયા સ્થિત ફર્સ્ટઈસીએનનું પ્રતિનિધિત્વ કરતો હોવાનો દાવો કર્યો હતો. તેઓ શરૂઆતમાં રોકાણ માટે ખચકાટ અનુભવતા હતા. આરોપીએ વારંવાર ફોન કર્યા પછી ફરિયાદી રોકાણ કરવા માટે સંમત થયા હતા અને બાવીસ હજાર રૂપિયા ચૂકવ્યા હતા. ૭ માર્ચથી ટેલિગ્રામ પર ફર્સ્ટઈસીએન-એકાઉન્ટ-મેનેજર-બોટ પર વાતચીત કરવાનું શરૂ કર્યું હતું. બાદમાં અન્ય એક કોલર સૂર્યાએ સંપર્ક કર્યો હતો. આ જોડીએ સોના અને ચાંદીના વેપારમાં રોકાણમાં નફાનું વચન આપ્યું હતું. ઈરાન-યુએસ યુદ્ધ અને બજાર ક્રેશનો ઉલ્લેખ કરીને સાયબર ગુનેગારોએ વૃધ્ધાના પૈસાને સુરક્ષિત રાખવા માટે વધુ રોકાણની માંગ કરી હતી. આથી તેમણે આરટીજીએસ દ્વારા જુદાજુદા ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. તેમને ટેલિગ્રામમાં નફો દર્શાવતો હતો. તેમને રૂ. ૨.૮૨ કરોડના રોકાણ સામે અમુક પ્રોફિટ દર્શાવવામાં આવ્યો હતો. આરોપીએ આ રકમ ઉપાડવાની મંજૂરી આપતા પહેલા આઇપીઓ માટે પૈસાની માંગણી કરી અને લોનની ઓફર કરી હતી. જેનો વૃધ્ધાએ ઇનકાર કરી દીધો હતો.

8 દિવસમાં બીજો મોટો નિર્ણય

SIRમાં રહી ગયેલા મતદારોને વધુ એક તક:દિલ્હી, મહારાષ્ટ્ર સહિત 7 રાજ્યોના મતદારો ફરી નામ જોડાવી શકશે

(એજન્સી) નવી દિલ્હી | તા 06

ચૂંટણી પંચે (EC) એવા મતદારોને તેમના નામ ઉમેરવાની વધુ એક તક આપવાનો નિર્ણય કર્યો છે, જેઓ SIR પ્રક્રિયા દરમિયાન રહી ગયા હતા. આ તક એવા મતદારોને મળશે, જેમને એબ્સન્ટ, શિફ્ટેડ, ડેડ અને ડુપ્લિકેટ (ASDD) તરીકે નોંધવામાં આવ્યા હતા.આ મતદારોના એન્યુમરેશન ફોર્મ જારી કરવામાં આવ્યા હતા, પરંતુ તે પરત મળ્યા નહોતા. તેના કારણે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન તેમના નામ ડ્રાફ્ટ ઈલેક્ટોરલ રોલ્સમાં સામેલ થઈ શક્યા નહોતા.પંચના નિર્દેશો દિલ્હી, મહારાષ્ટ્ર, હરિયાણા, આંધ્ર પ્રદેશ, ઝારખંડ, તેલંગાણા અને નાગાલેન્ડમાં લાગુ પડશે. આ દરમિયાન ડુપ્લિકેટ નામ નોંધાવા ન દેવા માટે પણ નિર્દેશ આપવામાં આવ્યા છે.જોકે, જે લોકો ક્યારેય મતદાર યાદીમાં હતા જ નહીં, તેમને તેનો લાભ મળશે નહીં. આ તક માત્ર એવા લોકો માટે છે, જેમનાં નામ અગાઉથી યાદીમાં હતાં, પરંતુ SIR દરમિયાન તેમના નામ કાપી નાખવામાં આવ્યાં હતાં. સુપ્રીમ કોર્ટે 29 ઑક્ટોબરે દિલ્હીમાં કરવામાં આવેલી ઉતાવળ પર સવાલ ઉઠાવ્યો હતો. તેના બીજા જ દિવસે પંચે તારીખ લંબાવી દીધી હતી. દિલ્હીમાં SIR પહેલાં આશરે 1.45 કરોડ મતદારો હતા.31 ઓગસ્ટે જાહેર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં આશરે 97.53 લાખ નામ સામેલ કરવામાં આવ્યાં. આ રીતે લગભગ 47.57 લાખ નામ ડ્રાફ્ટ યાદીમાંથી બહાર રહ્યાં. જો તમારું નામ ડ્રાફ્ટ યાદીમાં નથી અને તમને ASDD જણાવવામાં આવ્યા છે, તો ગભરાશો નહીં. BLO તમારા ઘરે ફરી આવશે અથવા તમે દાવો-વાંધા દરમિયાન ફોર્મ ભરીને તમારું નામ ઉમેરાવી શકો છો. આ માટે તમારે તમારું આધાર કાર્ડ, મતદાર ઓળખપત્ર અને સરનામાનો પુરાવો રાખવો પડશે.બિહારમાં SIR દરમિયાન લાખો નામ કાપવામાં આવતા વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. હવે 7 રાજ્યોમાં આવી જ ફરિયાદો આવી રહી હતી કે જીવતા લોકોને મૃત જાહેર કરી દેવામાં આવ્યા, જ્યારે બહાર ગયેલા લોકોને ગેરહાજર બતાવવામાં આવ્યા. આયોગનો આ નિર્ણય આ ફરિયાદો બાદ આવ્યો છે.આ પહેલાં 3 નવેમ્બરે આયોગે વધુ એક નિર્ણય લીધો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે જો મતદારનું નામ SIRની ડ્રાફ્ટ મતદાર યાદીમાં નથી, તો તે ફોર્મ-6 ભરીને ફરીથી નામ ઉમેરાવી શકે છે. ચૂંટણી પંચે કહ્યું કે ભલે 10 વર્ષથી મતદાર રહ્યા હોય, તો પણ ફોર્મ-6 જ ભરવું પડશે. તેને ખોટું સોગંદનામું માનવામાં આવશે નહીં, તેમજ કોઈ કેસ પણ થશે નહીં.ચૂંટણી પંચે SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકેલા રાજ્યો માટે પણ ફોર્મ-6માં મોટો ફેરફાર કર્યો છે. ઑક્ટોબરમાં થયેલા આ ફેરફાર બાદ SIRમાં નામ કપાઈ ગયા પછી ફરીથી નામ ઉમેરાવવા માટે 2003ની મતદાર યાદીની માહિતી આપવાની જરૂર રહેશે નહીં. અરજદારે એ જણાવવાની જરૂર રહેશે નહીં કે તેનું, માતા-પિતા અથવા દાદા-દાદીનું નામ તે યાદીમાં હતું કે નહીં.

ડિલિવરી બોય બનીને વૃદ્ધ મહિલાની સોનાની ચેન છીનવી:વારંવાર કોઈનું સરનામું પૂછી રહ્યો હતો

મુંબઈ | મુંબઈના કાંદિવલી વિસ્તારમાં એક વ્યક્તિએ 76 વર્ષની મહિલાની સોનાની ચેન આંચકી લીધી. આરોપી ડિલિવરી બોય બનીને બિલ્ડિંગમાં આવ્યો હતો. ઘટના મંગળવારે રાત્રે બની હતી. પોલીસે શુક્રવારે આ અંગે માહિતી આપી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, મહિલાનું નામ અરુણા અનિલકાંત રૂપાણી છે. તેઓ ઉમન સોસાયટીમાં પોતાના ફ્લેટની બહાર લિફ્ટ પાસે ઊભાં હતાં. ત્યારે એક વ્યક્તિ તેમની પાસે આવ્યો અને વારંવાર તેમને કોઈનું સરનામું પૂછતો હતો.

મહિલા બહારથી પોતાની બિલ્ડિંગમાં આવી. બરાબર તેની પાછળ એક વ્યક્તિ પણ આવી પહોંચ્યો.

મૃતદેહો અલગ-અલગ જગ્યાએ ફેંક્યા; કેબ ડ્રાઇવર પત્ની પિયર જવાથી નારાજ હતો

બેંગલુરુમાં પત્ની સહિત સાસરિયાના 7 લોકોની હત્યા:પાર્ટીના બહાને બોલાવીને મારી નાખ્યા

બેંગલુરુ | કર્ણાટકના બેંગલુરુમાં ઘરેલું વિવાદને કારણે એક કેબ ડ્રાઇવરે તેની પત્ની સહિત તેના પરિવારના 7 લોકોની હત્યા કરી દીધી. મૃતકોમાં 7 વર્ષનું બાળક પણ સામેલ છે. આરોપીની ઓળખ શેખર તરીકે થઈ છે. પોલીસે તેની ધરપકડ કરી લીધી છે.પોલીસના જણાવ્યા અનુસાર, શેખરના લગ્ન લગભગ 20 વર્ષ પહેલાં સુનીતા સાથે થયા હતા. સુનીતાના પિયર જવા અંગે બંને વચ્ચે અવારનવાર વિવાદ થતો હતો. સુનીતાની માતા અને ભાઈ પણ તેનો સાથ આપતા હતા. આ બાબતથી નારાજ થઈને શેખરે આખા પરિવારને ખતમ કરવાનું ષડયંત્ર રચ્યું

આરોપ છે કે શેખરે સૌપ્રથમ તેની પત્ની સુનીતાની ઘરમાં સિલબટ્ટા વડે હત્યા કરી અને મૃતદેહને કપડામાં લપેટીને નંદી હિલ્સ નજીક ફેંકી દીધો. ત્યારબાદ તેણે સુનીતાનો મોબાઈલ બંધ કરી દીધો અને પડોશીઓને જણાવ્યું કે તે ફરવા ગઈ છે.

બીજા દિવસે તેણે પોતાના બે સાળા શિવકુમાર અને શંકરને પાર્ટીના બહાને ઘરે બોલાવ્યા અને તેમની હત્યા કરી દીધી. ત્યારબાદ બંનેની પત્નીઓ દિવ્યા અને નલિની, પોતાની સાસુ રૂપવતી અને શિવકુમારના 7 વર્ષના પુત્ર પુનીતની પણ હત્યા કરી નાખી.

મામલો ગુરુવારે સામે આવ્યો, જ્યારે નલિનીની માતાએ તેના ગુમ થવાની ફરિયાદ શ્રીરામપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી. તપાસ દરમિયાન પોલીસને સામૂહિક હત્યાકાંડની જાણ થઈ અને આરોપીની ધરપકડ કરવામાં આવી.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ હત્યા બાદ ઘરમાંથી લોહીના નિશાન ભૂંસવા માટે કેમિકલનો ઉપયોગ કર્યો હતો. મૃતદેહોને અલગ-અલગ સ્થળોએ ઠેકાણે પાડવા માટે કારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનામાં ઉપયોગમાં લેવાયેલો ગ્રાઈન્ડિંગ સ્ટોન અને કાર જપ્ત કરી લીધી છે.

અમિતાભ બચ્ચનના બંગલાને ઉડાવી દેવાની ફરી ધમકી:15 દિવસમાં બીજો ઈમેલ, સ્ટોક એક્સ્ચેન્જ અને બોમ્બે હાઈકોર્ટમાં પણ બ્લાસ્ટ કરવાની ચિમકી

(એજન્સી) નવી દિલ્હી | તા 06

અમિતાભ બચ્ચનના બંગલા 'જલસા'ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીવાળો ઈમેલ મળ્યો છે. ત્યારબાદ મુંબઈમાં સુરક્ષા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ઈમેલમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE), વરલી રેસકોર્સ અને બોમ્બે હાઈકોર્ટને પણ ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. ઈમેલ મળ્યા બાદ મુંબઈ પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે.

આ પહેલાં 23 ઑક્ટોબરે મુંબઈનાં મેયર રિતુ તાવડેને એક ધમકીભર્યો ઈ-મેલ આવ્યો હતો. તેમાં પણ બચ્ચનના બંગલાને બોમ્બથી ઉડાવી દેવાની વાત લખવામાં આવી હતી.

23 ઑક્ટોબરે મોકલવામાં આવેલા ઈમેલમાં અમિતાભ બચ્ચન અને સિંગર દિલજીત દોસાંઝને મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

23 ઑક્ટોબરે મોકલવામાં આવેલા ઈમેલમાં અમિતાભ બચ્ચન અને સિંગર દિલજીત દોસાંઝને મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. ઈમેલ મળ્યા બાદ મુંબઈ પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે.

23 ઑક્ટોબરે મુંબઈના મેયરને મોકલવામાં આવેલા ઈમેલમાં અમિતાભ બચ્ચન અને સિંગર દિલજીત દોસાંઝને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. કહેવામાં આવ્યું હતું કે, 31 ઑક્ટોબરથી 27 નવેમ્બર વચ્ચે ક્યારે પણ બંગલાને નિશાન બનાવવામાં આવી શકે છે. આ હુમલો 1984ના 'ઑપરેશન બ્લૂ સ્ટાર'નો બદલો હશે. આ ઈમેલમાં ખાલિસ્તાન સમર્થક નારા પણ લખવામાં આવ્યા હતા.

23 ઑક્ટોબરે મોકલવામાં આવેલા ઈમેલમાં 1984ના શીખવિરોધી રમખાણોનો પણ ઉલ્લેખ હતો. તેમાં કહેવામાં આવ્યું હતું- 'દિલજિતે અમિતાભ બચ્ચનના પગ સ્પર્શ કર્યા હતા, તેથી તેના પર હુમલો કરવામાં આવશે. 27 નવેમ્બરે દિલજિતને મહાલક્ષ્મી રેસકોર્સમાં આત્મઘાતી હુમલામાં મારી નાખવાનો છે.'

ધમકીભર્યો ઈમેલ મળ્યા બાદ મુંબઈ પોલીસ, પોલીસની ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડની ટીમો બીએમસી મુખ્યાલયે પહોંચી હતી. મેયર અને ડેપ્યુટી મેયરની કચેરી સહિત વિવિધ ચેમ્બરોની પણ તપાસ કરવામાં આવી હતી.

પંજાબમાં મુસાફરોથી ભરેલી દોડતી ટ્રેનમાં આગ લાગી:4 ડબ્બા સળગ્યા, મુસાફરોએ છલાંગ લગાવી; પટિયાલામાં રોકી અમૃતસર-બંગાળ કર્મભૂમિ એક્સપ્રેસ, 8 ટ્રેનો ડાયવર્ટ



પટિયાલા | પંજાબમાં શુક્રવારે બપોરે દોડતી કર્મભૂમિ એક્સપ્રેસમાં અચાનક આગ લાગી ગઈ. આગ એન્જિન સાથે જોડાયેલા જનરલ ડબ્બામાં ભડકી અને જોતજોતામાં ટ્રેનના 4 જનરલ કોચ તેની ચપેટમાં આવી ગયા. આગની ચપેટમાં આવેલા ડબ્બાઓમાં મુસાફરો સવાર હતા. જેના કારણે મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ. ટ્રેન ઊભી રહેતાં જ મુસાફરો જીવ બચાવવા માટે નીચે ઊતરીને ખેતરો તરફ ભાગવા લાગ્યા. આ દરમિયાન અનેક મુસાફરોએ ટ્રેનમાંથી છલાંગ પણ લગાવી દીધી.આ ઘટના ફતેહગઢ સાહિબના સાધુગઢ અને પટિયાલાના સરાય બંજારા રેલવે સ્ટેશન વચ્ચે બની. માહિતી મળતાં જ રેલવે પ્રશાસન, ફાયર વિભાગ અને રાહત ટીમોને સતર્ક કરવામાં આવી.રેલવે અનુસાર, ટ્રેન નંબર 12508 કર્મભૂમિ એક્સપ્રેસ અમૃતસરથી પશ્ચિમ બંગાળના ન્યૂ જલપાઈગુડી જઈ રહી હતી. અકસ્માત બપોરે આશરે સવા 1 વાગ્યે થયો. સરકારી રેલવે પોલીસે જણાવ્યું કે કોચના પંખામાં શોર્ટ સર્કિટ થવાના કારણે આ ઘટના બની. કોઈના ઈજાગ્રસ્ત થવાની માહિતી નથી. રેલવેએ વૈકલ્પિક ટ્રેનની વ્યવસ્થા કરી અંબાલા મંડળના સિનિયર ડીસીએમ યશનજીત સિંહે જણાવ્યું કે આગ લાગવાનું કારણ જાણવા તપાસ કરવામાં આવશે. હાલમાં રેલવેની પ્રાથમિકતા મુસાફરોને સુરક્ષિત રીતે તેમના ગંતવ્ય સુધી પહોંચાડવાની છે. આ માટે વૈકલ્પિક ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરોને આશરે 500 મીટર દૂર આવેલા નજીકના સ્ટેશન પર પહોંચવા કહેવામાં આવ્યું છે, જ્યાંથી તેમને સુરક્ષિત રીતે તેમના ઘર સુધી પહોંચાડવામાં આવશે.સિનિયર ડીસીએમ બોલ્યા- કોઈ જાનહાનિ નહીં તેમણે જણાવ્યું કે આગથી ત્રણ કોચ સંપૂર્ણપણે પ્રભાવિત થયા, જ્યારે ચોથો કોચ પણ આંશિક રીતે આગની ઝપેટમાં આવ્યો.

સાવરકુંડલાના મહાલક્ષ્મી મંદિર ખાતે છપ્પન ભોગ દર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.



રિપોર્ટર નિકુંજ મહેતા સાવરકુંડલા

સાવરકુંડલા ખાતે ગાંધી ચોક વિસ્તારમાં મહાલક્ષ્મી માતાજીનું ૧૨૨ વર્ષ જૂનું મંદિર આવેલું છે. આ મંદિરમાં દર વર્ષે ધનતેરસના દિવસે માતાજીના 56 ભોગ ધરાવવામાં આવે છે. તેમજ દિવાળીના દિવસે 1008 કમળો થી માતાજીની પૂજા કરવામાં આવે છે. દિવાળીના તહેવારોમાં ભાવિક ભક્તો આ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવે છે. આ મંદિરના પ્રમુખ તરીકે શાસ્ત્રી દીપકભાઈ ત્રિવેદી કાર્યરત છે.

દિવાળી પહેલાં 64 નાયબ સેક્શન અધિકારીની બઢતી

અમદાવાદ | દિવાળી પહેલાં ગુજરાત સરકારના સચિવાલયમાં ફરજ બજાવતા 64 નાયબ સેક્શન અધિકારીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. સામાન્ય વહીવટ વિભાગે 6 નવેમ્બરના રોજ આદેશ કરીને સચિવાલય સંવર્ગના 64 નાયબ સેક્શન અધિકારીઓને સેક્શન ઓફિસર વર્ગ-2 તરીકે બઢતી આપવાનો નિર્ણય કર્યો છે. સરકારના આ નિર્ણયથી દિવાળી પહેલાં જ અધિકારીઓને પ્રમોશનની ભેટ મળી છે.સરકારના આદેશ મુજબ, નાયબ સેક્શન અધિકારી વર્ગ-3 (પગાર ધોરણ 39,900થી 1,26,100, પે મેટ્રિક્સ લેવલ-7)ને સેક્શન ઓફિસર વર્ગ-2 (પગાર ધોરણ 44,900થી 1,42,400, પે મેટ્રિક્સ લેવલ-8)ના પગાર ધોરણમાં ઈન-સીટુ બઢતી આપવામાં આવી છે.

સિટી એક્સપ્રેસ

SATURDAY 07 NOVEMBER-2026

AHMEDABAD

CM ઓફિસ-હાઇકોર્ટને બોમ્બથી ઉડાવવાનો ધમકીભર્યો મેઇલ

અમદાવાદ | ગુજરાત હાઇકોર્ટને બપોરે 1.11 કલાકે બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઇલ મળ્યો છે. જેના પગલે બોમ્બ-ડોગ સ્કવોડ તેમજ સોલા પોલીસની ટીમ હાઇકોર્ટ પહોંચી છે. હાઇકોર્ટમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. સાથે જ હાઇકોર્ટની તમામ કોર્ટ રાબેતા મુજબ ચાલુ છે.બપોરે 3.11 વાગ્યે સીએમ ઓફિસમાં પણ બોમ્બની ધમકી આપવામાં આવી છે. ખાલીસ્તાન નેશનલ આર્મીના નામનો ધમકીભર્યો ઈ-મેઇલ મળતા હાલ પોલીસ એલર્ટ થઈ ગઈ છે અને તાત્કાલિક ધોરણે હાલમાં તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

રાજકોટના યંગસ્ટર્સમાં રોઝ ગોલ્ડ અને બ્રેસલેટ હોટ ફેવરિટ, લાંબા ગાળાના રોકાણ માટે સોનાના સિક્કાની પણ ખરીદી

ધનતેરસે સોનામાં તોલાએ 3 હજાર ઘટતા ખરીદીમાં પડાપડી

(એજન્સી) અમદાવાદ । તા. 06

ધનતેરસ પર આજે સોના-ચાંદી બંનેના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવ 3,106 રૂપિયા ઘટીને લગભગ 1.41 લાખ રૂપિયા પર આવી ગયા છે. એક કિલો ચાંદી 5,437 રૂપિયા સસ્તી થઈને 1.81 લાખ રૂપિયા પર આવી ગઈ છે. તેના એક દિવસ પહેલાં સોનું 1.44 લાખ અને ચાંદી 1.87 લાખ રૂપિયા પર હતી. આ વર્ષે ચાંદી 49 હજાર રૂપિયા સસ્તી થઈ છે.

ત્યારે અમદાવાદ, વડોદરા, રાજકોટમાં અનેક જ્વેલર્સમાં લોકો સોના-ચાંદીના દાગીના અને લગડીની ખરીદી કરવા પહોંચ્યા હતા. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવમાં ઘટાડો નોંધાતાં ખરીદદારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુરતમાં ગ્રાહકો હવે માત્ર ટોકન પૂરતી ખરીદી કરવાને બદલે પૂરતા આયોજન સાથે આગળ વધી રહ્યા છે. ખરીદી કરવા પહોંચેલા ગ્રાહક શિવાની નીરજ નાનાવાલાએ જણાવ્યું હતું કે, 'લાસ્ટ યર પ્રાઇઝ બહુ હાઈ હતી, એટલે ટોકન પૂરતું લીધું હતું. પરંતુ હવે આ વખતે ભાવ ઉતર્યા છે અને ઓછા થયા છે, જેથી આ વખતે થોડી વ્યવસ્થિત ખરીદી કરવાની ઇચ્છા છે. એડવાન્સ બુકિંગ પણ કરી લીધું છે અને ફ્યુચર વિચારીને વ્યવસ્થિત ખરીદી કરી રહ્યા છીએ.'

સોના-ચાંદીના ભાવમાં આવેલા મોટા કડાકાને કારણે બજારમાં લાંબા સમયથી રાહ જોઈ રહેલા ગ્રાહકોનો પ્રવાહ વધ્યો છે. ડી.



ખુશાલભાઈ જ્વેલર્સના દીપકભાઈ ચોકસીએ જણાવ્યું હતું કે, "આ વર્ષે મંદીનો માહોલ હતો એટલે કસ્ટમરનો ફ્લો ઓછો હતો, પરંતુ જે રીતે ભાવમાં ઘટાડો આવ્યો છે તેનાથી લોકો ખરીદી કરી રહ્યા છે. સોનામાં અંદાજે 25% અને ચાંદીમાં અંદાજે 50% જેટલો ઘટાડો નોંધાયો છે. લોકો લાંબા સમયથી ભાવ ઘટવાની રાહ જોઈ રહ્યા હતા. દિવાળી સમયે આવેલા આ ઘટાડાથી અત્યારે લોકો ખરીદી તરફ વળ્યા છે, જોકે ગત વર્ષની સરખામણીએ હજુ પણ બજારમાં અંદાજે 20% જેટલી ઘરાકી ઓછી જોવા મળી રહી છે."

રાજકોટમાં ધનતેરસને લઈને સોની બજારમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં સોનાના ભાવમાં ઘટાડો થતાં લોકો સોનાની ખરીદી માટે આવી રહ્યા છે. એમાં યંગસ્ટર્સમાં રોઝ ગોલ્ડ ફેવરિટ છે. જ્યારે મહિલાઓ અલગ અલગ વેરાઈટીના બ્રેસલેટ અને ચેનની ખરીદી કરી ધનતેરસનું મુહૂર્ત સાચવી રહ્યા છે.

રાધિકા જ્વેલર્સના મુકેશભાઈએ જણાવ્યું હતું કે, આ મહિનામાં સોનાના ભાવમાં રૂ.10,000 જેવો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ધનતેરસ ઉપર એવી અપેક્ષા રાખીએ કે આજે ધનતેરસે લોકો સારી એવી ખરીદી કરે. જે ભાવ ઘટેલો છે એ છેલ્લા આઠથી દસ મહિનાનો નીચો ભાવ છે. લોકો ધનતેરસની મુહૂર્તની ખરીદી તો કરતા જ હોય છે પણ દિવાળી પછી જે લગ્નસરાની સિઝન ચાલુ થઈ રહી છે તો તેના માટે પણ અત્યારે ખરીદી થઈ રહી છે.

મુકેશભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, સોનામાં તો આટલા વર્ષોથી જોતા આવ્યા છીએ કે એવરેજ દર વર્ષે થોડો થોડો વધારો થતો જ હોય છે. જે ગયા વર્ષમાં ઘણો બધો વધારો આવી ગયો છે તો આંશિક રીતે જોવા જાવ તો છેલ્લા એક મહિનામાં સોનાના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગત દિવાળી આસપાસ જે ભાવ હતો એના કરતાં અત્યારે 10 ટકા જ વધારો છે. એવું ગણી શકાય. અમારા હિસાબે એવું માની શકીએ કે ધનતેરસમાં માહોલ સારો પણ ગત વર્ષોની સરખામણીએ જોવા જાય તો થોડું ટોન ધીમો રહેશે એવું લાગે છે.

'દીકરીઓ તરફથી ચેનની ભેટ મળતા ખુશી થઈ'

સોનાની ખરીદી માટે આવનાર જયશ્રીબેન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ધનતેરસનો દિવસ તેમના માટે અત્યંત આનંદનો અને વિશેષ દિવસ છે. આ પવિત્ર દિવસે લક્ષ્મી પૂજન કરવામાં આવે છે અને તેનું ખૂબ મોટું મહત્વ હોય છે. ધનતેરસના આ અવસર પર તેમની બંને દીકરીઓ દ્વારા તેમને ગિફ્ટ તરીકે ચેનની ખરીદી કરી ભેટ આપવામાં આવી છે. દીકરીઓ દ્વારા આ પ્રકારે ભેટ મળવાથી તેમને અતિશય આનંદ અને ખુશી અનુભવાઈ છે. તેમણે પોતાની બંને દીકરીઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો અને સૌને જય શ્રી કૃષ્ણ પાઠવ્યા હતા.

ધનતેરસના પવિત્ર દિવસે સોનાની ખરીદી કરવા માટે આવેલા અલ્પેશ મનસુખલાલ પોપટે જણાવ્યું હતું કે, આજના દિવસનો માહોલ ખૂબ જ રંગીલો છે અને પત્ની માટે ગોલ્ડ કોઈન એક્સચેન્જ કરાવીને જ્વેલરીની ખરીદી કરી છે. જ્યોતિષ પ્રમાણે આજના દિવસે સોનાની ખરીદી કરવી ખૂબ જ શુભ માનવામાં આવે છે અને તે જ આસ્થા સાથે ખરીદી કરી છે. સોનાના ભાવમાં ગયા વર્ષ કરતા વધારો હોવા છતાં અત્યારે ખરીદી કરવા અંગે તેમણે જણાવ્યું હતું કે ધીમે ધીમે ફૂડના ભાવ ઘટશે તો ગોલ્ડનો ભાવ વધશે તેવું લાગે છે, જેથી અત્યારે ખરીદી કરવી યોગ્ય તક ગણાય અને આવતા વર્ષે કદાચ ભાવ આના કરતાં પણ વધારે હોઈ શકે છે. સોનાની ખરીદી કરવા આવેલા કેરવીબેને જણાવ્યું હતું કે, ધનતેરસના દિવસે સોનું ખરીદવું એ શુભ શુકન ગણાય છે અને સોનું એ લક્ષ્મીજીનું પ્રતીક છે. હું રાધિકા જ્વેલર્સમાં મારા ભાભી માટે સોનાની ખરીદી કરવા આવી છું. અને અહીંથી રોઝ ગોલ્ડનું બ્રેસલેટ ખરીદી રહ્યા છે, કારણ કે અહીં ડિઝાઇનો પણ ખૂબ જ સારી ઉપલબ્ધ છે. તહેવારમાં સોનું ખરીદવું જરૂરી છે.

સોમનાથ મંદિર આસપાસ નોનવેજ વેચવા પર પ્રતિબંધ યથાવત

હાઇકોર્ટે આપેલા સ્ટે પર સુપ્રીમ કોર્ટે કોઈ હુકમ ન કર્યો, 2 મહિનામાં અપીલ પતાવવા માટે નિર્દેશ

(એજન્સી) અમદાવાદ | તા. 06



સોમનાથ મંદિર આસપાસના 06 નોનવેજ રેસ્ટોરન્ટના માલિકોએ રાજ્ય સરકારના જાહેરનામાને હાઇકોર્ટમાં પડકાર્યું હતું. જેમાં શહેરના ચોક્કસ વિસ્તારોમાં નોનવેજ વેચાણ અને સંગ્રહ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ હાઇકોર્ટના સિંગલ જજ દ્વારા સોમનાથ મંદિર આસપાસ નોનવેજ નહીં વેચવાના 10 ઓગસ્ટના જાહેરનામાને રદ કરી દેવાયું હતું. જો કે સરકારે તત્કાલિક સિંગલ જજના હુકમ સામે એક્ટિંગ ચીફ જજની ડબલ જજની બેન્ચ સમક્ષ અપીલ કરતા ગીર સોમનાથ જિલ્લાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર કરાયેલા 10 ઓગસ્ટના જાહેરનામાને લઈ સ્ટે આપ્યો હતો.

આ સ્ટે સામે અરજદારો સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. અરજદારના વકીલ અસરાર મન્સૂરીના જણાવ્યા અનુસાર સુપ્રીમ કોર્ટે આ અપીલને 02 મહિનામાં ઝડપી પતાવવા નિર્દેશ આપ્યા છે. સ્ટે અંગે કોઈ હુકમ કર્યો ન હોવાથી, હાઇકોર્ટનો સ્ટે યથાવત રહેશે.

અરજદારના જણાવ્યા અનુસાર જ્યારે 7 ઓક્ટોબરે હાઇકોર્ટમાં આ કેસની પહેલી સુનાવણી થઈ હતી, ત્યારે મામલતદારે આ 06 અરજદારો પાસે પોલીસ ચોકીમાં એક કબૂલાતનામા પર સહી કરાવી લીધી હતી કે તેઓ ભવિષ્યમાં નોનવેજ ખોરાક નહીં વેચે અને માત્ર શાકાહારી ચીજવસ્તુઓનો જ વેપાર કરશે. હાઇકોર્ટે સરકારને સવાલ પણ કર્યો હતો કે હાઇકોર્ટમાં કેસની સુનાવણી ચાલી રહી હતી.

અમદાવાદ મંડળના ખાખરેચીમાં 35 વર્ષો માટે ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ વિકસિત કરવાનો કોન્ટ્રાક્ટ કર્યો

પશ્ચિમ રેલ્વે | અમદાવાદ

એપ્રિલથી ઓક્ટોબર 2026 સુધી મંડળના 8 કાર્યરત કાર્ગો ટર્મિનલોથી 23 લાખ ટનથી વધુ માલનું પરિવહન, રૂ.330 કરોડથી વધુની આવક પ્રાપ્ત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં વર્તમાનમાં 8 ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ (GCT) કાર્યરત છે. આ ટર્મિનલો મારફતે કન્ટેનર, મીઠું, બેન્ટોનાઈટ, સિમેન્ટ, ખાતર, ખાંડ અને દાળો સહિત વિવિધ વસ્તુઓનું પરિવહન કરવામાં આવે છે.

એપ્રિલ 2026 થી ઓક્ટોબર 2026 સુધી આ 8 કાર્ગો ટર્મિનલોથી કુલ 1,700 થી વધુ રેક લોડ કરવામાં આવ્યા, જેમનામાં 65,000 થી વધુ વેગન સામેલ છે. આ સમયગાળા દરમિયાન કુલ લગભગ 23 લાખ ટનથી વધુ માલનું પરિવહન કરવામાં આવ્યું, જેનાથી રેલવેને રૂ.330 કરોડથી વધુની આવક પ્રાપ્ત થઈ. આ જ ક્રમમાં, માલ પરિવહન



સુવિધાઓને વધુ સુદ્રઢ કરવા તથા રેલવેની આવકમાં વૃદ્ધિ કરવાની દિશામાં અમદાવાદ મંડળે એક વધુ મહત્વપૂર્ણ પહેલ કરી છે. મંડળ દ્વારા ખાખરેચીમાં ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ વિકસિત કરવા માટે મેસર્સ એમિરેટ્સ લોજિસ્ટિક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને 35 વર્ષોના સમયગાળા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ અમદાવાદ મંડળમાં રેલવે બોર્ડની જીસીટી નીતિ-2026 ના શિઝ્યુલ-II હેઠળ પ્રથમ કાર્ગો ટર્મિનલ છે.

આ પરિયોજના હેઠલ જીસીટી ઑપરેટરને રેલવેની 80,413 ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે. આ જમીન પર ખાનગી મૂડીરોકાણ મારફતે આધુનિક માલ લોડિંગ અને અનલોડિંગ સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે. આનાથી ભારતીય રેલવેને પ્રતિ વર્ષ રૂ.15 લાખથી વધુની જમીન લાયસન્સ ફી પ્રાપ્ત થશે. ખાખરેચી ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ પરિયોજના રેલવેની બિનઉપયોગી જમીનના અસરકારક ઉપયોગ અને આનગી ક્ષેત્રની ભાગીદારીથી આધુનિક મૂળભૂત માળખાના વિકાસનું એક મહત્વપૂર્ણ ઉદાહરણ છે. આ પરિયોજનાથી ભારતીય રેલવેને આવક-ભાગીદારી મારફતે વધારાની આવક, જમીન લાયસન્સ ફી રૂપે નિયમિત આવક તથા વગર મૂડીગત રોકાણ આધુનિક માલ પરિવહન સુવિધાઓનો લાભ મળશે. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલના વિકસિત થવાથી ક્ષેત્રમાં માલ પરિવહન સુવિધાઓનું વિસ્તરણ થશે. આનાથી ઉદ્યોગો અને વ્યાપારી પ્રતિષ્ઠાનોને પોતાના માલની લોડિંગ માટે ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થશે. આધુનિક કાર્ગો હેન્ડલિંગ સુવિધાઓથી માલની લોડિંગ અને અનલોડિંગ વધુ સુગમ થશે તથા રેલવે આધારિત માલ પરિવહનને પ્રોત્સાહન મળશે.

આ પરિયોજના પ્રધાનમંત્રી ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનના ઉદ્દેશોને અનુરૂપ છે, જેનું લક્ષ્ય દેશમાં ઉત્તમ પરિવહન સંપર્ક, આધુનિક મૂળભૂત માળખા અને એકિકૃત લોજિસ્ટિક્સ નેટવર્કનો વિકાસ કરવાનું છે. રેલવે પરિવહનને પ્રોત્સાહન મળવાથી માર્ગ પરિવહન પરની નિર્ભરતા ઘટાડવા તથા પર્યાવરણ અનુકૂળ પરિવહન વ્યવસ્થાને પ્રોત્સાહિત કરવામાં પણ સહાયતા મળશે.

'લઘુમતીના ત્રાસથી બચવા બજરંગ દળ પાસે જતા છેડતી કરી'

સરોજકુમાર શુક્લા અને તેના સાગરિતો હેરાન કરે છે, હું સુસાઇડ કરી લઈશ, પોલીસ ફરિયાદ લેતી નથી: પીડિતા

(એજન્સી) અમદાવાદ | તા. 06

લવ જેહાદ અને લઘુમતીઓના ત્રાસથી હિન્દુ યુવતી-મહિલાઓને બચાવવાના દાવો કરતા બજરંગ દળના નેતા-કાર્યકર્તાઓ સામે જ હિન્દુ યુવતીએ છેડતી અને ધમકી આપ્યાના ગંભીર આક્ષેપ કર્યા છે. આ મામલે અમદાવાદના નારોલ વિસ્તારમાં રહેતા અને હિન્દુ સામાજિક કાર્યકર તરીકે કામ કરતા પૂજાબા જાડેજાએ પીડિતાને સાથે રાખીને વટવા પોલીસ સ્ટેશનમાં રોજકુમાર શુક્લાની વિરુદ્ધમાં અરજી આપી છે. બજરંગ દળના નેતા સરોજકુમારે શુક્તાએ જણાવ્યું કે, અમે યુવતીની મદદ કરવા ગયા હતા, આ તો ધર્મ કરતા ધાડ પડી જેવો બનાવ બન્યો છે.

પીડિત યુવતીએ પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, મને લઘુમતી સમાજના લોકો બહુ જ હેરાન કરતા હતા. હું પીડિત છું એટલે મદદ લેવા માટે બજરંગદળ પાસે ગઈ હતી. બજરંગદળના સરોજકુમાર શુક્લા અને તેમના સાથીઓ દ્વારા પણ તેને હેરાન કરવામાં આવી રહી છે. આ લોકોએ મારી છેડતી કરી. એ લોકોની માગ છે એ હું ન કરું તો મારા જીવને જોખમ છે. મને કઈ ખબર નથી પડતી.

વધુમાં ઉમેર્યું કે, મારા ભાઈ સહિતના પરિવારને પણ મારવાની ધમકી આપે છે. મેં પોલીસને પણ જાણ કરી તો મારી ફરિયાદ નથી લેતા અને કોઈ નિરાકરણ નથી મળતું. સરોજકુમાર શુક્લા મોટો વ્યક્તિ એટલે પોલીસ પણ ફરિયાદ લેતી નથી. મારૂ કોઈ સાંભળતું નથી. મેં આપેલી અરજીનું પણ હજુ સુધી કોઈ સોલ્યુશન આવ્યું નથી.

પીડિત યુવતીની મદદે આવેલા પૂજાબા જાડેજાએ જણાવ્યું કે, જય શ્રી રામ. હું લવ જિહાદ માટે છેલ્લા 5થી 7 વર્ષથી કામ કરું છું. બેન-દીકરીઓ ઘરેથી કે કોઈ પણ પીડામાં હોય છે અને અમારી જોડે આવે તો મદદ કરીએ છીએ. અમે સરોજકુમાર શુક્લાને વાત પણ કરી કે ભાઈ તમે આવું કર્યું છે, તો એ માને છે કે 'હા, મેં કર્યું છે. તો મેં એમને કહ્યું કે, તમે માફી માંગીને પૂરું કરો, તમારી ભૂલ છે. આપણે રક્ષક છીએ, હિન્દુત્વનું કામ કરીએ છીએ, જો આપણે આવું કરીએ તો આપણામાં અને લઘુમતીઓમાં ફરક શું?

સરોજકુમાર માફી માંગવા તૈયાર હતા. પછી આમાં નિમેષ શર્મા આવ્યા. નિમેષ શર્મા અમારા ઘરે આવીને બધું માની ગયા કે, શુક્લાજીની ભૂલ છે અને શુક્લાજી આવા જ છે. આની પહેલાં પણ બે-ત્રણ મહિલા જોડે આ બનાવ બની ચૂક્યા છે, એમના અધિકારીઓ પણ માને છે. પણ નિમેષભાઈનું કહેવું એવું છે કે, સરોજકુમારને પરિષદમાંથી કાઢીશું તો પરિષદ બદનામ થશે. એમની પરિષદ જો બદનામ થતી હોય તો આપણામાં અને લઘુમતીમાં ફરક શું? વિશ્વ હિન્દુ પરિષદ, આરએસએસ સહિતના સંગઠનો હિન્દુત્વ અને છેદીકરીઓ માટે જ કામ કરે છે, તો આવી હલકી માનસિકતા વાળાને કાઢવાની ફરજ આપણી બને છે. આમાં કાયદાકીય એક્શન અને બેનની સેફ્ટી માટે અમે એવું કહ્યું છે કે, સરોજકુમાર શુક્લાનું રાજીનામું લ્યો અને બેનની સેફ્ટી માટે સરોજકુમાર શુક્લા પાસેથી એક લખાણ આપો કે આમને કંઈ પણ થશે તો જવાબદારી સરોજકુમાર શુક્લાની રહેશે. આ બેનની માફી માગો કેમ કે તમે એમની જોડે ખોટું કર્યું છે.

આમાં સંગઠનના લોકોનું કહેવું છે કે, માફી માંગવાની થતી નથી. બીજું કોઈ રાજીનામું નહીં આપે અને કોઈ લેખિતમાં નહીં આપે. પણ આજે અમે લેખિતમાં ન લઈએ અને કાલે આ બેનને અથવા એવિડન્સ આપનારની સેફ્ટીની જવાબદારી કોની રહેશે?

સાબરમતી અને મુઝફ્ફરપુર વચ્ચે ખાસ ભાડા પર અનરિઝર્વ્ડ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવશે

પશ્ચિમ રેલ્વે | અમદાવાદ

પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધા માટે અને દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન વધારાના ધસારાને દૂર કરવા માટે સાબરમતી અને મુઝફ્ફરપુર વચ્ચે ખાસ ભાડા પર અનરિઝર્વ્ડ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવશે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નં. 09473/09474 સાબરમતી-મુઝફ્ફરપુર અનરિઝર્વ્ડ સાપ્તાહિક સ્પેશિયલ (કુલ 4 ટ્રિપ્સ) ટ્રેન નં. 09473 સાબરમતી-મુઝફ્ફરપુર અનરિઝર્વ્ડ સ્પેશિયલ 7 અને 14 નવેમ્બર, 2026 (શનિવાર) ના રોજ સાંજે 6:00 વાગ્યે સાબરમતીથી ઉપડશે અને સોમવારે સવારે 4:30 વાગ્યે મુઝફ્ફરપુર પહોંચશે. એ જ રીતે, ટ્રેન નં. 09474 મુઝફ્ફરપુર-સાબરમતી અનરિઝર્વ્ડ સ્પેશિયલ 9 અને 16 નવેમ્બર, 2026 (સોમવાર) ના રોજ સવારે 07:30 વાગ્યે મુઝફ્ફરપુરથી ઉપડશે અને મંગળવારે સાંજે 17:00 વાગ્યે સાબરમતી પહોંચશે. માર્ગમાં, ટ્રેન કલોલ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ જંક્શન, અજમેર, ફૂલેરા, જયપુર, બાંદિકૂઇ, ભરતપુર, અછનેરા, ઈદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, સુબેદારગંજ, જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી, ઔંધિહાર, બલિયા, ચુરાપુર સ્ટેશન, સુરપુર, બલિયા, સુરપુર સ્ટેશન બંનેમાં થોભશે. દિશાઓ આ ટ્રેન સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ હશે અને ખાસ ભાડા પર ચાલશે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને અન્ય વિગતો વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ડ્રાઇવ-ઇન રોડ પર એક્સિસ બેંકના મેનેજરે દારૂના નશામાં અકસ્માત કર્યો, અડધી દારૂની બોટલ મળી

ગુરુકુળથી દુરદર્શન ચાર રસ્તા સુધી કારચાલકે એક્ટિવાને ઢસડ્યું

(એજન્સી) અમદાવાદ । તા. 05



અમદાવાદ | અમદાવાદના નિકોલમાં દારૂના નશામાં કાર ચલાવીને ત્રણને મોતને ઘાટ ઉતારવાની ઘટનાના ચાર દિવસ બાદ વધુ એક કારચાલકે નશામાં અકસ્માત કર્યો છે. શહેરના ડ્રાઇવ-ઈન રોડ પર ગુરુકુળ ચાર રસ્તા પાસે એક્સિસ બેંકના મેનેજર પીધેલી હાલતમાં કાર ચલાવી ગુરુકુળ પાસે એક્ટિવાને અડફેટે લઈ ગુરુકુળ રોડથી દુરદર્શન ચાર રસ્તા સુધી ઘસડીને લઈ ગયો હતો. સ્થાનિક લોકોએ કારચાલકને પકડીને પોલીસને હવાલે કર્યો હતો. વસ્ત્રાપુર પોલીસે ડ્રિંક એન્ડ ડ્રાઇવનો ગુનો નોંધી આરોપી બેંક મેનેજરની ધરપકડ કરી છે.

શહેરના વસ્ત્રાપુર વિસ્તારના ડ્રાઇવ-ઈન રોડ પર દારૂના નશામાં એક્સિસ બેંકના મેનેજર મીહિર નિરંજન શર્માએ બેફામ સ્પીડે કાર ચલાવી ગુરુકુળ રોડ પર એક એક્ટિવા ચાલકને ટક્કર મારી હતી, જેના કારણે એક્ટિવા ચાલક નીચે પટકાયો હતો. જોકે, એક્ટિવા કારના આગળના ભાગે ફસાઈ ગયું હતું અને કારચાલકે કાર ઊભી રાખવાની જગ્યાએ ભગાવી હતી.

ગુરુકુળ રોડથી એક કિલોમીટર દૂર દુરદર્શન ચાર રસ્તા સુધી બેંક મેનેજર એક્ટિવાને ઘસેડીને લઈ ગયો હતો. આ સમયે સ્થાનિક લોકોએ તેને પકડી પાડ્યો હતો. લોકોએ તેને પકડીને બહાર કાઢ્યો ત્યારે દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. આ બાબતે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસને તેની પાસેથી એક અડધી ભરેલી દારૂની બોટલ પણ મળી આવી હતી. આ સમગ્ર મામલે વસ્ત્રાપુર પોલીસ દ્વારા મિહિર શર્મા વિરુદ્ધ ડ્રિંક એન્ડ ડ્રાઇવ અને દારૂ રાખવા અંગેનો ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

એ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના PI એ.બી મોરીએ જણાવ્યું કે, આ અકસ્માત મારા ધ્યાને આવ્યો નથી. અકસ્માત બાદ જો હોસ્પિટલમાં દાખલ થયો હશે તો વર્ધી મળતાં પોલીસ દ્વારા જઈને કાર્યવાહી કરવામાં આવી હશે. છતાં આ બાબતે હું તપાસ કરી લઉં છું.

એક હાથમાં ફોર્ચ્યુનરનું સ્ટીયરિંગ ને બીજા હાથથી બિયર પીધું હતું, અમદાવાદમાં ફોર્ચ્યુનરથી કચડવાના કેસમાં વધુ એક મહિલાનું મોત અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલી અક્ષર હોસ્પિટલ અને દેવસ્ય સ્કૂલ નજીક 2 નવેમ્બરની રાત્રે આશરે 9.30થી 9.45 વાગ્યાના અરસામાં બેફામ સ્પીડે આવેલી લક્ઝુરિયસ ફોર્ચ્યુનર કારે ફૂટપાથ પર બે મહિલા સહિત ચાર લોકોને અડફેટે લીધા હતાં. કારની જોરદાર ટક્કર બાદ એક યુવક કારના બોનેટ અને દિવાલ વચ્ચે ભીંસાઈ જતા હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. આ ઘટનામાં ત્રણ લોકોના મોત થયાં હતાં. મૃતકના મામાએ કહ્યું કે, વિરલને ફાંસી થવી જોઈએ.

અમદાવાદ મંડળ દ્વારા ડિજિટલ જીવન પ્રમાણપત્ર અભિયાન 5.0 હેઠળ વિશેષ શિબિરનું આયોજન





(એજન્સી) અમદાવાદ | તા. 06

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ડિજિટલ જીવન પ્રમાણપત્ર (DLC) અભિયાન 5.0 હેઠળ રેલવે પેન્શનર્સની સુવિધા અને કલ્યાણને ધ્યાનમાં રાખતાં સાબરમતી ખાતે આવેલ કોમ્યુનિટી હૉલમાં એક વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ શિબિરનો ઉદ્દેશ રેલવે પેન્શનર્સને ડિજિટલ જીવન પ્રમાણપત્ર બનાવવાની પ્રક્રિયામાં સહાયતા આપવાનો તથા તેમને સરળ અને સુવિધાજનક સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો હતો.આ અભિયાન હેઠળ વયોવૃદ્ધ અને અસ્વસ્થ પેન્શનર્સ પ્રત્યે સંવેદનશીલતા અને સન્માન પ્રદર્શિત કરતાં અમદાવાદ મંડળના પેન્શન સેક્શનના કર્મચારીઓએ એક પ્રશંસનીય પહેલ કરી. 84 વર્ષના વયોવૃદ્ધ રેલવે પેન્શનર શ્રી શિવચરણ ઝા, નિવૃત્ત સિનિયર સેક્શન એન્જિનિયર વટવા, જે અસ્વસ્થતાને લીધે પથારી પર છે, તેમના નિવાસ સ્થાને જઈને તેમનુ ડિજિટલ જીવન પ્રમાણપત્ર (Life Certificate) તૈયાર કરવામાં આવ્યું.આ પહેલનો મુખ્ય ઉદ્દેશ એવા વયોવૃદ્ધ અને અસ્વસ્થ પેન્શનર્સને ઘર પર જ ડિજિટલ જીવન પ્રમાણપત્રની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે, જે વધતી ઉંમર અથવા સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓને કારણે રેલવે કાર્યાલય અથવા શિબિર સુધી પહોંચવામાં અસમર્થ છે. આનાથી તેમને જીવન પ્રમાણપત્ર જમા કરાવવા માટે યાત્રા કરવાની અસુવિધાથી બચાવી શકાય છે.અમદાવાદ મંડળની અ પહેલ વયોવૃદ્ધ રેલવે પેન્શનર્સ પ્રત્યે સંવેદનશીલતા, સન્માન અને સેવા ભાવનાની પરિચાયક છે. મંડળ રેલવે પેન્શનર્સના કલ્યાણ અને તેમને ઉત્તમ અને સુવિધાજનક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે હંમેશા પ્રતિબદ્ધ છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...